વર્ષ : 4 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2014
સળંગ અંક : 19

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

### ગાંધીનિર્વાણ દિને

જે કાળ શા પ્હોળાઈને પથરાયલા પોતે હતા !
તે સમેટાઈ હવે ‘ક્ષણ’ ! બે મિનિટનું મૌન !

જે કાળ કેરો સાંઢ શૃંગેથી ગ્રહી હાંકી ગયા,
તે આટલે વર્ષે હવે ખુદ બે મિનિટનું મૌન !

એ કેટલી મોટી હતી ઘટના ઘટી ઇતિહાસમાં,
એ સ્વયં ઇતિહાસ-પાને, બે મિનિટનું મૌન !

એ પ્હાડના જેવું ઊંચું, અંજાણ્યું પ્હોળું પ્રાણી કો,
તે સોયના નાંકેથી સરકે ! બે મિનિટનું મૌન !

કાળમાં ભરતી ચઢી કેવી હતી, ત્યારે અહો !
તે ઓટમાં ઓટાઈ થૈ લ્યો, બે મિનિટનું મૌન !

તે ત્રીસમી આજે હતી, અગ્યાર વાગ્યાનો સમય
ક્યારે ગયો વીતી, ન યાદે, બે મિનિટનું મૌન !

તે પછી તો કાળમોજાં કેટલાં ઉપરા’પરી
બે મિનિટ ગુજર્યાં ઉપર લ્યો, બે મિનિટનું મૌન !

‘ઉશનસ્’





તા. ૧ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ આયોજિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ' એનાયત સમારોહ પ્રસંગે સન્માનનીય મહેમાનશ્રીઓના આગમનનું એક દ્રશ્ય.

'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ' એનાયત સમારોહ પ્રસંગે શ્રી મોહનલાલ પટેલ કૃત **'ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલની જીવનકથા'** અને **'પ્રજ્ઞાદીપ છગનભા'**ના ડૉ. નીલા શાહ કૃત અંગ્રેજી અનુવાદ **'Chhaganabha : Pole Star of Wisdom'**નું વિમોચન કરી રહેલા મંચસ્થ મહાનુભાવો.







'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ' એનાયત સમારોહ પ્રસંગે ઉદ્‌બોધન કરી રહેલા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૪, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૪; સળંગ અંક : ૧૯

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : શહીદ દિન ૧
- પ્રાસંગિક ૩
  - 'પદ્મ'થી વિભૂષિત ગુજરાતના ગૌરવવંતા કર્મશીલો
  - સાહિત્ય અકાદેમી (નવી દિલ્હી) એવૉર્ડ્ઝ
  - વેસ્ટ ઝોન વાઈસચાન્સેલર્સ કોન્ફરન્સ
  - 'માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ' સમારોહ
  - કમળા અમૃત Toy House
  - સતીશ પટેલ : I. A. S. નોમિનેશન

૧. શીલભદ્ર સારસ્વતની વિદાય — ડૉ. કુમારપાળ દેસાઈ ૧૩

૨. મહાત્મા ગાંધી : અંતિમ દિવસ અને પછી... — પ્યારેલાલ ૧૬

૩. Then, no money to eat Now, no time to eat — પ્રહ્લાદભાઈ છ. પટેલ ૨૫

૪. સેવા અને નિષ્ઠાનું ધરુવાડિયું — મનુભાઈ જે. પટેલ ૨૬

૫. ઠેરના ઠેર : મોચીના મોચી — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૮

૬. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૧
  - શિક્ષણની માવજત
  - હોમી જહાંગીર ભાભા

૭. સંસ્થા સમાચાર ૩૬
  - યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
  - શાળા વિભાગ


## સંપાદકીય

### શહીદ દિન

૩૦ જાન્યુઆરી, શહીદ દિન. ૩૦, જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ એક ઝનૂની વ્યક્તિએ મહાત્મા ગાંધીની હત્યા કરી હતી. પૂજ્ય બાપુની અને રાષ્ટ્રની આઝાદીના જંગમાં સ્વેચ્છાએ પ્રાણોની આહુતિ આપનાર સૌ રાષ્ટ્રભક્તોની શહાદતની સ્મૃતિમાં ૩૦ જાન્યુઆરી 'શહીદ દિન' તરીકે મનાવવામાં આવે છે. આ દિને રાજઘાટ – મહાત્મા ગાંધીની સમાધિ સ્થળે સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવે છે, તેમજ સવારે ૧૧ કલાકે બે મિનિટનું મૌન પાળવામાં આવે છે. આ પ્રસંગે રાષ્ટ્રનાં કર્ણધારો, ગાંધીજનો વગેરે હાજરી આપે છે. આમ તો સમગ્ર રાષ્ટ્રના મુખ્ય નગરોમાં સાયરન વગાડીને બે મિનિટના મૌન માટે જાહેર જનતાને પણ સૂચિત કરવાની પ્રથા છે. પરંતુ કાળના પ્રવાહમાં આ પ્રથા પ્રાયઃ વિલુપ્ત થઈ ગઈ છે. જોકે દિલ્હીમાં આ સમયે જાહેરમાર્ગો ઉપરના વાહનચાલકો પણ બે મિનિટ માટે ગતિ થંભાવી દે છે. કવિ ઉશનસે 'ગાંધી નિર્વાણ દિને' કવિતામાં આપણી માનસિકતા સામે કરારો ઘા કરતાં વ્યથિત સ્વરે નોંધ્યું છે કે –

**"જે કાળ શા પ્હોળાઈને પથરાયેલા પોતે હતા !"**
**તે સમેટાઈ હવે 'ક્ષણ' ! બે મિનિટનું મૌન !**

. . .

**તે ત્રીસમી આજે હતી, અગ્યાર વાગ્યાનો સમય**
**ક્યારે ગયો વીતી, ન યાદે, બે મિનિટનું મૌન !"**

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫ ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૯૦૧૨૭૩૮૩૬

રાષ્ટ્રકાજે પૂ. બાપુએ અને અન્ય હજારો રાષ્ટ્રભક્તોએ ત્યાગ અને સમર્પણની ભાવના સાથે સર્વસ્વ ન્યોચ્છાવર કરીને પોતાનાં પ્રાણોનાં બલિદાન આપ્યાં હતાં. જો કે આજે તે પ્રકારનાં બલિદાનોની જરૂર કે નથી તે પ્રકારની યાતનાઓ વેઠવાની. આજે જરૂર છે તેમનાં આદર્શો અને કાર્યો આપણો જીવનમંત્ર બનાવવાની, પરંતુ આપણે તેમને વિસ્મરીત કરતા જઈએ છીએ – કૃતજ્ઞના સ્થાને કૃતઘ્ન થતા જઈએ છીએ. આજે, રાષ્ટ્રમાં ઘર કરી ગયેલ ભ્રષ્ટાચાર, જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ, રાજકીય નેતાઓનો ભ્રષ્ટ વાણીવિલાસ અને તેમનાં કરતૂતો વગેરેની સામે જાગવાની-અવાજ ઉઠાવવાની જરૂર છે. આ ઉપરાંત અમેરિકા જેવી મહાસત્તાઓ સાથે થતા કેટલાક કરારો કે જે લાંબા ગાળે રાષ્ટ્ર માટે વિઘાતક પુરવાર થવાની ભીતી હોવા છતાં રાજકીય લાભો ખાતર કરવામાં આવી રહ્યા છે તે સામે પ્રજામત કેળવવાની જરૂરત છે. ઉદા. તરીકે અમેરિકા સાથેનો ૨૦૦૮નો ઊર્જા પરમાણુ કરાર. ભારતમાં ઊર્જા ઉત્પન્ન કરવા માટે કુદરતી સ્રોતોની બહુલતા હોવા છતાં આ પ્રકારના કરારોની જરૂરિયાત રહેતી નથી. આ કરાર સંદર્ભે પ્રો. પ્રહ્‌લાદભાઈ પટેલનું નિર્ભીક મંતવ્ય – ''અમેરિકાના ભારત ખાતેના રાજદૂત ડેવિડ મુલ્ફોર્ડ અને સેક્રેટરી ઑફ સ્ટેટ રાઇસ કોન્ડોલીસાનાં નિવેદનો સ્વયંસ્પષ્ટ છે...આટલી હકીકત આપણા કરારકર્તા (રાજકારણી)ઓને નહીં સમજાતી હોય ? કોઈ પણ ગર્ભિત કારણસર તેઓ હકીકતને નજરઅંદાજ કરી રહ્યા છે. બની શકે કે ક્યારેક 'પરમાણુ – કરારો' બોફોર્સ સ્વરૂપે બહાર આવે તો નવાઈ નહીં'' ધ્યાનાર્હ બની રહે છે.

આપણાં તીર્થરૂપ શિક્ષણસ્થાનોને કેટલાક અપવાદો બાદ કરતાં આર્થિક ઉપાર્જનનું એક પ્રબળ માધ્યમ બનાવવામાં આવી રહ્યું છે તે અને તેમાંય ભારે મસ મોટો નફો રળી લેવાની વૃત્તિની સામે અપેક્ષિત ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ શિક્ષણરૂપી વળતર આપવાનું પ્રમાણ નહિવત્ ! આજે કહેવાતી ડે સ્કૂલો કે જુનિયર કૉલેજો વગેરે ટ્યૂશન કલાસિસ તરીકે ધમધમી રહી છે. પ્રાઇવેટ ટ્રસ્ટો સંચાલિત કેટલીક કૉલેજો અને યુનિવર્સિટીઓની સ્થિતિ પણ ચિંતાકારક જ છે. અહીં શિક્ષકો, અન્ય કર્મચારીઓ અને વિદ્યાર્થીઓનું સરેઆમ શોષણ થઈ રહ્યું છે. તીર્થક્ષેત્રોની પવિત્રતા જાળવવા માટે **સ્કંદપુરાણ**માં કહેવાયેલું સંસ્કૃત સુભાષિત – **"अन्यक्षेत्रे कृतं पापम्, तीर्थ(पुण्य)क्षेत्रे विनष्यति, तीर्थक्षेत्रे कृतं पापम् वज्रलेपो भविष्यति"**નું હાર્દ ધ્યાને લઈ આપણાં શિક્ષણધામો – આધુનિક તીર્થધામો હોઈ, તેની પવિત્રતા જાળવવા આપણે કૃતસંકલ્પ થવાની જરૂરત છે. આજના સમયની આ માંગ છે. આપણે સૌએ સાથે મળીને ઉત્તરદાયિત્વ નિભાવવાની જરૂરત છે. આમ છતાં શિક્ષક – અધ્યાપક રાષ્ટ્રવિધાયક છે, તેના માથે વિશેષ જવાબદારી છે. આપણા રાષ્ટ્રમાં અનેક રોલમોડેલ શિક્ષકો થઈ ગયા છે. અરે, આપણી સંસ્થામાં જ શ્રી નાથાભાઈ દેસાઈ, શ્રી મોહનલાલ પટેલ અને શ્રી મનુભાઈ પટેલે યુનિવર્સિટીના કુલપતિપદને શોભાવે તેવા મૂઠી ઊંચેરા રોલ મોડેલ આચાર્ય તરીકે – ખરા અર્થમાં આચારવાન આચાર્ય તરીકેની સેવાઓ આપી ચૂક્યા છે. આપણી શાળામાં તેમની ઉપસ્થિતિ માટે આજે પણ આપણે ગર્વ અનુભવીએ છીએ. આવું જ એક ધ્રુવતારક સમાન નામ છે હિંમત હાઈસ્કૂલ, હિંમતનગરના સેવાનિવૃત્ત આચાર્યશ્રી નર્મદ ત્રિવેદીનું કે જેમણે યુવાન વયે માઝૂમ (નદી)ની સાક્ષીએ પાંચ પ્રતિજ્ઞાઓ લીધી હતી – ૧. હંમેશાં ખાદી પહેરીશ, ૨. પ્રામાણિકપણે જીવન જીવીશ, ૩. કોઈ રાજકીય કે રાષ્ટ્રીય માન-મરતબો, એવોર્ડ સ્વીકારીશ નહીં. ૪. કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાઈશ નહીં અને ૫. મારી શક્તિ - સેવા મારી આ ભોમ (નેટિવ ડિસ્ટ્રિક્ટ)માં જ ખર્ચીશ, પૂર્ણ કરીશ – જે અનેક પ્રલોભનોનો ત્યાગ કરીને ચરિતાર્થ કરી બતાવી. શિક્ષણ ખાતાએ શ્રેષ્ઠ શિક્ષક – આચાર્યના એવોર્ડ માટે પ્રસ્તાવ મોકલી આપવા અનેક વાર આગ્રહ કરવા છતાં પોતાના સંકલ્પમાં અડગ રહ્યા. ઉપરાંત ચારિત્ર્ય, પ્રતિબદ્ધતા, આત્મવિશ્વાસ નમ્રતા અને હિંમતના ગુણોના સાંગોપાંગ પાલન સામે પોતાની ફરજો નિભાવતા રહ્યા હતા. આજે રાષ્ટ્રને આવા ખમીરવંતા શિક્ષકો – આચાર્યોની જરૂરત છે. આપણે સૌએ તેમનાં કાર્યોમાંથી પ્રેરણા લેવાની છે. તેમનાં આદર્શો અને કાર્યો રાષ્ટ્ર કાજે આપણો ધર્મ બની રહો તે જ શહીદોને સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે !

**મણિભાઈ પ્રજાપતિ**

# પ્રાસંગિક

## 'પદ્મ'થી વિભૂષિત ગુજરાતના ગૌરવવંતા કર્મશીલો



### ડૉ. ધીરુભાઈ ઠાકર

ગુજરાત અને ગુજરાતી ભાષાને 'ગુજરાતી વિશ્વકોશ'નું દૃષ્ટિપૂત સંપાદન કરી આપીને વિશ્વકોશ સાહિત્યમાં અદકેરું સ્થાન પ્રસ્થાપિત કરી આપનાર ગુરુઓના ગુરુ એવા આપણા પ્રથિતયશ વિવેચક, સંશોધક, નાટ્યવિદ્, ચરિત્રકાર તથા ગુજરાતી સાહિત્યના ઇતિહાસકાર સ્વ. ધીરુભાઈ ઠાકરનો જન્મ કોડીનારમાં તા. ૨૭ જૂન, ૧૯૧૮ અને અવસાન અમદાવાદમાં તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ થયું હતું. તેમને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મભૂષણ' એનાયત કરવાની જાહેરાત તેમના અવસાનના એક દિવસ બાદ અર્થાત્ આપણા ૬૫મા પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ કરવામાં આવી હતી. આ યશોદાયી અને ગૌરવપૂર્ણ સમાચારના આનંદની સાથે આ નિર્ણય ઘણો મોડો લેવાયો તેનું આપણને દુઃખ છે. સ્વ. ધીરુભાઈએ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજ અને ગુજરાત કૉલેજમાં સેવાઓ આપ્યા બાદ ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં નવી સ્થપાયેલ મોડાસા કૉલેજમાં આચાર્ય તરીકેનો કાર્યભાર (૧૯૬૦-૧૯૭૮) સંભાળીને શિક્ષણજગતને આશ્ચર્યમાં મૂકી દીધું હતું. તેમણે અનેકવિધ વિદ્યાકીય પ્રવૃત્તિઓ થકી આ કૉલેજને ગુજરાતના એક પ્રતિષ્ઠિત શિક્ષણધામ તરીકે પ્રસ્થાપિત કરી આપી હતી. નિવૃત્તિબાદ 'ગુજરાતી વિશ્વકોશ'ના મુખ્ય સંપાદકની જવાબદારી સ્વીકારીને આપણને એક રોલ મોડેલ કોશ સુલભ કરી આપ્યો અને સાથે સાથે તેના સંવર્ધનની કામગીરી પણ ચાલુ રાખી. આ ઉપરાંત તેમણે આ કોશકાર્ય માટે વિવિધ વિષયોના નિષ્ણાતો-કર્મયોગી વિદ્યાપુરુષોની ટીમ બનાવીને આ કાર્યના અંતરંગ સહભાગી બનાવ્યા તે તેમની મોટી સિદ્ધિ છે. તેમના વ્યક્તિત્વની અને છલોછલ શિક્ષકત્વની નોંધપાત્ર વિશેષતા એ કે તાજેતરમાં મહારાષ્ટ્ર સરકાર તરફથી તેમને મળેલ 'વીર નર્મદ પુરસ્કાર'ની બધી જ રકમ રૂ. ૫૧,૦૦૦/- લોકમિલાપ ટ્રસ્ટને ગુણવત્તાપૂર્ણ પુસ્તકોના પ્રકાશન માટે સપ્રેમ અર્પણ કરી દીધી.

તેમના નોંધપાત્ર ગ્રંથો પૈકી 'મણિલાલ નભુભાઈ : જીવનરંગ', 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', 'અભિજ્ઞાન', 'શબ્દમાધુરી', 'કેટલાક સાહિત્યિક વિવાદો', 'સ્મરણ માધુરી', 'નાટ્યકળા', 'ગાંધીજી અને પાંચ સાક્ષર', 'સત્યની મુખોમુખ'(અનુવાદ) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. તેઓશ્રી અનેકવિધ પુરસ્કારો ઉદા. તરીકે 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'ગુજરાત સાહિત્ય અકાદમી', 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર', 'ગુજરાત ગૌરવ પુરસ્કાર', 'સારસ્વત ગૌરવ પુરસ્કાર' મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અકાદમી દ્વારા 'વીર નર્મદ પુરસ્કાર', 'ગુજરાત પ્રતિભા એવોર્ડ' વગેરેથી અલંકૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમની ઘણી કૃતિઓ મુંબઈ સરકાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી વગેરે દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા

સ્વ. ધીરુભાઈ ઠાકરને **'પદ્મભૂષણ'** એનાયત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.



## પ્રો. ગુલામ મોહમ્મદ શેખ

પ્રતિભાસંપન્ન ચિત્રકલાવિદ્, કળાના ઇતિહાસકાર અને વિવેચક તથા ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ શ્રી ગુલામ મોહમ્મદ તાજમોહમ્મદ શેખનો જન્મ સુરેન્દ્રનગરમાં તા. ૧૯-૨-૧૯૩૭ના રોજ થયો હતો. તેમણે એમ.એમ. યુનિવર્સિટી ઑફ બરોડામાંથી ફાઈન આર્ટ્સમાં અનુસ્નાતક ડિગ્રી (૧૯૬૧) અને લંડનની રોયલ સ્કૂલ ઑફ આર્ટમાંથી એ.આર.સી.એ (૧૯૬૬)ની ડિગ્રી મેળવેલ છે. તેમણે પોતાની કારકિર્દીનો પ્રારંભ પોતાની માતૃ સંસ્થા વડોદરા યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સમાં વ્યાખ્યાતાથી શરૂ કર્યો હતો અને આ જ વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષપદેથી વર્ષ ૧૯૯૩માં સેવાનિવૃત્ત થયા છે. પ્રો. શેખના ચિત્રોની દેશ-વિદેશમાં પ્રદર્શનીઓ જેમકે દિલ્હીની નેશનલ ગેલેરી ઑફ મોર્ડન આર્ટ, લંડનના વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ, યુએસએના સલેમના પિબોડી ઇસેક્સ મ્યૂઝિયમ, ફોર્થ એશિયન આર્ટ શો, ફુકુઓકા, જાપાન, પેરિસ વગેરેમાં યોજાયેલ છે, જે કલાવિદ્દોના આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. ચિત્રકળા ક્ષેત્રે 'બરોડા સ્કૂલ'ને આગવી ઓળખ અપાવવામાં તેમનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. તેમનાં નોંધપાત્ર પ્રકાશનો પૈકી અથવા (કાવ્યસંગ્રહ), 'અમેરિકન ચિત્રકળા', 'દશ્યકળા', 'Contemporary Art in Baroda' વગેરે સુપ્રસિદ્ધ છે. તેઓશ્રી લલિતકલા અકાદેમી એવોર્ડ, અમદાવાદ, લલિતકલા અકાદેમી એવોર્ડ, નવી દિલ્હી, ભારત સરકાર દ્વારા **'પદ્મશ્રી'** (૧૯૮૩) વગેરે એવોર્ડઝથી વિભૂષિત છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા પ્રો. ગુલામ મોહમ્મદ શેખને **'પદ્મભૂષણ'** એનાયત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.



## શ્રી મથુરભાઈ એમ. સવાણી

સંનિષ્ઠ સામાજિક કાર્યકર શ્રી મથુરભાઈ એમ. સવાણીનું વતન બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાનું ખોપાડા ગામ છે. યુવાવસ્થામાં ધંધાર્થે સુરત પ્રયાણ કર્યું અને સુરતમાં સ્થાઈ થઈને હીરા ઉદ્યોગ ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવવાની સાથે આર્થિક રીતે સમૃદ્ધ થયા. આર્થિક સમૃદ્ધિની સાથે જ હૃદયમાં પડેલી લોકસેવાની ભાવના દ્વિગુણિત ઉત્સાહથી પ્રસ્ફૂટિત થતાંની સાથે જ 'સૌરાષ્ટ્ર જળધારા ટ્રસ્ટ' (૨૦૦૦)ની સ્થાપના કરી. આ ટ્રસ્ટના ઉપક્રમે તેમણે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પાણીની વિકટ સમસ્યાના ઉકેલ અર્થે વરસાદી પાણીના સંગ્રહ, બચાવ અને તેના સુયોગ્ય વપરાશ માટે લોકજાગૃતિ હેતુસર ગામેગામ પદયાત્રા, પ્રદર્શન, ભારે મોટા મેળાવડાઓ, ૫૦ લાખથી અધિક માહિતી પત્રિકાઓનું પ્રકાશન અને વિતરણ તેમજ દશ્ય-

શ્રાવ્ય માધ્યમોનો ભરપૂર ઉપયોગ કર્યો. આ કાર્ય માટે તેમને રાજ્ય સરકાર તરફથી 'સરદાર સહભાગી જળસંચય યોજના' (૮૦ : ૨૦) મંજૂર કરવામાં આવતાં ભારે મોટો સહકાર સાંપડ્યો. આ યોજના અન્વયે ૧ લાખથી અધિક ખેત તલાવડીઓ અને ૧૨૦થી અધિક ચેક ડેમોનું બાંધકામ કરવામાં આવ્યું છે, જેના પરિણામસ્વરૂપે પાણીની તંગી દૂર થવાની સાથે સાથે ખેતી માટે પાણી સુલભ થતાં પાક ઉત્પાદનમાં પણ ઘણો વધારો થતો રહ્યો છે. આ ઉપરાંત સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવાની અને 'બેટી બચાવો', કુદરતી આફતો સામે સહાય વગેરે ક્ષેત્રોની તેમની કામગીરી અદકેરી રહી છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા અદના સમાજસેવક શ્રી મથુરભાઈ સવાણીને **'પદ્મશ્રી'** એનાયત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.



## શ્રી પરેશ રાવલ

સુખ્યાત હિન્દી ફિલ્મ અભિનેતા અને ગુજરાતી નાટ્ય કલાકાર શ્રી પરેશ રાવલ (૧૯૫૦)નું વતન પલિયડ જિ. ગાંધીનગર છે. તેઓશ્રી મુંબઈની વિખ્યાત 'નરસી મોનજી કૉલેજ ઑફ કોમર્સ એન્ડ ઇકોનોમિક્સ'ના સ્નાતક છે. તેમણે ઈ.સ. ૧૯૮૪માં 'હોલી' ફિલ્મમાં ભાગ લઈ ફિલ્મ ક્ષેત્રની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો અને બે જ વર્ષમાં 'નામ' ફિલ્મમાં એક પ્રતિભાસંપન્ન કલાકાર તરીકે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી હતી. કેતન મહેતા દિગ્દર્શિત 'સરદાર' ફિલ્મમાં સરદાર વલ્લભભાઈ પટેલના પાત્રની આબેહૂબ ઉજવણીથી શ્રી પરેશ રાવલે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક અદના કલાકાર તરીકે ખ્યાતિ મેળવી. તેમણે શતાધિક ફિલ્મો જેમકે 'ક્ષણ ક્ષણમાં', 'વોહ છોકરી', 'સર', 'ગોલમાલ', 'હેરા ફેરી', 'ફીર હેરા ફેરી', 'આવારા પાગલ દિવાના', 'ભાગમ ભાગ', 'ભૂલ ભૂલૈયા' વગેરેમાં એક ઉત્કૃષ્ટ કલાકાર તરીકે અહમ્ ભૂમિકા અદા કરી હતી. ફિલ્મોમાં તેઓશ્રી સામાન્યતઃ સહાયક અને ખલનાયક અભિનેતા કે કોમેડિયન તરીકેનો રોલ ભજવે છે. આ ઉપરાંત ટેલિવિઝન દ્વારા પ્રસારિત કેટલીક ધારાવાહિકોમાં પણ તેમણે કામ કર્યું છે. સુખ્યાત અભિનેત્રી સ્વરૂપ સંપત તેમનાં પત્ની છે. શ્રી પરેશ રાવલ 'નેશનલ ફિલ્મ એવોર્ડ'(૧૯૯૪), 'ફિલ્મ ફેર એવોર્ડ'(૧૯૯૩, ૯૫, ૯૬, ૨૦૦૧, ૨૦૦૩), 'સ્ટાર સ્ક્રીન એવોર્ડ'(૧૯૯૬, ૨૦૦૧, ૨૦૦૩), 'આઈઆઈએફએ બેસ્ટ કોમેડિયન એવોર્ડ'(૨૦૦૧), 'ઝી સિનેમા એવોર્ડ'(૨૦૦૩), 'અપ્સરા એવોર્ડ'(૨૦૧૨) વગેરે એવોર્ડઝથી અલંકૃત છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા પ્રતિભાશાળી કલાકારને **'પદ્મશ્રી'** એનાયત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.




## ડૉ. કિરીટકુમાર એમ. આચાર્ય

ડૉ. આચાર્યનો જન્મ તા. ૧૭ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ સાવરકુંડલા (જિ. ભાવનગર)માં થયો

હતો. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી M.D. (Skin & Leprosy)ની ડિગ્રી ૧૯૭૭માં મેળવ્યા બાદ એમ.પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં Skin STD & Leprosy વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે વર્ષ ૧૯૭૭-૨૦૦૮ સેવાઓ આપીને હાલમાં ચર્મરોગ અને રક્તપિત્ત રોગના તજજ્ઞ તરીકે સમાજસેવા કરી રહ્યા છે. તેમણે ૯૦૦ રક્તપિત્ત નિદાન શિબિરોમાં મફત સેવા આપી છે અને ૩૪૦૦૦ રક્તપિત્ત રોગીઓને આ અસહ્ય વ્યાધિમાંથી મુક્તિ અપાવી છે. આ ઉપરાંત આ રોગના ૫૦૦૦થી અધિક દર્દીઓને M.C.R. Shoes પણ પૂરા પાડ્યા છે. તેમની આ ક્ષેત્રની મહામૂલી નિષ્ઠાપૂર્ણ સેવાઓના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ઈ.સ. ૧૯૯૭માં ૧૦,૦૦૦ની વસ્તીએ ૧૧.૯% રક્તપિત્તના દર્દીઓનું પ્રમાણ હતું, જે વર્ષ ૨૦૧૩માં ૦.૧% જેટલું રહ્યું. ડૉ. આચાર્યના પ્રયાસોથી આ બંને પ્રદેશોના ૮ જિલ્લાઓ (૧૨ લાખની વસ્તી)માં આજે એક પણ રક્તપિત્તનો દર્દી નથી. આ તેમની મોટી ઉપલબ્ધિ છે. તેમની સેવાઓને કર્મભૂમિ જામનગરથી શરૂ કરીને રાજ્ય-રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરની ૧૭ જેટલી વિવિધ સંસ્થાઓએ પોતાના બહુમૂલ્ય એવોર્ડ એનાયત કરીને નવાજી છે. આ પૈકી 'વિશ્વ ગુજરાતી એવોર્ડ-૨૦૧૧', 'અશોક ગાંધિયા એવોર્ડ-૨૦૦૪', 'ગવર્નર એવોર્ડ-૨૦૦૨', 'ચીફ મિનિસ્ટર એવોર્ડ ૨૦૦૦ અને ૨૦૦૧', 'ઇન્ટરનેશનલ લેપ્રોસી એવોર્ડ-૧૯૯૬', 'નગર રત્ન એવોર્ડ-૧૯૯૩' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા ડૉ. કિરીટકુમાર આચાર્યને **'પદ્મશ્રી'** એનાયત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ડૉ. કિરણકુમાર

અવકાશ વિજ્ઞાન ક્ષેત્રના દેશના પ્રતિભાસંપન્ન વૈજ્ઞાનિક અને સ્પેસ એપ્લિકેશન સેન્ટર, (SAC) અમદાવાદના ડાયરેક્ટર ડૉ. કિરણકુમાર રીમોટ સેન્સિંગ ઉપગ્રહોના કેમેરા બનાવવાના નિષ્ણાત તરીકે સમગ્ર દેશમાં ખ્યાતિપ્રાપ્ત છે. તેમણે ચંદ્રયાન-૧ના પે-લોડ (ઉપકરણો) બનાવવાની કામગીરી સુપેરે સંપન્ન કરી હતી. પૃથ્વી, સમુદ્ર, હવામાન અને નભોમંડળના અભ્યાસ ક્ષેત્રે પણ તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. અવકાશ ક્ષેત્રના બહુમૂલ્ય પ્રદાનને ધ્યાને લઈ તેઓશ્રીને અનેકવિધ સંસ્થાઓએ તેમના બહુમૂલ્ય એવોર્ડ્ઝથી વિભૂષિત કરેલ છે : Indian Society of Remote Sensing Award (1994), VASWIK Award (1998), Astronautical Society of India Award (2001), Laureats for Team Achievement Award 2008 of the International Academy of Astronautics, and ISRO Performance Excellence Award (2008).



ઉલ્લેખનીય છે કે ડૉ. એ. એસ. કિરણકુમાર બેંગ્લોર યુનિવર્સિટીની B.Sc. (Honours in Physics) અને M.Sc. (Electronics)ની અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગ્લોરની M.Tech (Physical Engineering)ના ડિગ્રી ધરાવે છે. તેઓશ્રી ઇન્ડિયન સ્પેર રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના સ્પેસ એપ્લિકેશન સેન્ટર (અમદાવાદ)માં ઈ.સ. ૧૯૭૫માં જોડાયા હતા. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા ડૉ. કિરણકુમારને **'પદ્મશ્રી'** એનાયત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ડૉ. ગણેશ દેવી

લબ્ધપ્રતિષ્ઠ ચિંતક-વિવેચક-ભાષાવિદ્ અને Unesco, Linguapax Laureate (૨૦૧૧) ડૉ. ગણેશ એન. દેવીએ એમ. એમ. યુનિવર્સિટી ઑફ બરોડાના અંગ્રેજી વિભાગના પ્રોફેસર પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને આદિવાસીઓના ભાષા-સાહિત્યના



અધ્યયન અને અન્ય આનુસંગિક પ્રવૃત્તિઓ માટે આદિવાસી અકાદેમી, તેજગઢ (ગુજરાત)ની સ્થાપના કરીને તેના નિયામક તરીકે સેવાઓ આપી રહ્યા છે. ગ્રિયર્સન બાદ ઘણા લાંબા સમય પછી ભારતીય ભાષાઓના સર્વેક્ષણનો પ્રોજેક્ટ People's Linguistic Survey of India (PLSI) વર્ષ ૨૦૧૩માં સુપેરે સંપન્ન કરેલ છે, જે તેમનું યશોદાયી અને ખૂબ જ મહત્ત્વપૂર્ણ કાર્ય છે. આ સર્વેક્ષણ અંતર્ગત ભારતની જીવંત ૭૮૦ ભાષાઓનું અધ્યયન અને ડોક્યુમેન્ટેશન કરવામાં આવ્યું છે. આ ભાષાઓ પૈકીની ૪૦૦ ભાષાઓનાં વ્યાકરણ અને શબ્દકોશો પણ મેળવી લેવામાં આવ્યાં છે. તેમનું માનવું છે કે 'Let's say a 100 more have been studied before sometimes or the other. So around 300 of these languages have never been studied or documented by anyone outside the community that uses the languages.' આ સર્વેક્ષણની નોંધપાત્ર વિશેષતા એ કે ૧૦,૦૦૦થી ઓછા ભાષકો ધરાવતી ભાષાઓને ભારત સરકારના વસ્તી ગણતરી સર્વેક્ષણો દ્વારા ભાષાઓ તરીકે માન્ય ગણવામાં આવી નથી તેવી બધી ભાષાઓનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૧ના સેન્સસમાં આવી ૧૨૨ ભાષા નોંધવામાં આવી છે.

ડૉ. દેવીની નોંધપાત્ર કૃતિઓ પૈકી Critical Thought (1987), After Amnesia (1992) Of my Heroes (1997) Indian Literary Criticism (2002), Vanprastha વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. તેમની બહુચર્ચિત કૃતિ 'After Amnesia' સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા પુરસ્કૃત છે, જ્યારે મરાઠી કૃતિ 'વાનપ્રસ્થ' ૬ પુરસ્કારો જેમકે 'દુર્ગાભાગવત મેમોરિઅલ એવોર્ડ', 'મહારાષ્ટ્ર ફાઉન્ડેશન એવોર્ડ' વગેરેથી પુરસ્કૃત છે. આ ઉપરાંત તેઓશ્રી લીડ્ઝ યુનિવર્સિટી અને યેલ યુનિવર્સિટીની ફેલોશિપથી અલંકૃત થવા ઉપરાંત 'જવાહરલાલ નહેરૂ ફેલો' (૧૯૯૪-૧૯૯૬) બનવાનું બહુમાન તેમને સાંપડ્યું છે. ઉલ્લેખનીય છે કે ડૉ. દેવીએ શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુર અને લીડ્ઝ યુનિવર્સિટીમાંથી શિક્ષણ મેળવ્યું છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા ડૉ. ગણેશ દેવીને **'પદ્મશ્રી'** એનાયત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

# સાહિત્ય અકાદેમી (નવી દિલ્હી) એવોર્ડ્ઝ

## કવિ ચિનુ મોદી

આપણા પ્રતિભાશાળી કવિ-ગઝલકાર, નાટ્યકાર-નાટ્યવિદ્, નવલકથાકાર અને વિવેચક શ્રી ચિનુ મોદી (૧૯૩૯)ને તેમના ગઝલસંગ્રહ 'ખારાં ઝરણ' અને સમગ્ર કૃતિત્વને ધ્યાને લઈ સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીના વર્ષ ૨૦૧૩ના ગૌરવશીલ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે. આ લબ્ધપ્રતિષ્ઠ સર્જકનું 'અમૃતપર્વ' અમદાવાદ, મહેસાણા વગેરેની સંસ્થાઓએ ભારે ગૌરવપૂર્વક ઊજવ્યું તેની સાથે સાથે સાહિત્ય અકાદેમીએ તેનો બહુમૂલ્ય એવોર્ડ એનાયત કરીને 'અમૃતપર્વ'ને અમૃતમય બનાવી દીધું, જે માટે આપણે ગર્વ અનુભવીએ છીએ. આ પૂર્વે કવિશ્રી 'ગૌરવ પુરસ્કાર', 'ગુજરાત સંગીત નાટક અકાદેમી પુરસ્કાર', 'આદ્ય કવિ નરસિંહ મહેતા એવોર્ડ, જૂનાગઢ (૨૦૦૮)', 'કલાપી એવોર્ડ', (મુંબઈ), ગુજરાત રાજ્ય માહિતી ખાતાનો પુરસ્કાર વગેરેથી અલંકૃત કરવામાં આવ્યા છે. તેમજ તેમની કૃતિઓ 'મેઈકબિલિવ', 'કોલબેલ', 'ઊર્ણનાભ', 'દેશવટો', 'ઇર્શાદગઢ', 'બાહુક', 'નકશામાં નગર', 'તરંગમાલા', 'ભાવચક્ર' વગેરે અનેકવિધ સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે. સર્વ વિદ્યાલય પરિવાર આ સિદ્ધિ બદલ કવિશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ડૉ. શ્રદ્ધા ત્રિવેદી

સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા વર્ષ ૨૦૧૩ના ગુજરાતી બાળ સાહિત્યકારના પુરસ્કારથી જાણીતાં બાળ સાહિત્યકાર તથા બાળ સાહિત્ય વિવેચક ડૉ. શ્રદ્ધા ત્રિવેદી (૧૯૪૮)ને વિભૂષિત કરવામાં આવ્યાં. આ પૂર્વે તેમને 'શ્રી ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક', 'સ્વ. ફેની રતન માર્શલ ચંદ્રક', 'કવિ ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક' વગેરે પુરસ્કારો એનાયત કરવામાં આવેલા છે. આ ઉપરાંત તેમની ઘણી કૃતિઓ જેમકે 'રામપુરમાં સૂર્યોદય', 'છમ્મક છલ્લો', 'બાલકથા સ્વરૂપ અને તેના પ્રકારો', 'ચાલો રમીએ', 'દુર્ગાનો દીપક', 'બીરબલ', 'બંધ ઓરડાની ભીતરમાં' વગેરે કૃતિઓ ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદેમી વગેરે સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ સર્વ વિદ્યાલય પરિવાર તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ડૉ. અશોક ચાવડા (૧૯૭૮)

સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા કવિ, વિવેચક, સંશોધક, અનુવાદક, સંપાદક ડૉ. અશોક ચાવડા 'બેદિલ'ને તેમના કાવ્યસંગ્રહ 'ડાળખીથી સાવ છૂટાં' કાવ્યસંગ્રહ માટે 'યુવા પુરસ્કાર-૨૦૧૩'થી પુરસ્કૃત કરવામાં આવ્યા છે. તેમના ૫ કાવ્યસંગ્રહો - 'પગલાં તળાવમાં', 'તું કહું કે તમે', 'ડાળખીથી સાવ છૂટાં' વગેરે તથા વિવેચનગ્રંથો-'શબ્દોદય' અને 'ગઝલગોષ્ઠિ : ગઝલનું સરળ છંદશાસ્ત્ર', 'ગુજરાતની દલિત કવિતાનો ઉદ્ભવ અને વિકાસ', 'ગુજરાતના દલિત પત્રકારત્વની વિકાસયાત્રા' વગેરે પ્રકાશિત થયા છે. આ ઉપરાંત દૂરદર્શન માટે 'સાબરમતી આશ્રમ', 'ગ્રામદક્ષિણામૂર્તિ', 'ગૂજરાત વિદ્યાપીઠ' વગેરે વિશે દસ્તાવેજી ફિલ્મ લેખન સ્ક્રિપ્ટ લેખન કાર્ય પણ કર્યું છે. તેમના બહુઆયામી પ્રદાનને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા 'દાસી જીવણ એવોર્ડ-૨૦૧૩' અને 'યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૧૨'થી અલંકૃત કરવામાં આવ્યા છે. તેઓશ્રી હાલમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરમાં માહિતી અને જનસંપર્ક અધિકારી તરીકે સેવાઓ આપી રહ્યા છે. કેન્દ્રિય સાહિત્ય અકાદેમી દ્વારા પુરસ્કૃત થવા બદલ સર્વ વિદ્યાલય પરિવાર ડૉ. અશોકભાઈને હાર્દિક અભિનંદન પાઠવે છે.

# વેસ્ટ ઝોન વાઈસચાન્સેલર્સ કોન્ફરન્સ

એસોસિએશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (A.I.U.), નવી દિલ્હીના ઉપક્રમે પશ્ચિમ ભારતની યુનિવર્સિટીઓના કુલપતિઓની કોન્ફરન્સનું આયોજન કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા તા. ૨૩-૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ના દિવસોમાં ગાંધીનગરમાં સ્થિત કેમ્બે હોટલમાં કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સના અધ્યક્ષપદે A.I.U.ના પ્રેસિડેન્ટ પ્રો. રાજેન્દ્ર બી. લાલ, મુખ્ય મહેમાન તરીકે ડૉ. જયંતી રવિ (કમિશ્નર, ટેક્નિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય) અને સન્માનનીય અતિથિશ્રીઓ તરીકે ડૉ. કનુભાઈ પટેલ (પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર) અને ડૉ. નરેન્દ્ર ભંડારી (સિનિયર પ્રોફેસર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર અને ભગવદગીતાના આકંઠ અભ્યાસુ પ્રો. ડી. ટી. કાપડિયાએ આમંત્રિતોનું સ્વાગત કરીને કડી સર્વ વિશ્વવિદ્યાલયની વિકાસગાથાની ઝલક પ્રસ્તુત કરતાં વિશ્વવિદ્યાલયની નોંધપાત્ર ઉપલબ્ધિઓ અને પ્રવૃત્તિઓ જેમકે સંશોધન પ્રવૃત્તિઓ, વિસ્તરણ કાર્યક્રમો, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, આંગણવાડીઓ દત્તક લઈ નાનાં ભૂલકાંને પોષણક્ષમ આહાર પૂરો પાડવો, મેરિટ સ્કોલરશિપ યોજના, આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવી, અભ્યાસ દરમિયાન કમાવાની તકો પૂરી પાડવી વગેરે દર્શાવી હતી. આ ઉપરાંત વધુમાં તેમણે જણાવ્યું હતું કે વિશ્વવિદ્યાલયનું ધ્યેય ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પૂરું પાડવાની સાથે સાથે સમાજને જવાબદાર એવા નાગરિકોનું ઘડતરનું પણ રહ્યું છે. ડૉ. કનુભાઈ પટેલે તેમને પ્રસંગોચિત ઉદ્બોધનમાં શિક્ષણને માનવજીવનની આધારશિલા ગણાવીને કડી સર્વ વિશ્વવિદ્યાલય પૂ. છગનભા પ્રદત્ત જીવનમંત્ર 'કર ભલા હોગા ભલા'ને કેન્દ્રમાં રાખીને ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ શિક્ષણ તેમજ વિદ્યાર્થીઓના બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ

માટે પ્રતિબદ્ધ છે તેમ જણાવ્યું હતું.

ચાવીરૂપ વ્યાખ્યાનમાં પ્રો. ભંડારીએ વિજ્ઞાન ક્ષેત્રે સંશોધનની વિપુલ તકો દર્શાવીને આ ક્ષેત્રની ૪ સમસ્યાઓ-બૌદ્ધિક ક્ષમતા, પરંપરા, નાણાકીય ભંડોળ અને મેનેજમેન્ટની ક્ષમતાઓ અને ત્રુટિઓ વિશે વિસ્તારથી ચર્ચા કરતાં જણાવ્યું હતું કે આ પ્રશ્નોને ઉકેલી શકાય તો ભૂતકાળમાં મેળવેલ ભવ્ય સફળતાઓ આજે પણ હાંસલ કરી શકીએ તેમ છીએ. વધુમાં તેમણે સંશોધન માટે વધુ તકો ઉપલબ્ધ કરાવવા માટે નવપ્રસ્થાનકારક ભાભા મોડેલ અને ભટનાગર મોડેલ અપનાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. મુખ્ય મહેમાન ડૉ. જયંતી રવિએ 'Rejuvenating Higher Education in India : Challenges and Road Ahead' વિશે બોલતાં ભારતમાં ઉચ્ચશિક્ષણની પ્રાચીનકાળથી વિકાસગાથાની ઝલક પ્રસ્તુત કરીને આજના ઉચ્ચશિક્ષણની ત્રણ સમસ્યાઓ વિદ્યાર્થીઓની સંખ્યા, શ્રેષ્ઠતા અને સમાનતા જણાવી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે વિદ્યાર્થી સંખ્યામાં આપણી સ્થિતિ સુધરી છે, પરંતુ આપણા માટે મોટો પડકાર છે રોજગારીની તકો, માળખાગત સુવિધાઓ અને શિક્ષકોની ગુણવત્તા. સમાનતા માટે આપણે હજી તવંગર અને ગરીબ, ગ્રામ્ય અને શહેરી, જાતિ અને વર્ગ વચ્ચેની ભેદ રેખા તોડવાની છે. ઉચ્ચશિક્ષણનો મૂળભૂત હેતુ આર્થિક વિકાસ, સામાજિક સમરસતા અને જ્ઞાનસમૃદ્ધ સમાજની રચનાનો રહ્યો છે. અને આ ધ્યેયોની પૂર્તિ માટે આપણે શિક્ષણ પ્રશિક્ષણ, સંશોધનમાં પહેલ, માપન અને મૂલ્યાંકન, આંતરરાષ્ટ્રીયકરણ, ઉદ્યોગગૃહો અને શિક્ષણસંસ્થાઓ વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરવો, બહુવિદ્યાશાખાકીય સંશોધન યુનિવર્સિટીઓ વગેરે સંદર્ભે ધ્યાન આપવું પડશે. વધુમાં તેમણે સ્વતંત્રતા, સમાનતા અને સમૃદ્ધિ માટે કાર્યરત સમૃદ્ધ અને શક્તિશાળી જ્ઞાન સમાજ તરીકે ઊભરી આવવા કૃતનિશ્ચયી બની રહેવા અનુરોધ કર્યો હતો.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ડૉ. લાલે પ્રવર્તમાન સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં ભારતીય યુનિવર્સિટીઓના ઝડપી વિકાસ માટે બૌદ્ધિક ક્ષમતા-કેળવવા અને પ્રાપ્ત જ્ઞાનને એકબીજા વચ્ચે વહેંચવા ઉપર ભાર મૂકતાં જણાવ્યું હતું કે શિક્ષકોની નિમણૂંક સમગ્ર રાષ્ટ્રમાંથી અણીશુદ્ધ પારદર્શિતા સાથે કરવી જોઈએ અને અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિનિમય કાર્યક્રમ અપનાવવો જોઈએ. વિશ્વવિદ્યાલય એ કદાપિ પ્રાદેશિક સંપત્તિ નથી, તેની તો સમગ્ર વિશ્વની જવાબદારી છે. યુનિવર્સિટીઓની સ્થાપના રાજ્યે પોતાના રાજ્યમાં કરવી જોઈએ, પરંતુ તેની માલિકી સમગ્ર માનવજાતિની હોવી જોઈએ અને તેનો લાભ સૌને મળવો જોઈએ. તેમણે ઉચ્ચશિક્ષણમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે યુનિવર્સિટીઓની સ્વાયત્તતા સાથે સાથે શૈક્ષણિક સ્વાયત્તતા ઉપર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત તેમણે ગુજરાતના સહકારી અભિગમને આવકારીને તે મોડેલ ઉચ્ચશિક્ષણમાં અપનાવી તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો, તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઉચ્ચગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને ચારિત્ર્યનિર્માણના ધ્યેયને બિરદાવીને વિશ્વવિદ્યાલયના સંવાહકોને તેના સાંગોપાંગ નિર્વહણ માટે અભિનંદન પાઠવ્યા હતા તથા ડૉ. જયંતી રવિની ઉચ્ચશિક્ષણમાં પહેલવૃત્તિ અપનાવવાના પ્રયાસો અને કૃતસંકલ્પને આવકારીને મુક્ત કંઠે સરાહના કરી હતી. ઉદ્‌ઘાટન સમારોહના અંતમાં AIUના જનરલ સેક્રેટરી પ્રો. સેમ્પસન ડેવિડે આભારવિધિ કરી હતી.

કોન્ફરન્સના સમાપન સમારોહની અધ્યક્ષતા કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ કરી હતી. આ પ્રસંગે A.I.U.ના જનરલ સેક્રેટરી પ્રો. ડી. એચ. ચૌહાણે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે થઈ રહેલાં પરિવર્તનોને ધ્યાને લઈ કુલપતિઓ માટે પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવાની જરૂરિયાત ઉપર ભાર મૂકીને 'સૌ માટે શિક્ષણ' એ વિશ્વવિદ્યાલયોનો ધ્યાનમંત્ર બની રહેવો જોઈએ તેમ જણાવ્યું હતું. અંતમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી એસ. કે. મંત્રાલાએ પ્રસ્તુત કોન્ફરન્સના આયોજનમાં સહાયરૂપ નીવડનાર સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ કોન્ફરન્સના થીમને કેન્દ્રમાં રાખીને ઉચ્ચશિક્ષણના પ્રશ્નો, સંશોધન, દૂરવર્તી શિક્ષણ, મૂલ્યાંકન, કાર્યકુશળતા વિકાસ, કોમ્યુનિટી કૉલેજો વગેરે અંગે શોધપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ

કોન્ફરન્સમાં ગુજરાતની યુનિવર્સિટીઓ પૈકી ગણપત યુનિવર્સિટી, (ખેરવા-મહેસાણા)ના ડાયરેક્ટર ડૉ. એલ. એન. પટેલે પ્રથમ બેઠકની અધ્યક્ષતા કરી હતી. તેમણે ગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને રોજગારી વચ્ચે સુયોગ્ય સંબંધની જરૂરિયાત ઉપર તેમજ શિક્ષણનો વિસ્તાર વધવાની સાથે સાથે તેની પેદાશ ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ હોવી જોઈએ તેના ઉપર ભાર મૂકીને જણાવ્યું હતું કે સમયનાં વહેણો સાથે સુધારાઓનો શિક્ષણક્ષેત્રમાં કડકાઈપૂર્ણ અમલ અને ગુણવત્તાશીલ પેદાશ એ આજના સમયની તાતી જરૂરિયાત છે, તેમજ યુનિવર્સિટીઓના શિક્ષકોએ અધ્યાપન અને સંશોધન એમ ઉભય ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદાન કરવા કટિબદ્ધ બની રહેવું જોઈએ. સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢે બીજી બેઠકમાં ઉચ્ચશિક્ષણમાં સંશોધનના ફાળા વિશે શોધપત્ર રજૂ કર્યું હતું. ચતુર્થ બેઠકમાં ડૉ. મૃગેન ધોળકિયા (Joint CEO, ગુજરાત નોલેજ સોસાયટી, ગાંધીનગર)એ Role of Skill Development વિશે શોધપત્ર રજૂ કર્યું હતું, જ્યારે ડૉ. ચન્દ્રકળા બી. ધોળકિયાએ આ બેઠકની અધ્યક્ષતા સંભાળી હતી.

## 'માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ' સમારોહ

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને મંડળના ચેરમેન સદ્ગત માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ની સ્મૃતિમાં પ્રસ્થાપિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ' એનાયત સમારોહનું આયોજન 'સાહેબ'ની દ્વિતીય પુણ્યતિથિ તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૪ના દિને મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના 'શેઠશ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન'માં મંડળના ચેરમેનશ્રી અને વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. આ યોજના અન્વયે મંડળ સંચાલિત ઉચ્ચશિક્ષણની વિવિધ સંસ્થાઓમાં અને વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પૈકી પ્રત્યેક વર્ગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીને એક સત્રની ફી મેરિટ સ્કોલરશિપ તરીકે આપવામાં આવતાં કુલ ૩૭૬ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને રૂ. ૬૯,૧૫,૦૦૦/-ના ચેક મંચસ્થ મહાનુભાવો – દાતાશ્રીઓના વરદ્હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓની આર્થિક સ્થિતિ સારી નથી તેવા અંદાજિત ૬૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને મંડળ દ્વારા કુલ રૂ. ૬૩,૫૦,૦૦૦/-ની અડધી કે આખી ફી માફી પેટે રાહત આપવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સર્વ વિદ્યાલય પરિવાર ભારે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ સૌ આમંત્રિતોનું હાર્દિક સ્વાગત કરીને વિશ્વવિદ્યાલયની સંક્ષેપમાં વિકાસરેખા વર્ણવી હતી. તેમજ મેરિટ સ્કોલરશિપ યોજનાનો ખ્યાલ આપ્યો હતો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે દાતાશ્રીઓનો હૃદયંગમ પરિચય કરાવતાં પ્રત્યેક દાતા સંબંધી ગૌરવપ્રદ ઘટનાઓ, તેમના ધંધા-ઉદ્યોગ, અમેરિકામાં સ્થાયી થયા છે કે ગુજરાતના કયા ગામ/નગરમાં નિવાસ કરે છે, મંડળ સંચાલિત કઈ સંસ્થા માટે અને કેટલું દાન આપ્યું છે, તેમની સાથેનાં સંસ્મરણો અને તેમની લાક્ષણિકતાઓ વગેરે બાબતો દર્શાવીને દાતા પ્રત્યેનો અનન્ય શ્રદ્ધાભાવ ઋણસ્વીકારની ભાવના સાથે વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત તા. ૧૨ જાન્યુઆરી 'વિશ્વ દીકરી દિન' હોવાથી પોતાના વક્તવ્યમાં દીકરીઓના મહાત્મ્યને અભિવ્યક્ત કરતી અનેકવિધ સૂક્તિઓ પ્રસ્તુત કરીને તેમણે સૌને વિચારતા કરી દીધા હતા. આ પ્રસંગે ઉપસ્થિત દાતાશ્રીઓ/મહાનુભાવો સર્વશ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી નારણભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ ચોકસી, પૂ. છગનભાના પૌત્ર શ્રી ઈશ્વરભાઈ નારણભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ

શિવરામભાઈ પટેલ, શ્રી આર. કે. પટેલના ભાઈ શ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી શામળભાઈ પટેલ, શ્રી પ્રભાવતીબેન પટેલ, શ્રી ભરતકુમાર પટેલ, શ્રી બળદેવકુમાર, શ્રી તારાબેન રસિકલાલ પટેલ, શ્રી મનુભાઈ પટેલ, શ્રી ભોળાભાઈ પટેલ(ડીંગુચા), શ્રી ઈશ્વરભાઈ મગનલાલ પટેલ, શ્રીમતી ગોમતીબેન કાળિદાસ પટેલ, શ્રી કાન્તિલાલ પટેલ, શ્રી વિનોદકુમાર, શ્રી જિતેન્દ્રકુમાર, શ્રી કૈલાસબેન, શ્રી જ્યોત્સ્નાબેન, શ્રી કાન્તાબેન વગેરેને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે દાતાશ્રીઓ ઉપરાંત મંચસ્થ મહાનુભાવો તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ શ્રી મોહનલાલ પટેલ, પૂર્વ આચાર્ય અને મંત્રીશ્રી મનુભાઈ પટેલ, મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, કર્નલ હસમુખભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર, સર્વ વિદ્યાલય, કડીના સેવાનિવૃત્ત આચાર્ય અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ શ્રી મોહનલાલ પટેલ દ્વારા કેળવણીના આજીવન ભેખધારી સ્વ. માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ની જીવનકથા વર્ણવતો ગ્રંથ **'ધ્રુવતારક'** (૨૦૧૩) અને તેમના દ્વારા પૂર્વે રચાયેલ ગ્રંથ 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૯)નો ડૉ. નીલા શાહ (રાજકોટ) દ્વારા અંગ્રેજીમાં અનુવાદિત **'Chhaganbha : A Pole Star of Wisdom'** (2013)નું વિમોચન મંચસ્થ મહાનુભાવોના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. વિમોચિત ગ્રંથોનો પરિચય કરાવતાં શ્રી મોહનલાલ પટેલે સર્વ વિદ્યાલય અને સ્વ. માણેકલાલ સાહેબ સાથેનાં પોતાનાં સંસ્મરણો વર્ણવવા ઉપરાંત મેરિટ સ્કોલરશિપ મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં 'ગાંધીનગર સમાચાર'ના તંત્રી શ્રી કૃષ્ણકાંત જહાએ 'સાહેબ' સાથેનાં સંસ્મરણો વર્ણવીને ગુજરાતની રાજકીય રાજધાની ગાંધીનગરને વિદ્યાનગરી તરીકે પ્રસ્થાપિત કરવામાં 'સાહેબ'ના અણમોલ પ્રદાન વિશે જણાવ્યું હતું.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં શ્રી વલ્લભભાઈ પટેલે સર્વ વિદ્યાલયની વિશ્વવિદ્યાલય સુધીની વિકાસયાત્રાનું શ્રેય તેના સ્થાપક પૂ. છગનભા અને તેમના સાથીઓ, દાતાશ્રીઓ, મંડળના નવ દાયકાના સંવાહકો અને સભ્યશ્રીઓ, કુલપતિને પદને ગૌરવ અપાવે તેવા પ્રતિબદ્ધ આચાર્યશ્રીઓ વગેરેને ગણાવીને આ સૌનો ઋણસ્વીકાર કરીને સર્વ વિદ્યાલયની વિકાસગાથા સંક્ષેપમાં જણાવી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે આજે એનાયત કરવામાં આવેલ મેરિટ સ્કોલરશિપની યોજનાનું આયોજન કરવા સદ્‌ગત ચેરમેન સાહેબે તેમના અવસાનના થોડાક દિવસો પૂર્વે જ અમને આદેશ આપ્યો હતો. તેમની સ્મૃતિમાં મંડળે આ યોજના અમલીકૃત કરી તે બદલ હું મંડળનો હૃદયપૂર્વક આભાર માનું છું. સાથે સાથે ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ૪૫ વીઘા જમીન આપવા બદલ સરકારનો પણ આભાર માન્યો હતો. સદ્‌ગત ચેરમેનશ્રી અને પોતાના પિતાશ્રીની સર્વ વિદ્યાલય સાથેની પ્રતિબદ્ધતા દર્શાવતાં તેમણે કહ્યું કે સર્વ વિદ્યાલયને તેમણે પોતાનું કુટુંબ માન્યું હતું. તેઓશ્રી હંમેશાં કહેતા કે વ્યક્તિ મહાન નથી પરંતુ સંસ્થા મહાન છે. તેઓશ્રી શિક્ષણ સંસ્થાના વિકાસમાં ૪ સ્તંભો : ૧. વિદ્યાર્થીઓ અને વાલીઓ, ૨. આચાર્યશ્રીઓ અને શિક્ષકો-અધ્યાપકો, ૩. મેનેજમેન્ટ, ૪. દાતાશ્રીઓ-ને સર્વોપરિ ગણતા હતા. તેઓશ્રી સારા ઉદ્યોગપતિ અને વહીવટકર્તા હોવા ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓના આર્ષદ્રષ્ટા અને સ્રષ્ટા હતા. આર્થિક સ્થિતિના અભાવે કોઈ શિક્ષણથી વંચિત ન રહે અને સૌને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ મળે તેવી માનવતાવાદી વિચારસરણી ધરાવતા હતા. તેમની આગવી વિશેષતા એ હતી કે તેઓશ્રી પ્રત્યેક કર્મચારીને વ્યક્તિગત ઓળખે અને તેના નામથી બોલાવે અને ખબરઅંતર પણ પૂછે. મને શ્રદ્ધા છે કે પૂજ્ય મોહનભાઈ સાહેબ દ્વારા તૈયાર કરવામાં આવેલ તેમનું જીવનચરિત્ર **'ધ્રુવતારક'** આપણા સૌના માટે દીવાદાંડી બની રહેશે. કાર્યક્રમના અંતમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવ શ્રી એસ. કે. મંત્રાલાએ મિતાક્ષરી શૈલીમાં સ-રસ આભારવિધિ કરી હતી.

## કમળા અમૃત Toy House

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા વિકસતાં બાળપુષ્પો રમતાં રમતાં શીખે અને બાલ્યવયની પ્રત્યેક ક્ષણને માણે તે હેતુસર 'કમળા અમૃત Toy House'નું નિર્માણ કરવામાં આવતાં તેનું ઉદ્દ્ઘાટન તેના દાતાશ્રી અમૃતભાઈ શિવાભાઈ પટેલના વરદ્દહસ્તે તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું. આ ઉદ્દ્ઘાટન સમારોહ પ્રસંગે ટી.વી. ધારાવાહિકના બાળકોના પ્રિય કલાકાર શ્રી નટુકાકા, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલ તથા ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, કર્નલ હસમુખભાઈ પટેલ અને અન્ય પદાધિકારીશ્રીઓ, દાતાશ્રીઓ, સભ્યશ્રીઓ સમગ્ર કર્મચારી પરિવાર, વાલીઓ અને ઘણી મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ક્રિએટીવ ઝોનનાં ડાયરેક્ટર શ્રી કિરણબેન તથા નર્સરી શાળાઓના પરિવારે બાળ કલાકારોને રંગબેરંગી અને કલાત્મક વેશભૂષામાં સુસજ્જ કરીને તેમના દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાવ્યો હતો, જે સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અદ્યતન ટેક્નોલોજીના વિનિયોગથી અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી નિર્મિત આ Toy House ખરા અર્થમાં નયનાભિરમ્ય, કલાત્મક અને દર્શનીય છે.

## સતીશ પટેલ : I. A. S. નોમિનેશન

ગુજરાત સરકારમાં ૨૬ ડિસેમ્બર, ૧૯૮૯માં 'ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧'માં સીધી ભરતીથી જોડાયેલા અને વર્ષ ૨૦૦૪થી અધિક કલેક્ટર સંવર્ગમાં બઢતી મળ્યા બાદ સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, અમદાવાદમાં સંયુક્ત નિયામક (૨૦૦૪-૨૦૦૯) તરીકે રાજ્યના યુવાનોને સિવિલ સર્વિસમાં જોડાવવા ખાસ અભિયાન હાથ ધરીને એક લાખથી અધિક યુવાનોને સેમિનારના માધ્યમથી માર્ગદર્શન પૂરું પાડવાની યશસ્વી કામગીરી કરવા ઉપરાંત રાજ્યના આરોગ્ય વિભાગમાં ચીફ પરસોનલ ઑફિસર તરીકેનો કાર્યભાર સંભાળી રહેલા અને છેલ્લા ૪ વર્ષથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટરના માનદ્ સંયોજક અને સલાહકાર તરીકે સેવાઓ આપતા શ્રી સતીશ એ. પટેલ (૧૯૬૨)ની વહીવટીય નિપુણતા, કાર્યદક્ષતા અને ધ્યેયનિષ્ઠ સેવાઓને ધ્યાને લઈ ગુજરાત સરકારે ડિસેમ્બર ૨૦૧૩માં I.A.S. કેડરમાં નોમિનેશન કરીને પ્રોહિબિશન એન્ડ એક્સાઇઝ વિભાગના ડાયરેક્ટર તરીકે નિયુક્તિ કરી છે. આ યશસ્વી સિદ્ધિ બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર શ્રી સતીશભાઈ પટેલને હૃદયનાં ઉમળકાભેર અભિનંદન પાઠવવાની સાથે સાથે તેઓશ્રી ઉત્તરોત્તર સિદ્ધિનાં શિખરો સર કરતા રહે તેવી હાર્દિક શુભકામનાઓ પાઠવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી સતીશભાઈ પટેલનું વતન અને જન્મસ્થળ મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકાનું બુટ્ટાપાલડી ગામ છે. તેમણે પ્રાથમિક શિક્ષણ વતનની શાળામાં, માધ્યમિક-ઉ. મા. શિક્ષણ વડગામ (જિ. બનાસકાંઠા), મહેસાણા અને વલસાડમાં મેળવ્યું હતું. એચ. એલ. કોમર્સ કૉલેજ, અમદાવાદમાંથી B.Com સુધીનો અભ્યાસ કર્યા બાદ ગુજરાત સરકારના રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વિભાગમાં જુનિયર કારકુન (૧૯૮૨-૮૪) તરીકે જોડાયા અને સાથે સાથે M.Comનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યાર બાદ દેના ગુજરાત ગ્રામીણ બૅંકમાં બ્રાન્ચ મૅનેજર (૧૯૮૪-૧૯૮૯) તરીકે સેવાઓ આપી હતી.

ઉલ્લેખનીય છે કે શ્રી સતીશભાઈ પટેલના મોટાભાઈ શ્રી કાન્તિભાઈ પટેલે પણ આઈ.એ.એસ.માં નોમિનેશન મેળવ્યું હતું અને ટેનન્સી એક્ટના તજજ્ઞ તરીકે ભારે મોટી ખ્યાતિ અર્જિત કરી હતી. હાલમાં તેઓશ્રી સેવાનિવૃત્ત છે. શ્રી કાન્તિભાઈ પટેલે પાલનપુરની કૉલેજમાં ગુજરાતીના એક પ્રતિભાસંપન્ન અધ્યાપક તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી હોવા છતાં પિતાશ્રીની વહીવટીય સેવાઓમાં જોડાવાની સલાહને સ્વીકારીને અધ્યાપક પદનો ત્યાગ કરીને વહીવટીય સેવાઓમાં જોડાયા હતા.

# શીલભદ્ર સારસ્વતની વિદાય

ડૉ. કુમારપાળ દેસાઈ

૨૪મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ગુજરાતી વિશ્વકોશના 'દ્રષ્ટા અને સ્રષ્ટા' પદ્મભૂષણ ધીરુભાઈ ઠાકરે વિદાય લીધી. વિશ્વકોશની સત્યશોધની શાશ્વત યાત્રાના પ્રેરક અને માર્ગદર્શક શિલ્પી અન્ય લોકની યાત્રાએ સંચરી ગયા. વિશ્વકોશના સ્થાપનાકાળથી સતત અઠ્યાવીસ વર્ષ સુધી એમણે નવાં નવાં સ્વપ્ન સેવ્યાં અને એ સ્વપ્નને સાકાર કરવા માટે જીવન-સમર્પણ કર્યું. છેલ્લે બીજી ડિસેમ્બરે વિશ્વકોશના જન્મદિવસે પણ એમ કહ્યું કે 'વિશ્વકોશનાં અઠ્યાવીસ વર્ષ એટલે એનો ભરજુવાનીનો કાળ, ઊંચી મહત્ત્વાકાંક્ષા અને રોમાન્સનો સુવર્ણકાળ, આનંદ-ઉત્સાહ અને પુરુષાર્થનો ઉત્સવ, માનવજ્ઞાનની સર્વાંગીણ ઉન્નતિનો સમય.'

વિશ્વકોશ એ શાંત ક્રાંતિનું સર્જક ગણાય, તો ધીરુભાઈનું જીવન એ એક સાહસભરી સફર પણ છે. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અધ્યાપકની કારકિર્દી છોડીને ૧૯૪૦માં અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં આવ્યા એ એમનું પહેલું સાહસ. અમદાવાદની સરકારી કૉલેજ એવી ગુજરાત કૉલેજ છોડી સાવ છેવાડાની, પછાત વિસ્તારમાં આવેલી ગામથી દૂર અને રેલવેની સગવડથી વંચિત એવી 'અણદીઠી ભોમ' સમી મોડાસા કૉલેજમાં બેતાલીસમા વર્ષે આચાર્ય તરીકે જોડાયા અને સડસઠમાં વર્ષે 'રેતીમાં વહાણ ચલાવવા નીકળ્યો છું' એમ કહીને વિશ્વકોશની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો.

એમના મિત્ર અને ઉત્તર ગુજરાતના કર્મયોગી શ્રી સાંકળચંદભાઈ પટેલના હૂંફાળા સાથ-સહકારથી એમના આ વિશ્વકોશના યજ્ઞનો પ્રારંભ થયો. એકાદ વર્ષમાં તો સાંકળચંદભાઈએ વિદાય લીધી; પરંતુ એમની ભાવના ધીરુભાઈને માટે મજબૂત પીઠબળ બની રહી. ધીરુભાઈ હંમેશાં વિશ્વકોશની પ્રવૃત્તિને જગન્નાથના રથ સાથે સરખાવતા હતા. એના આરંભથી જ એમને અનેક તેજસ્વી વિદ્વાન લેખકોનો આ કાર્યમાં સાથ મળતો રહ્યો – પછી એ વિદ્વાનોમાંથી કોઈ યુનિવર્સિટીના કુલપતિ હોય, કોઈ પોતાના ક્ષેત્રના નિષ્ણાત હોય, કોઈ કવિ કે મૅનેજમેન્ટ-નિષ્ણાત હોય, આચાર્ય કે અધ્યાપક હોય કે પછી કોઈ ડૉક્ટર હોય – પણ એ સહુ કોઈ વિશ્વકોશના આ યજ્ઞમાં પોતપોતાની રીતે સમિધ અર્પવા લાગ્યા.

જુદા જુદા વિષયના તજ્જ્ઞો અને અધ્યાપકોની ધીરુભાઈ ખોજ કરતા જ રહે અને કોઈ વિદ્વાન મળે એટલે એમને પ્રેમપૂર્વક બોલાવે અને સ્નેહથી આ કામમાં જોડી દે અને કહે, 'સત્ય અને સુંદરના અભિલાષી તથા પ્રેમ અને બંધુતાને વરેલા એવા સંનિષ્ઠ શિક્ષકોનું આ કામ છે.'

કવિ દલપતરામે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)માં, મહાત્મા ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠમાં અને શ્રી ધીરુભાઈ ઠાકરે 'ગુજરાતી વિશ્વકોશ'ના યજ્ઞકાર્યમાં વિદ્વાનોના મોટા સમૂહને સફળતાથી જોડ્યો હતો એમ કહી શકાય.

વિશ્વકોશની પ્રવૃત્તિની સુવાસ ફેલાતી રહી ને બધેથી ઉમળકાભર્યો સહયોગ મળવા લાગ્યો. વિશ્વકોશને સમાજને કોઈ એક જ વર્ગનો નહીં, પણ તમામ વર્ગનો સહયોગ મળતો રહે તેવો ભાવ હોવાથી કોઈ પણ ક્ષેત્રની વ્યક્તિને એ હૃદયના ઉમળકાથી આવકારતા હતા.

ધીરુભાઈ પાસે કામ કરવું એટલે સતત ખડે પગે રહેવું પડે. એ એકેય કામ ભૂલે નહીં અને જે કામ ગઈકાલે સોંપેલું હોય એ આજે થયું કે નહીં, એ પૂછવાનું - તેનો હિસાબ લેવાનું કદી ચૂકે નહીં ! એમની આવી ચીવટને પરિણામે જ ટૂંકા ગાળામાં 'ગુજરાતી વિશ્વકોશ'નો પ્રકલ્પ પૂરો થઈ શક્યો.

એમનાં પત્ની ધનગૌરીબહેન પથારીવશ હતાં, ત્યારે સવારથી સાંજ સુધી અને સાંજથી સવાર સુધી બે નર્સ સંભાળ લેવા આવતી હતી. કોઈ દિવસ નર્સ ન આવી હોય તો ધનગૌરીબહેન આગ્રહપૂર્વક ધીરુભાઈને વિશ્વકોશમાં કામ કરવા માટે મોકલતાં હતાં. બહારનું

તાળું વાસીને ધીરુભાઈ આ યજ્ઞકાર્ય માટે આવતા હતા.

હૃદયરોગના હુમલાને કારણે ડૉક્ટરહાઉસના ICCU યુનિટમાં સૂતાં સૂતાંયે તેઓ સંસ્થાનાં બાકીનાં કામોની સૂચના આપતા હતા. ક્યારેક વિદેશ ગયા હોય, તો ત્યાંથી પણ વખતોવખત ફોન કરીને વિશ્વકોશ અંગેની કામગીરી યોજનાબદ્ધ રીતે બરાબર ચાલતી રહે તે જોવાનું તેઓ ચૂકતા નહીં. આમ, જીવનની પળેપળ વિશ્વકોશના કાર્યનો નામ-જપ ચાલતો જ હોય. કોઈ અધ્યાપક કે કર્મચારીથી કામમાં વિલંબ થાય તો એને ઠપકો આપવાની એમની રીત પણ અનોખી. એની સાથે હસતાં હસતાં એવી રીતે વાત કરે કે પેલી વ્યક્તિને પોતાને કામમાં વિલંબ થયા બદલ ક્ષોભ થાય અને તે પછી એ પોતાનું કાર્ય ઝડપથી પૂર્ણ કરીને પુનઃ એમની આગળ હાજર થઈ જાય.

એમના વિદ્યાર્થીઓ તરફ તો એવો પ્રેમ કે ચંદ્રકાન્ત શેઠ એમ કહે કે 'આવતીકાલે હું નથી આવવાનો' તો એમને ન ગમે. અમેરિકાથી આવતા મહેન્દ્રભાઈ અમીન કે પ્રાગજીભાઈ ભાંભી પાસે એ કલાકોના કલાકો બેસે, એમને માર્ગદર્શન આપે અને એ રીતે પ્રવીણ દરજી, મણિલાલ પટેલ, કિશોરસિંહ સોલંકી, મહેશ દવે જેવા વિદ્યાર્થીઓ આવે, ત્યારે બધું કામ બાજુએ મૂકીને એની સાથે લાંબા સમય સુધી વાત કરે.

એમની નિઃસ્પૃહી વૃત્તિનો વારંવાર અનુભવ થતો રહ્યો. આવું ભગીરથ કાર્ય કરવા છતાં સહેજે અહમ્ નહીં, બલકે એમ કહે કે, 'વિશ્વકોશના કાર્યથી મારા આયુષ્યમાં ઉમેરો થાય છે અને વિશ્વકોશમાં આવું છું ત્યારે યૌવનનો થનગનાટ અનુભવું છું.'

એમના અવસાન-સમયે એમને વિશ્વ ગુજરાતી સમાજનો 'ગુજરાત પ્રતિભા ઍવૉર્ડ' મળ્યો અને અવસાન બાદ એમને 'પદ્મભૂષણ'નો ખિતાબ મળ્યો. કદાચ એમની હયાતીમાં એમને આ ઍવૉર્ડ મળ્યો હોત, અને તે અંગે કોઈ સમારંભ રાખ્યો હોત, તો એ હસતાં હસતાં કહેત કે 'હું મૃત્યુ પામ્યો હોઉં તેવું મને લાગે છે !' અને પછી કાવ્યશાસ્ત્રવિનોદ કરવાની એમની ટેવ મુજબ આ દૃષ્ટાંત રજૂ કરત : ''એક મૂર્તિકાર સુંદર મૂર્તિઓ સર્જતો હતો. એણે પોતાના જેવી જ અનેક મૂર્તિઓ સર્જી હતી. યમરાજ જ્યારે તેને લેવા આવ્યા ત્યારે એમને પણ ખ્યાલ ન આવ્યો કે આ બધી મૂર્તિકારની મૂર્તિઓ વચ્ચે એનો ઘડનાર મૂર્તિકાર કયો છે ? યમરાજે સહેતુક મૂર્તિકલાની પ્રશંસા કરવા માંડી એટલે તત્કાળ જ પેલો મૂર્તિકાર બોલી ઊઠ્યો, 'આ મૂર્તિઓ તો મેં બનાવી છે.' અને યમરાજે તુરત જ અસલી મૂર્તિકારને ઉપાડી લીધો.''

વિશ્વકોશના વિવિધ સંકુલો સાથે દાતાનું નામ જોડવામાં આવે છે. ધીરુભાઈએ વિશ્વકોશના લલિતકલા કેન્દ્ર માટે દસ લાખ રૂપિયાનું દાન આપ્યું, મેં પૂછ્યું, 'આનું નામ ડૉ. ધીરુભાઈ ઠાકર લલિતકલા કેન્દ્ર રાખીશું ?' ત્યારે એમણે મને કહ્યું, ''ના, આનું નામ તો 'વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર' જ રાખવું.''

એક એક ગ્રંથનો વિમોચન-સમારંભ થતો જાય અને એમનામાં નવા ઉત્સાહનો સંચાર થતો જોવા મળે. ક્યારેક એમ કહેતા કે 'વૃદ્ધ દેહમાં આ ગ્રંથવિમોચનના અવસરથી નવી ચેતનાનો સંચાર થાય છે અને આગળ વધવાનો નવો ઉત્સાહ જાગે છે.' ક્યારેક હસતાં હસતાં કહે પણ ખરા કે 'કામનું આયોજન હજી ઘણાં વર્ષો જીવવાનું છે એ રીતે કરવું અને કામનો અમલ આવતીકાલે જીવતા નયે રહીએ તે રીતે કરવો.'

એમની જીવનરીતિ એ હતી કે પહેલાં જીવનનું ધ્યેય નક્કી કરવું, એ લક્ષ્યને માટે સમર્પણ ભાવ કેળવવો, વર્તમાનમાં જીવવું અને ભૂતકાળનો ઉપયોગ શક્ય હોય તો ભવિષ્યને ઘડવા માટે કરવો અને કોઈ પણ કાર્યમાં સફળ થવા માટે પ્રેમ અને પરિશ્રમ-એ બેને મહત્ત્વની બાબત લેખતા હતા.

આવા પ્રેમને કારણે જ ૧૯૪૨માં આઝાદીના આંદોલનમાં વિદ્યાર્થીઓ પર ગોળીબાર થતો રોકવા માટે પ્રાણની પણ પરવા કરી નહોતી. ૧૯૪૨ની ૯મી ઑગસ્ટે 'ઇન્કિલાબ ઝિંદાબાદ'નો નારો પોકારતા વિદ્યાર્થીઓ પર 'ફાયર'નો હુકમ આપતા ડી.વાય.એસ.પી. લા બુદી શાયરને કૉલેજના યુવાન અધ્યાપક શ્રી ધીરુભાઈ ઠાકરે હાથ ફેલાવી અટકાવતાં કહ્યું, 'સ્ટૉપ પ્લીઝ... સ્ટૉપ પ્લીઝ.'

આ સાંભળીને કાંકરો વાગવાથી અકળાયેલા ડી.વાય.એસ.પી.એ ધીરુભાઈના માથામાં બૅટનથી બે પ્રહાર કર્યા. એ નીચે પડી ગયા અને એમના માથામાંથી લોહી વહેવા લાગ્યું. દરમિયાનમાં પોલીસે ગોળીબાર કર્યો અને તેમાં કૉલેજના ઇન્ટર સાયન્સના વિદ્યાર્થી વિનોદ

કિનારીવાળા હાથમાં ધ્વજ સાથે શહીદ થયા. બીજા અનેકને ગોળીઓ વાગી. વાતાવરણમાં ઉત્તેજના હતી. એ દિવસે સારવાર દરમિયાન યુવાન અધ્યાપક ધીરુભાઈ ઠાકરનો કોઈ કોટ ઉપાડી ગયું અને એમાં એ જ દિવસે થયેલા પગારના ૧૩૦ રૂપિયા હતા તે પણ ગયા. ભારે ઉત્તેજના વચ્ચે આ યુવાન અધ્યાપકના અવસાન થયાના સમાચાર પણ પ્રસર્યા હતા અને શોકસભા ભરી દેવાઈ હતી એમ પણ પાછળથી જાણવા મળ્યું ! અંગ્રેજ પોલીસને 'સ્ટોપ પ્લીઝ' કહેનાર ધીરુભાઈ ઠાકરે ગુજરાતી વિશ્વકોશની રચના દરમિયાન ત્રણેક વાર હૃદયરોગના હુમલાને અને બે વાર આંતરડાના ગંભીર ઑપરેશનને પડકાર ફેંક્યો અને કહ્યું કે 'સ્ટૉપ પ્લીઝ !'

વળી વિશ્વકોશની પ્રવૃત્તિની સાથોસાથ એમની સાહિત્યસર્જનની પ્રવૃત્તિ પણ અનવરત ચાલતી રહી. ગુજરાતી સાહિત્યમાં વ્યક્તિગત રીતે ઇતિહાસ-લેખનના જે પ્રયત્નો થયા તેમાં કૃષ્ણલાલ ઝવેરી, કનૈયાલાલ મુનશી, વિજયરાય વૈદ્ય અને અનંતરાય રાવળ પછીનો એક મહત્ત્વનો પ્રયત્ન તે ધીરુભાઈ ઠાકરના 'ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'ના પાંચ ખંડો છે. તે ખંડોનું નવસંસ્કરણ પણ સતત ચાલતું રહેતું હતું. ગુજરાતી સાહિત્યના મધ્યકાલીન અને અર્વાચીન ઇતિહાસનું એકલે હાથે પાંચ ભાગમાં લેખન કરનાર ધીરુભાઈ ઠાકરે મણિલાલ નભુભાઈ જેવા વિદ્વાન વિશે ત્રણ વિવેચનગ્રંથો, એક ચરિત્ર અને એક નાટક આપવા ઉપરાંત એમના આઠ ગ્રંથો સંપાદિત પણ કર્યા. નાટકમાં પણ એમની એટલી જ લગની અને એથી જ એમના અવસાન પૂર્વે એકાદ મહિના અગાઉ એમણે નાટ્યકોશની મિટિંગ રાખી હતી અને ત્રણેક કલાક સુધી એની ચર્ચાવિચારણા કરી હતી.

અત્યંત ગંભીર બીમારીનાં છેલ્લાં ચાર વર્ષનો વિચાર કરીએ તો તેમણે ૨૦૦૯માં પાબ્લો નેરુદાના 'Memories'નો અનુવાદ શરૂ કર્યો, જે 'સત્યની મુખોમુખ'(૨૦૧૦) નામે તૈયાર થયો. એ અનુવાદ કરતી વેળા તેઓ કહેતા કે, 'આ અનુવાદ પૂરો થશે ત્યાં સુધી તો હું જીવવાનો.' હજી પાબ્લો નેરુદાનો અનુવાદ પૂરો થવામાં હતો, ત્યાં તો ઘણાં વર્ષોથી એમના મનમાં સાહિત્યના કેટલાક વાદ-વિવાદોની ચર્ચા કરતું પુસ્તક આપવાની જે ભાવના ઘોળાતી હતી, તે પુસ્તક તૈયાર કરવાનું શરૂ કરી દીધું અને હજી ૨૦૧૧માં 'કેટલાક સાહિત્યિક વિવાદો' એ પુસ્તક પ્રગટ થાય, ત્યાં તો 'ગાંધીજી અને પાંચ સાક્ષર'ના પુસ્તકનું લેખન કરવા લાગ્યા અને તે ૨૦૧૨માં પ્રસિદ્ધ થયું. આવાં પુસ્તકો તૈયાર કરતી વેળાએ મહત્ત્વનો એકેય સંદર્ભગ્રંથ જોવાનું તેઓ ચૂકે નહીં. કનૈયાલાલ મુનશીનું અંગ્રેજી પુસ્તક 'ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરેચર' મળતું નહોતું તો શ્રી દીપક મહેતા દ્વારા ફાર્બસ સભામાંથી તે મંગાવવા માટે વારંવાર ફોન કર્યા. એ સાથે ૨૦૧૨માં એમનું 'પ્રસંગ-માધુરી' નામનું પુસ્તક પણ પ્રગટ થયું.

૨૦૧૩ની બીજી ડિસેમ્બરે વિશ્વકોશના જન્મદિવસે વિશ્વકોશ-ભવનમાં આવ્યા, એમના વક્તવ્યને અંતે કહ્યું, ''વિશ્વકોશની પ્રવૃત્તિ એ કંઈ એક પેઢીનું કામ નથી. એની મશાલ પેઢી-દર-પેઢી ફરતી રહેવી જોઈએ. કોઈ અગ્નિહોત્રીનો સતત હોમ-હવન ચાલતો રહે એવી રીતે આપણા જ્ઞાનયજ્ઞકોશનો યજ્ઞ પણ ચાલતો રહેવો જોઈએ. સદ્ભાગ્યે, આ કોશના યજ્ઞકાર્યમાં આજ દિન સુધી અનેક વિદ્વાનોનો ઉત્સાહભર્યો સમુદાર સહકાર સાંપડતો રહ્યો છે એને હું આ કોશપ્રવૃત્તિનું શુભ લક્ષણ લેખું છું. આવી જ રીતનો ઉત્તમ સહકાર ભવિષ્યમાં પણ આ કોશનિર્માણના પવિત્ર કાર્યમાં સૌનો સાંપડતો રહેશે એવી મને શ્રદ્ધા છે. અમારા આ પચીસ વર્ષના યજ્ઞકાર્ય દરમિયાન અમારા કાફલામાંથી ચૌદ જણ શહીદ થયા છે એ કઠોર વાસ્તવિકતા ભુલાય એવી તો નથી જ, આમ છતાં અમારો કારવાં ધારી દિશામાં - સ્વપ્નસિદ્ધિની દિશામાં આગળ વધી રહ્યો છે. કોશના આ સત્કાર્યને સમકાલીન અને અનુકાલીન પેઢીઓ પણ સતત વિકસતું રાખશે એવી વિધેયાત્મક પ્રતીતિ સાથે કૃતજ્ઞતાપૂર્વક હું વિરમું છું.''

આપણે ત્યાં જેમ કાવ્યપુરુષની કલ્પના થઈ છે તેમ વિશ્વકોશપુરુષની પણ આપણે કલ્પના કરી શકીએ. એ વિશ્વકોષપુરુષને ચરણે પોતાના જીવનના અંતિમ ત્રણ દાયકાનું સર્વસમર્પણ કરનાર સ્વનામધન્ય ધીરુભાઈને વંદન કરીએ અને એમના કાર્યને આગળ ધપાવવાની ભાવના સેવીએ, ત્યારે ચિત્તમાં એમને મુખેથી વારંવાર સાંભળેલી એમની બે પ્રિય પંક્તિઓ ગુંજે છે :

**''આશા છે, ઉત્સાહ છે, ઉમંગ છે અને ઉદ્યમ છે**
**તો શું છે અધૂરું આ અવનિમાં ?''**

(૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.)

# મહાત્મા ગાંધી : અંતિમ દિવસ અને પછી...

**પ્યારેલાલ**

૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મીના એ ગોઝારા શુક્રવારે ગાંધીજી હંમેશની જેમ મળસકે સાડા ત્રણ વાગ્યે જાગી ગયા. તેમની મંડળીના એક સભ્ય પ્રાર્થના માટે જાગ્યા નહોતા. એથી તેઓ દુ:ખી થયા. પોતાના સાથીનો એ નજીવો દોષ તેમની જ કોઈક ક્ષતિને આભારી છે એમ તેમણે ગણ્યું. સવારની પ્રાર્થના પછી તેઓ કૉંગ્રેસની પુનર્રચના વિશેની પોતાની નોંધનો મુસદ્દો પૂરો કરવાને તેમના આસન પર બેઠા. આગલી રાતે તેઓ એ પૂરો કરી શક્યા નહોતા.

તેમના ઉપવાસ બાદ હજી તેમને નબળાઈ લાગતી હતી. પોણાપાંચ વાગ્યે તેમણે હંમેશ મુજબ મધ, લીંબું અને ગરમ પાણીનું પીણું લીધું. એક કલાક બાદ તેમણે ૧૬ ઔંસ મોસંબીનો રસ લીધો. પછીથી જરા ઝોકું ખાવાને તેઓ આડા પડ્યા. થોડી વાર પછી તેઓ ઊઠ્યા અને પત્રવહેવારની તેમની ફાઈલ મંગાવી. પછી તેમણે આગલે દિવસે કિશોરલાલ મશરૂવાળા પર ગુજરાતીમાં લખેલો પત્ર ખોળવા માંડ્યો. ફાઈલમાં તે કોઈ ને કોઈ રીતે ખોટી જગ્યાએ મુકાઈ ગયો હતો અને તેથી ટપાલમાં રવાના કરી શકાયો નહોતો. શોધતાં શોધતાં તે હાથ લાગ્યો અને તે તેમણે ટપાલમાં રવાના કરવાને આપ્યો.

*

સવારે ફરવા જવા જેટલું સારું તેમને ન લાગ્યું એટલે પોતાના ઓરડામાં જ તેમણે થોડી વાર આંટા માર્યા. પોતાની ઉધરસને શમાવવા માટે લવિંગના ભૂકાવાળી તાડગોળની ટીકડીઓ તેઓ લેતા હતા. લવિંગનો ભૂકો ખલાસ થઈ ગયો હતો. એથી મનુ તેમની સાથે જોડાવાને બદલે થોડી લવિંગ વાટવા બેઠી. તેણે તેમને કહ્યું, ‘‘થોડી જ વારમાં હું આવું છું. નહીં તો સાંજે લવિંગના ભૂકાની જરૂર પડે તો તે હશે નહીં.’’ કોઈ પણ પોતાની તત્કાળની ફરજ છોડીને અનિશ્ચિત ભવિષ્યને માટે જોગવાઈ કરે એ ગાંધીજીને પસંદ નહોતું. તેમણે મનુને કહ્યું, **‘‘રાત પડતાં પહેલાં શું થશે અને હુંયે જીવતો હોઈશ કે કેમ, એની કોને ખબર ?’’** પછી તેમણે ઉમેર્યું : ‘‘અને રાત સુધી હું જીવતો હોઈશ તો ત્યારે તું સહેલાઈથી લવિંગનો ભૂકો બનાવી શકશે.’’

રોજના સમયે પોતાના માલિશ માટે અતિથિગૃહમાંના મારા ઓરડામાં થઈને જતાં તેમણે કૉંગ્રેસ માટેના નવા બંધારણનો મુસદ્દો મને આપ્યો અને એ કાળજીપૂર્વક વાંચી જવાને મને કહ્યું. રાષ્ટ્ર માટેનું તેમનું એ છેલ્લું વસિયતનામું હતું. તેમણે કહ્યું, ‘‘મારી વિચારણામાં તમને કાંઈ ગાબડાં નજરે પડે તો તમે તે ભરી કાઢજો. એ મુસદ્દો મેં ઘણી જ તાણ નીચે તૈયાર કર્યો છે.’’

*

પછી તેમણે સ્નાન કર્યું. સ્નાન કરીને બહાર આવ્યા ત્યારે તેઓ ઘણા જ પ્રફુલ્લ લાગતા હતા.

*

પછીથી તેમનું વજન લેવામાં આવ્યું. તે ૧૦૯ રતલ હતું. બંગાળી લખવાનો રોજનો પાઠ કર્યા પછી સાડા નવ વાગ્યે તેમણે બાફેલું શાક, ૧૨ ઔંસ બકરીનું દૂધ, ચાર પાકાં ટામેટાં, ચાર મોસંબી, કાચા ગાજરનો રસ તથા આદુ, ખાટાં લીંબુ તથા ઘૃતકુમારીના કાઢાનું ભોજન લીધું. ભોજન કરતાં કરતાં કૉંગ્રેસના બંધારણમાં મેં કરેલા ઉમેરા તથા ફેરફારો તેઓ એક પછી એક જોઈ ગયા અને પંચાયતના આગેવાનોની સંખ્યાના સંબંધમાં મૂળ મુસદ્દામાં ગણતરીની ભૂલ સુધારી.

*

સાડા દશ વાગ્યે આરામ માટે તેઓ પોતાના ખાટલા પર પડ્યા અને ઝોકું ખાવા પહેલાં તેમનું રોજનું બંગાળી વાચન પતાવ્યું. જાગીને તેઓ સુધીર ઘોષને

મળ્યા. તે હૈદરાબાદથી તાજેતરમાં જ પાછા ફર્યા હતા. સુધીરે લંડનના **ટાઇમ્સ** પત્રનું એક કતરણ તથા એક અંગ્રેજ મિત્રના પત્રમાંથી કેટલાક ફકરા ગાંધીજીને વાંચી સંભળાવ્યા. એ પત્રમાં દર્શાવવામાં આવ્યું હતું કે, પંડિત નેહરુ અને સરદાર પટેલ વચ્ચેના મતભેદો સંબંધમાં કાગનો વાઘ કરવાની કેટલાક લોકો ઝુંબેશ ચલાવી રહ્યા છે. એમાં સરદાર પટેલને કોમવાદી તરીકે ઉતારી પાડવામાં આવે છે અને પંડિત નેહરુની પ્રશંસા કરવાનો ડોળ કરવામાં આવે છે. ગાંધીજીએ કહ્યું કે, મને એની જાણ છે. મારા એક પ્રાર્થના-પ્રવચનમાં મેં એના સંબંધમાં કહ્યું પણ છે. એ સંબંધમાં વધારે શું કરવું એ હું વિચારી રહ્યો છું.

બપોર પછી એક અગત્યના કામ માટે શહેરમાં જવાને ઊપડવાની તૈયારીમાં હું હતો ત્યાં દિલ્હીના મૌલાનાઓ આવી ચડ્યા. પોતાની સેવાગ્રામની અને પાકિસ્તાનની સૂચિત મુલાકાત વિશે તેમની સાથે ચર્ચા કરતાં ગાંધીજીએ તેમને કહ્યું કે, હું મુકરર કરવામાં આવેલી તારીખે સેવાગ્રામ જવા માટે ન ઊપડું તો મારા બધા કાર્યક્રમો ખોરવાઈ જશે. મૌલાનાઓએ કહ્યું કે, અમે અમારે કારણે આપને રોકી રાખવા ઇચ્છતા નથી. આપ જ્યાં પણ હશો ત્યાંથી અમારે માટે કાર્ય કરતા રહેશો એ અમે જાણીએ છીએ. આપના ઉપવાસને પરિણામે આપવામાં આવેલાં વચનોનો અમલ કેવી રીતે થઈ રહ્યો છે એનો અંદાજ અમે એ ગાળા દરમિયાન કાઢી શકીશું અને પછીથી તે આપને જણાવી શકીશું. ૧૪મી ફેબ્રુઆરી સુધીમાં આપ દિલ્હી પાછા આવી શકશો એવી અમને આશા છે. ગાંધીજીએ જવાબ આપ્યો કે, ''૧૪મી ફેબ્રુઆરી સુધીમાં અહીં પાછા ફરવાની હું ખસૂસ આશા રાખું છું, **પરંતુ વિધિએ કંઈક જુદું જ નિર્માણ કર્યું હોય તો જુદી વાત. પણ પરમ દિવસેયે હું અહીંથી નીકળી શકીશ એની મને ખાતરી નથી. એ બધું ઈશ્વરના હાથમાં છે.''**

આપના ત્યાં પહોંચવાની તારીખની ખબર આપતો તાર સેવાગ્રામ કરીએ, એવું તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું : **''તાર માટે પૈસા શાને ખરચવા ? મારા પ્રાર્થના-પ્રવચનમાં હું તારીખ જાહેર કરીશ. સેવાગ્રામવાળાઓને તાર મળે તે પહેલાં છાપાંઓમાં તેમને એ ત્યાં મળી જશે.''**

*

બપોર પછી ચાર વાગ્યે મુલાકાતો પૂરી થઈ. પછીથી ગાંધીજી સરદાર પટેલ સાથે – સરદાર પોતાની દીકરી સાથે આવ્યા હતા – પોતાના ઓરડામાં ગયા અને કાંતતાં કાંતતાં તેમની સાથે એક કલાક સુધી તેમણે વાતો કરી. તેમણે સરદારને કહ્યું, બેમાંથી – સરદાર તથા પંડિત નેહરુ – એકે પ્રધાન-મંડળમાંથી નીકળી જવું જોઈએ એવો વિચાર અગાઉ મેં દર્શાવ્યો હતો એ ખરું, પરંતુ પછીથી હું એવા મક્કમ નિર્ણય પર આવ્યો છું કે, બંનેની હાજરી અનિવાર્ય છે. આજની ઘડીએ તમારા પક્ષકારો વચ્ચે કશું પણ ભંગાણ પડે એ આપત્તિકારક થઈ પડશે. ગાંધીજીએ વધુમાં કહ્યું કે, આજની સાંજની પ્રાર્થનાસભામાં હું મારા ભાષણમાં એ વિષય ચર્ચીશ. પ્રાર્થના પછી પંડિત નેહરુ મને મળવાના છે. તેમની સાથે પણ હું એ સવાલ ચર્ચીશ. જરૂર પડશે તો સેવાગ્રામ જવાનું હું મુલતવી રાખીશ અને **તમારા બંને વચ્ચે વૈમનસ્યના પ્રેતને છેવટનું દફનાવવામાં આવે ત્યાં સુધી દિલ્હી છોડીશ નહીં.**

સરદાર માટે આ ગાંધીજીનો છેલ્લો આદેશ બન્યો. એ પછી પણ પંડિત નેહરુ સાથે તેમનો દૃષ્ટિભેદ ચાલુ રહ્યો, પરંતુ તેમને બાંધી રાખનારું વફાદારીનું બંધન અભેદ્ય બન્યું. ગાંધીજીના દેહાન્ત પછી, મુસલમાનોને થયેલા અન્યાયના કેટલાક દાખલાઓના સંબંધમાં દાદ મેળવવા માટે સરદાર પાસે મારે જવાનું થયું હતું. એ કામ ગાંધીજીએ મને સોંપ્યું હતું. એ બાબતમાં સરદારે પૂરો સાથ આપ્યો અને કેટલાક દાખલાઓમાં અન્યાયનું નિવારણ થઈ શક્યું. બીજા કેટલાક દાખલાઓના સંબંધમાં તેમણે મને પંડિત નેહરુ પાસે જવાને સૂચવ્યું. મેં કંઈક લાગણીભર્યો પત્ર પંડિત નેહરુને લખ્યો અને એ મુસદ્દો સરદારને બતાવ્યો. તેમણે કહ્યું, ''સારું, એ મોકલી આપો.'' મેં સરદારનો ઓરડો છોડ્યો ન છોડ્યો એવામાં પંડિત નેહરુ દાખલ થયા. તે અતિશય ફિક્કા પડી ગયેલા અને ચિંતાતુર દેખાતા હતા. તેમના ચહેરા પર અનેક રાતના ઉજાગરાની નિશાનીઓ દેખાતી હતી. જે તાણની પરિસ્થિતિમાંથી તેઓ પસાર થઈ રહ્યા હતા તેમાં ઉમેરો કરવાનો વિચાર હું સહી ન શક્યો અને મેં તૈયાર કરેલો મુસદ્દો તત્કાળ રદબાતલ કર્યો. પંડિત નેહરુ ગયા કે તરત સરદાર હું હતો તે ઓરડામાં આવ્યા. તેમણે

પૂછ્યું, ''પેલો પત્ર તમે જવાહરલાલને મોકલ્યો શું ?'' મેં જવાબ આપ્યો, ''ના.'' ''ઠીક, તો હવે એ ન મોકલશો. તે અંદર આવ્યા ત્યારે તેમનો ચહેરો તમે જોયો હતો ? એમના પર ચિંતાનો એટલો બધો બોજો...'' લાલ પેન્સિલથી ''રદબાતલ'' એમ લખેલો ઉપર્યુક્ત મુસદ્દો મેં તેમને બતાવ્યો અને રાહત અનુભવતા તે પાછા ગયા.

ગાંધીજીના દેહાંત પછી પણ સરદાર અને પંડિત નેહરુ વચ્ચે વિચારસરણીની ખેંચતાણ ચાલુ જ રહી. પરંતુ વસ્તુસ્થિતિની લાગણીઓની ઉગ્રતા હળવી કરનારી અસરને લઈને તેમ જ દેશના કલ્યાણને અર્થે સમર્પણની ભાવનાથી કાર્ય કરવાને બંને પ્રતિજ્ઞાબદ્ધ હતા એટલે વહેવારમાં તેમણે પોતાની કાર્યપદ્ધતિ લગભગ એકસરખી બનાવી દીધી હતી. મારી જાણ પ્રમાણે, સરદારને પક્ષે પોતાના સાથી પ્રત્યેની મૂળભૂત વફાદારીના સંબંધમાં તેઓ લેશમાત્ર પણ ચલિત થયા નહોતા. અને વખત વીતતાં લાગણીઓની ઉગ્રતા શાંત પડતાં તથા રાજવહીવટની ચિંતાઓનો તથા તેના બોજાનો ભાર પંડિત નેહરુ પર ઉત્તરોત્તર વધ્યે જતાં સરદારના અજોડ ગુણોની તેમની કદર પણ વધતી ગઈ. અઢી વરસ બાદ, અને પોતાના ગુરુની પાસે પોતે પહોંચી ગયા તેના માત્ર ત્રણ જ મહિના અગાઉ ૧૯૫૦ના ઑક્ટોબરની ૨૭મી તારીખે ઇંદોર ખાતે ગાંધીજીની જન્મજયંતીની ઉજવણીને પ્રસંગે પોતાના એક યાદગાર ભાષણમાં સરદાર પટેલે કહ્યું : ''આપણા નેતા પંડિત જવાહરલાલ નેહરુ છે. બાપુએ પોતાના જીવનકાળ દરમિયાન તેમને તેમના વારસ તરીકે નીમ્યા હતા અને તેમને વારસ તરીકે જાહેર પણ કર્યા હતા. બાપુના આદેશને અનુસરવાની બાપુના સઘળા સૈનિકોની ફરજ છે. જે કોઈ સાચા દિલથી એ વાતનો સ્વીકાર ન કરે તે ઈશ્વર આગળ ગુનેગાર બનશે. હું કંઈ બેવફા સૈનિક નથી. હું જે સ્થાને છું તેનો હું લેશમાત્ર પણ વિચાર કરતો નથી. હું તો આટલું જ જાણું છું : 'બાપુએ મને જ્યાં મૂક્યો ત્યાં જ હજી હું છું.'''

*

અને એ રીતે સરદાર સાથેની વાતો ચાલુ રહી. બપોર પછી સાડા ચાર વાગ્યે આભા ગાંધીજી આગળ તેમનું સાંજનું ભોજન લાવી. એ લગભગ સવારના ભોજન જેવું જ હતું.

પ્રાર્થનાનો સમય લગભગ થવા આવ્યો હતો. પરંતુ સરદારની વાત હજી પૂરી થઈ નહોતી. બિચારી આભા ઊંચીનીચી થતી હતી. ગાંધીજી સમયપાલનને, ખાસ કરીને પ્રાર્થનાના સંબંધમાં, ભારે મહત્ત્વ આપતા હતા એ તે જાણતી હતી. પણ વચ્ચે બોલવાની તેની હિંમત ન ચાલી. આખરે તેની ધીરજ ખૂટી, ગાંધીજીનું ઘડિયાળ ઉપાડીને તેમનું ધ્યાન ખેંચવાને તેણે તે તેમની સામે ધર્યું. પણ કશું વળ્યું નહીં, તેની મૂંઝવણ ભાળીને સરદારનાં દીકરી વચ્ચે પડ્યાં. પ્રાર્થનાભૂમિ પર જવા માટે તૈયાર થવાને ઊભા થતાં ગાંધીજીએ સરદારને કહ્યું, ''હવે તો મારે ગયે જ છૂટકો.'' જતાં રસ્તામાં તેમના એક પરિચારકે તેમને કહ્યું કે, કાઠિયાવાડથી આવેલા બે કાર્યકર્તાઓએ મુલાકાત માટે સમય માગ્યો છે. ગાંધીજીએ જવાબ આપ્યો, **''પ્રાર્થના પછી તેમને આવવાને કહો. ત્યારે હું તેમને મળીશ – જીવતો હોઈશ તો.''**

પછી આભા અને મનુના ખભા પર પોતાના હાથ રાખીને તેમની સાથે મજાક ઉડાવતા અને હસતા તેઓ પ્રાર્થનાભૂમિ તરફ ચાલ્યા. બપોર પછીના ભોજનમાં આભાએ તેમને કાચા ગાજરની વાની પીરસી હતી તેનો ઉલ્લેખ કરીને તેમણે મજાકમાં તેને કહ્યું : ''ત્યારે તું મને ઢોરનો ખોરાક પીરસે છે એમ ને !''

આભાએ જવાબ આપ્યો, ''બા (કસ્તૂરબા ગાંધી) એને ઘોડાનો ખોરાક કહેતાં હતાં.''

ગાંધીજીએ જવાબ આપ્યો, ''બીજું કોઈ જેને અડે પણ નહીં એ વસ્તુ સ્વાદથી ખાવી એ ભવ્ય નથી ?''

આભાએ મજાક કરી, ''બાપુ, આપના ઘડિયાળને પોતાની અવજ્ઞા થયેલી લાગી હશે. આપે તેના તરફ નજર સરખી પણ ન કરી.''

તેમણે જવાબ આપ્યો, ''તમે લોકો જ મારાં ઘડિયાળ છો પછી હું એમ શાને કરું ?''

''પણ આપ તો આપનાં એ ઘડિયાળો તરફ પણ જોતા નથી.'' આભાએ જવાબ આપ્યો અને ગાંધીજી હસ્યા.

પ્રાર્થના થતી હતી તે ચોતરા તરફ લઈ જતાં પગથિયાં પસાર કરતાં તેમણે કહ્યું : ''હું દશ મિનિટ મોડો

છું. મોડા થવાનું મને બિલકુલ પસંદ નથી. બરાબર પાંચને ટકોરે પ્રાર્થનામાં હું હોઉં એ મને ગમે.''

ત્યાં વાતચીત એકદમ અટકી ગઈ. ગાંધીજી અને તેમની ''લાડકીઓ'' વચ્ચે એવો ગુપ્ત કરાર હતો કે, પ્રાર્થનાભૂમિમાં દાખલ થતાંની સાથે સઘળી મજાક અને વાતીચત બંધ થઈ જવી જોઈએ–મનમાં કેવળ પ્રાર્થનાના જ વિચારો ઊભરાવા જોઈએ.

વ્યાસપીઠ પર પહોંચવા માટે મેદનીએ ગાંધીજીને માર્ગ કરી આપ્યો. જનમેદનીના અભિવાદનનો જવાબ વાળવાને ગાંધીજીએ બે બાળાઓના ખભા પરથી પોતાના હાથ ઉઠાવ્યા ત્યાં જમણી બાજુએથી લોકોને હડસેલીને માર્ગ કરતું કોઈક આવ્યું. તેનો હાથ પકડીને મનુએ તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેણે જોરથી તેને હડસેલી મૂકી અને પ્રણામ કરતો હોય તેમ, પોતાના હાથ જોડીને વાંકા વળી સાત બારની ઑટોમેટિક પિસ્તોલમાંથી છેક નજીકમાંથી એક પછી એક ત્રણ બાર કર્યા. તેણે કેટલી બધી નજીકથી ગોળી છોડી હતી કે એક ગોળીનું કોચલું તો પાછળથી ગાંધીજીનાં કપડાંની ગડીમાંથી મળી આવ્યું હતું. પહેલી ગોળી પેટમાં જમણી બાજુએ ડૂંટીથી અઢી ઇંચ ઉપર વાગી હતી. બીજી ગોળી મધ્યરેખાથી એક ઇંચ જમણી બાજુએ સાતમી પાંસળીની નીચેની જગ્યાએ વાગી હતી અને ત્રીજી ગોળી છાતીની જમણી બાજુએ ઉરુ-સ્થળથી એક ઇંચ ઉપર અને મધ્ય-રેખાથી ચાર ઇંચને અંતરે વાગી હતી. પહેલી અને બીજી ગોળી શરીરની આરપાર નીકળી ગઈ હતી. ત્રીજી ફેફસામાં પુરાઈ રહી હતી. પહેલી ગોળી ગાંધીજીને વાગી ત્યારે તેમનો જે પગ ગતિમાં હતો તે વાંકો વળી ગયો. બીજી અને ત્રીજી ગોળી છૂટી ત્યારે પણ તેઓ પોતાના પગ પર ઊભા હતા. પછી તેઓ ઢળી પડ્યા. તેમના બોલેલા છેલ્લા શબ્દો હતા : 'રામ ! રામ !'

તેમનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો. સફેદ કપડાં પર ફેલાતો જતો લાલ ડાઘ દેખાયો. જનમેદનીને નમસ્કાર કરવાને ઊંચા કરેલા હાથ ધીમેથી નીચે આવ્યા. એક હાથ આભાના ખભા પર તેની સ્વાભાવિક જગ્યાએ પડ્યો. શિથિલ થઈ ગયેલો દેહ ધીમેથી ઢગલો થઈને પડ્યો. આભી બની ગયેલી છોકરીઓએ ત્યારે જ જાણ્યું કે શું બનવા પામ્યું છે.

શહેરમાંથી પાછા ફરતાં, માર્ગમાં અમારે ઘેરથી મારા ભાઈની પાંચ વરસની દીકરીને મેં સાથે લીધી હતી. તે ગાંધીજીની લાડકી હતી અને તેણે એ સાંજે મારી સાથે બિરલા ભવન આવવાની હઠ પકડી હતી. અમે બિરલા ભવન પહોંચ્યા ત્યારે કોઈક સરદાર પટેલની મોટર લઈ આવવાને કહેતું હતું. એનો અર્થ એ હતો કે, પ્રાર્થનાસભામાં જવા માટે ગાંધીજી પોતાના આસન પરથી ઊઠ્યા હશે અને અમારે ઉતાવળ કરવી જોઈએ. હું સીધો જ પ્રાર્થનાભૂમિ તરફ જવા લાગ્યો અને મારી જોડેની બાળાને પોતાના બૂટ કાઢીને મારી પાછળ આવવાને મેં સૂચવ્યું. જેમાં થઈને પ્રાર્થનાસ્થળે જવાતું હતું તે પથ્થરના સ્તંભોની હારમાળા સુધી હું પહોંચ્યો ન પહોંચ્યો ત્યાં ગાંધીજીના એક મદદનીશ બી. પી. ચંદવાણી સામી દિશામાંથી દોડતા આવ્યા. તેમણે બૂમ પાડીને કહ્યું, ''તત્કાળ દાક્તરને બોલાવવાને ફોન કરો. બાપુને ગોળીથી ઠાર કરવામાં આવ્યા છે !''

હું તો સડક થઈને ઊભો. બાપુને ''ગોળીથી ઠાર'' કરવામાં આવ્યા હોય તો પછી ટેલિફોન શાને માટે કરવો ? યંત્રવત્ મેં કોઈકને ફોન કરીને દાક્તરને બોલાવવાને કહ્યું.

સૌ કોઈ આભાં બની ગયાં હતાં. ગાંધીજીની પાછળ આવનાર મારી બહેનની મિત્ર લેડી હાર્ડિંજ મેડિકલ કૉલેજની એક સ્ત્રી દાક્તરે હળવેથી તેમનું માથું ઊંચકીને પોતાના ખોળામાં મૂક્યું - તેમનો દેહ તેની સામે ઊબડો પડ્યો હતો અને કંપતો હતો અને આંખો અર્ધ બંધ હતી. ખૂની નથુરામ ગોડસેને બિરલા ભવનના માળી રઘુએ પકડ્યો અને થોડી ખેંચતાણ પછી બીજાઓની મદદથી તેને મજબૂત રીતે કબજામાં લેવામાં આવ્યો.

નિશ્ચેષ્ટ અને શિથિલ દેહને મિત્રો અંદર ઊંચકી લઈ ગયા. જ્યાં તેઓ બેસતા અને કામ કરતા હતા તે સાદડી પર તેમણે હળવેથી તે મૂક્યો. પણ કશું પણ કરી શકાય તે પહેલાં પ્રાણપંખેરું ઊડી ગયું હતું. તેમને અંદર લાવ્યા પછી એક નાની ચમચી ભરીને મધ તથા ગરમ પાણી તેમના મોંમાં મૂકવામાં આવ્યું. પણ તે અણગળ્યું જ રહ્યું. મરણ લગભગ તત્કાળ થયું હોવું જોઈએ. બીજે દિવસે મળેલો મરણોત્તર હેવાલ આ પ્રમાણે હતો : ''પિસ્તોલમાંથી ફોડવામાં આવેલી ગોળીએથી થયેલી

ઈજાને કારણે શરીરની અંદર લોહી વહેવાથી તથા આઘાતથી મોત થવા પામ્યું હતું.''

મારી બહેન સુશીલા હજી ભાવલપુરથી આવી નહોતી. ગાંધીજીના દેહને અંદર લાવવામાં આવ્યા પછી તરત જ ડૉ. બી. પી. ભાર્ગવ આવી પહોંચ્યા અને અડ્રેનલિન માટે તાત્કાલિક ઉપયોગની દવાઓની સુશીલાની પેટી હાંફળા-ફાંફળા થઈને તપાસવા લાગ્યા. મેં તેમને એ વ્યર્થ મથામણ ન કરવાને જણાવ્યું. પોતાનો જીવ બચાવવા માટે પણ નિષિદ્ધ દવાઓ પૈકીની કોઈ પણ દવા તેમને ન આપવા દેવાનો તેમણે અમને આદેશ આપ્યો હતો. વરસો જતાં ગયાં તેમ તેમ તેઓ પોતાનાં તેમ જ બીજાઓનાં સઘળાં દરદો માટે એકમાત્ર રામનામના અક્સીર ઇલાજ પર આધાર રાખવાની દિશામાં વધુ ને વધુ ઢળતા ગયા હતા. તેમના ઉપવાસ દરમિયાન એક દિવસે, ''**एकांशेन स्थितो जगत्** એવા ગીતાના કથનનો બીજો શો અર્થ છે ?'' એમ કહીને વિજ્ઞાનની મર્યાદા વિશેની દલીલને મહોર મારી હતી. પોતાના યજમાન ઘનશ્યામદાસ બિરલા સાથે રામનામ વિશેની પોતાની શ્રદ્ધા વિશે વાત કરતાં નિઃશ્વાસ નાખીને તેમણે કહ્યું : ''મારા જીવનમાં હું જો એ પુરવાર ન કરી બતાવું તો મારા મરણની સાથે જ એનો પણ અંત આવશે.'' પછીથી માલૂમ પડ્યું કે, તાત્કાલિક ઉપચાર માટેની દવાઓની પેટીમાં અડ્રેનલિન હતું જ નહીં. સુશીલાએ ગાંધીજી માટે કૃત્રિમ રીતે બનાવવામાં આવેલા અડ્રેનલિનની એક શીશી નોઆખાલી ખાસ મંગાવી હતી. એમ જણાય છે કે, ગાંધીજી ત્યાંથી બિહાર ગયા ત્યારે તેમણે એ દવા પોતાની સાથે લીધી નહોતી. તેઓ એની આટલી ઓછી પરવા કરતા હતા.

ગાંધીજીના સાથીઓ પૈકી સૌથી પહેલા આવનાર સરદાર પટેલ હતા. સરદાર તેમની નજીક બેસી ગયા, તેમની નાડી જોઈ અને માન્યું કે હજી તે મંદ મંદ ચાલે છે. ડૉ. ભાર્ગવે નાડી તપાસી અને પછી આંખની પ્રતિક્રિયા તપાસી અને પછી ધીમેથી બોલ્યા, ''દશ મિનિટથી અવસાન પામ્યા છે.'' ડૉ. જીવરાજ મહેતા ડૉ. ભાર્ગવના ચહેરા પર નજર માંડીને સામે ઊભા હતા. તેમણે અફસોસપૂર્વક પોતાનું ડોકું ધુણાવ્યું. આભા અને મનુ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. પરંતુ થોડી જ વારમાં તે બંને સ્વસ્થ થઈ ગઈ અને રામધૂન ગાવા લાગી. મહાત્માના નિષ્પ્રાણ દેહની પાસે સરદાર વજ્ર સમાન કઠણ પણ નંખાઈ ગયેલે ચહેરે બેઠા હતા. પછી પંડિત નેહરુ આવ્યા. ગાંધીજીનાં કપડાંમાં પોતાનું મોં ઢાંકી દઈને બાળકની જેમ તે રડી પડ્યા. સરદાર પટેલે પ્રેમથી તેમની પીઠ પંપાળીને તેમને આશ્વાસન આપ્યું. એ પછી મહાત્માના સૌથી નાના દીકરા દેવદાસ આવ્યા. બહુ જ હળવેથી પોતાના પિતાના હાથ પોતાના હાથમાં લઈને તેમણે ભરપૂર આંસુ સાર્યાં. પછીથી મૌલાના આઝાદ, જયરામદાસ દોલતરામ, રાજકુમારી અમૃતકોર, આચાર્ય કૃપાલાની તથા કનૈયાલાલ મુનશી વગેરે આવ્યા. લૉર્ડ માઉન્ટબેટન તે જ દિવસે મદ્રાસથી એરોપ્લેનમાં પાછા ફર્યા હતા. પોતાનાં રોકાણો પૂરાં કરવાને લેડી માઉન્ટબેટનને તે ત્યાં મૂકતા આવ્યા હતા. તે બિરલા ભવન આગળ આવ્યા ત્યારે બહાર માનવમેદનીનો ધસારો એટલો બધો ભારે હતો કે, મહામુશ્કેલીથી તે અંદર આવી શક્યા.

તે દરવાજામાં દાખલ થયા કે તરત તેમની ફરતે એક ટોળું એકઠું થઈ ગયું. એક ગરમ મગજનો જુવાનિયો બૂમ પાડી ઊઠ્યો : ''તેમનું ખૂન એક મુસલમાને કર્યું છે.''

પોતાની ખાસિયતરૂપ સમયસૂચકતાથી તેમણે તેને આગળ બોલતો અટકવતાં કહ્યું, ''અરે બેવકૂફ, સૌ કોઈ જાણે છે કે તે હિંદુ હતો.''

ઉત્તેજિત થતા જતા ટોળા પર તેમના આ શબ્દોની સારી અસર થઈ અને તે શાંત પડ્યું. તેમની સાથેના તેમના સ્ટાફના એક માણસે માઉન્ટબેટનને પૂછ્યું : ''તે હિંદુ હતો એ આપે કેવી રીતે જાણ્યું ?'' માઉન્ટબેટને જવાબ આપ્યો : ''તે હિંદુ જ હોવો જોઈએ. કારણ કે, તે જો મુસલમાન હોય તો, આપણું આવી બન્યું.''

સૌ આભા બની ગયા હતા. સરદાર પટેલને તો જાણે ભાંગીને ભૂકો જ થઈ ગયા જેવું લાગતું હતું. પાછળથી તેમણે મને કહ્યું, ''બીજાઓ તો રડી શકે અને એ રીતે આંસુ સારીને પોતાનો શોક હળવો કરી શકે. હું એ કરી શકતો નથી. પણ એને લઈને મારા મગજનો લોચો થઈ જાય છે.''

પાસેના ઝાંખા પ્રકાશવાળા ઓરડામાં પંડિત નેહરુ

ખુરસી પર બેઠા હતા. બીજે દિવસે નીકળનારી સ્મશાનયાત્રાની તેમ જ અગ્નિસંસ્કારની વિધિની ગોઠવણ વિશે તેમના દિલમાં ઊંડી ગડમથલ ચાલી રહી હતી. પાછળથી તેમણે એ પ્રસંગ આ રીતે વર્ણવ્યો હતો : ''એકાએક મને વિચાર આવ્યો, ચાલ જઈને એ વિશે બાપુની સલાહ લઉં... પછીથી મને પ્રતીતિ થઈ. અમારી બધી જ મુશ્કેલીઓ તેમની પાસે લઈ જવાને મન એટલું બધું ટેવાઈ ગયું હતું.''

એક ક્ષણ પણ ગુમાવ્યા વિના, પીઢ સૈનિક માઉન્ટબેટને, કુટુંબના વડીલ તરીકે, આખીયે પરિસ્થિતિનો બોજો પોતાના પર ઉપાડી લીધો. પોતાના મિત્રના દેહ પાસેથી સીધા પંડિત નેહરુ પાસે જઈને, પોતાની સાથે જોડાવાને તેમણે સરદાર પટેલને ઇશારો કર્યો અને કહ્યું : ''તમને બંનેને સાથે લાવવાને તથા તમને મિત્રો રાખવાને મારાથી થઈ શકે તે બધું કરી છૂટવાની ગાંધીજીની છેલ્લી વિનંતી મને હતી.'' બંનેના સહિયારા શોકમાં કશા પ્રોત્સાહનની જરૂર હતી જ નહીં. તેમણે તેમનાં માથાં હલાવ્યાં અને કશું બોલ્યાચાલ્યા વિના તેઓ એકબીજાને ભેટ્યા. વળી, લૉર્ડ માઉન્ટબેટનની વિનંતીથી રાત્રે તેમણે બંનેએ આકાશવાણી પરથી પ્રવચન કર્યું.

ગાંધીજીના દેહને રાસાયણિક પ્રક્રિયા કરીને જાળવી રાખવાની અને કંઈ નહીં તો અમુક સમય સુધી તેને દબદબાપૂર્વક રાખવાની સૂચના કરવામાં આવી. અવસાન બાદ ભૌતિક દેહનું બુત કરવા સામે ગાંધીજીનો કેવો કટ્ટર વિરોધ હતો એ હું જાણતો હતો એટલે વચ્ચે પડવાની મને મારી પવિત્ર ફરજ જણાઈ. મેં જીવરાજ મહેતાને કાનમાં કહ્યું, ''પણ એ તો બાપુની ઇચ્છાની વિરુદ્ધ થશે.'' ડૉ. મહેતાએ મને કહ્યું, ''તો પછી તમારે એ લોકોને કહેવું જોઈએ'' અને તેમણે મને આગળ હડસેલ્યો. લૉર્ડ માઉન્ટબેનને ઉદ્દેશીને મેં કહ્યું, ''નામદાર, મારી આપને કહેવાની ફરજ છે કે, મૃતદેહને જાળવી રાખવાની પ્રથા સામે ગાંધીજીનો કટ્ટર વિરોધ હતો અને જ્યાં પણ તેમનું મરણ થાય ત્યાં જ તેમના દેહને અગ્નિદાહ દેવાની તેમણે મને ચોક્કસ સૂચના આપી રાખી હતી.'' ડૉ. જીવરાજ મહેતાએ તથા જયરામદાસ દોલતરામે મને ટેકો આપ્યો.

માઉન્ટબેટને કહ્યું, ''પાકી વયે અને અપાર માનપાન સાથે તેઓ અવસાન પામ્યા હોત તો એ બરાબર થાત. પરંતુ વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લેતાં તમને નથી લાગતું...?'' તે બોલતા અટકી ગયા અને ઉદ્‌બોધનરૂપે પોતાના હાથ લંબાવ્યા.

મેં જવાબ આપ્યો : ''ગાંધીજીએ મને કહ્યું હતું કે, આ બાબતમાં તમે તમારી ફરજ ચૂકશો તો, મારા મરણમાં પણ હું તમને ઠપકો આપીશ.''

માઉન્ટબેટને કહ્યું, ''તેમની ઇચ્છાને માન આપવું ઘટે.'' અને એ રીતે તેમના મૃતદેહને જાળવી રાખવાનો વિચાર પડતો મૂકવામાં આવ્યો.

બાકીની આખી રાત દરમિયાન, ગાંધીજીની મંડળીના સભ્યોના ગીતાના તથા ત્યાં હાજર રહેલા શીખોના સુખમની સાહેબના (શીખોનો એક ધર્મગ્રંથ) મધુર પારાયણે ઓરડાની નિઃશબ્દતાને ભરી દીધી, જ્યારે બહારની બાજુએ માનવસાગરનું દર્શન માટે ભારે દબાણ થઈ રહ્યું હતું. મૃતદેહને સુવાડવામાં આવ્યો હતો તે ઓરડાનાં સઘળાં બારી તથા બારણાં આગળ અશ્રુભીની અને શોકપૂર્ણ આંખોથી લોકો ઊભા હતા અને તેમના ફીકા પડી ગયેલા ગમગીન ચહેરા કાચ સામે દેખાતા હતા. કેટલાક લોકોએ મૂઠી વડે બારીના કાચ તોડી નાખ્યા. તોફાની સમુદ્રના દૂરથી આવતા ગમગીનીભર્યા ઘેરા નાદની જેમ બહારની અફાટ મેદનીનાં પગરવ સાથે મળી જતાં ધ્રુસકાંનો ગમગીન અવાજ સંભળાતો હતો. કેટલીક વાર તો બારણાંઓ પરનું દબાણ એટલું બધું વધી ગયું હતું કે, બારણાંના કાચના ફૂરચા ઊડી જશે અને બારણાં ભાંગી પડશે અને આખુંયે ટોળું અંદર દાખલ થશે એવી ભીતિ રહેતી હતી. ચિંતાભરી થોડી મસલતો પછી દેહને ઉપર લઈ જઈને બધા લોકો દર્શન કરી શકે તે માટે ઝરૂખામાં મૂકવામાં આવ્યો. ફાનસનો ઝળહળતો પ્રકાશ નિશ્ચેષ્ટ ચહેરાને મૃદુ તેજસ્વિતા અર્પતો હતો.

*

રાત્રે આકાશવાણી પર પંડિત નેહરુનો અવાજ સંભળાયો : ''મિત્રો... આપણા જીવનમાંથી પ્રકાશનો લોપ થયો છે અને સર્વત્ર અંધકાર છવાઈ ગયો છે. તમને મારે શું કહેવું અને કેવી રીતે કહેવું એની મને સૂઝ પડતી નથી. જેમને આપણે બાપુ કહીને સંબોધતા હતા તે

આપણા રાષ્ટ્રપિતા, આપણા વહાલા નેતા આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે... આ બધાં વરસો દરમિયાન આપણે તેમને જોતા આવ્યા હતા તેમ હવે પછી ફરીથી આપણે તેમને જોવા પામવાના નથી. હવે પછી, તેમની સલાહ લેવાને કે તેમની પાસેથી સાંત્વન મેળવવાને આપણે તેમની પાસે જઈ શકવાના નથી. અને એ એક જબરદસ્ત ફટકો છે... હું આગળ કહી ગયો કે પ્રકાશનો લોપ થયો છે. પણ એમ કહેવામાં મારી ભૂલ થતી હતી. કેમ કે, આ દેશમાં જે પ્રકાશ ઝળહળતો હતો તે કોઈ સામાન્ય પ્રકારનો પ્રકાશ નહોતો. આ બધાં વરસો દરમિયાન જે પ્રકાશ આ દેશને અજવાળતો રહ્યો હતો તે અનેક વરસો સુધી આ દેશને અજવાળતો રહેશે અને હજાર વરસ પછી પણ એ પ્રકાશની પ્રભા આ દેશમાં દેખાતી રહેશે તથા દુનિયા પણ તે જોશે અને અગણિત માનવીનાં સંતપ્ત હૃદયોને તે સાંત્વન આપતી રહેશે. કેમ કે, એ પ્રકાશ જીવંત સત્યનો દ્યોતક હતો અને સાંત્વત સત્ય વ્યક્ત કરતો શાશ્વત માનવી આપણી પડખે હતો. તેણે સાચા રાહનું આપણને સ્મરણ કરાવ્યું, સ્ખલનમાંથી આપણને પાછા વાળ્યા અને આ પ્રાચીન દેશને સ્વાધીનતાને મંદિરે પહોંચાડ્યો.''

મળસકે મૃતદેહને સ્નાન કરાવવામાં આવ્યું અને તેને ચંદનનું તિલક કરવામાં આવ્યું. પછી તેને પુષ્પાચ્છાદિત ઓરડામાં સુવાડવામાં આવ્યો. પછીથી એલચી મંડળના સભ્યો આવ્યા અને પગ આગળ ફૂલોના હાર મૂકીને તેમણે મૂક અંજલિ આપી.

*

નીચે ઊભેલી અફાટ માનવમેદની અંતિમ દર્શન કરી શકે તે માટે મૃતદેહને ફરીથી ઉપલા માળ પર લઈ જઈને ઝરૂખામાં મૂકવામાં આવ્યો. બપોરે સાડા અગિયાર વાગ્યે શબવાહિની બિરલા ભવનની બહાર લઈ જઈને ફૂલોથી શણગારેલી શસ્ત્રગાડીમાં મૂકવામાં આવી. સ્મશાનયાત્રા શરૂ થવાની તૈયારી હતી ત્યાં એકાએક દરવાજા આગળ ખડભળાટ થયો. સાથે સાથે ટોળાએ વિભક્ત થઈને માર્ગ કરી દીધો. સુશીલા લાહોરથી એ જ વખતે આવી પહોંચી હતી. છેવટની ઘડીએ બાપુ પાસે તે હાજર રહી ન શકી એ વિચારથી તેને અપાર દુઃખ થતું હતું, પરંતુ છેલ્લે છેલ્લેયે અંતિમ દર્શન કરવાને વેળાસર આવી શકી એ માટે વિધિનો તે આભાર માનતી હતી. શસ્ત્રગાડી પર ચડવામાં સરદારે તેને મદદ કરી.

*

વિમાનમાં તેની સાથે પશ્ચિમ પાકિસ્તાનના મુસલમાન આગેવાન મિયાં ઇફ્તખારુદ્દીન હતા. ગાંધીજીનાં અંતિમ દર્શન કરવાને તે દિલ્હી દોડી આવ્યા હતા. વિમાનમાંથી નીચે ઊતર્યા પછી રૂંધાયેલા અવાજે તેમણે સુશીલાને કહ્યું : ''મારી વહાલી બહેન, પિસ્તોલમાંથી ગોળી છોડનાર બાપુનો ખૂની નથી. કોઈ પણ સમયે તેમના શબ્દોમાં અવિશ્વાસ રાખનાર તથા દિલમાં હિંસા અને કોમવાદની લાગણી રાખનાર આપણે સૌ તેમના ખૂન માટે જવાબદાર છીએ.''

*

અગ્નિસંસ્કાર માટેની વ્યવસ્થા કરવાનો હવાલો સંરક્ષણ ખાતાએ સંભાળી લીધો હતો. એ કાર્ય એટલું જબરદસ્ત હતું કે, એ પાર પાડવાનું કોઈ પણ પ્રજાકીય સંસ્થાના ગજાની બહાર હતું. આખુંયે શહેર ખળભળી ઊઠ્યું હતું. એટલે તોફાન ફાટી નીકળવાની અને એને પરિણામે આખા દેશમાં હિંસાનો દાવાનળ ફેલાઈ જવાની શક્યતા ભયભીત કરી મૂકતી હતી. લશ્કરે રાતભરમાં શસ્ત્રગાડીને શબવાહિનીના રૂપમાં ફેરવી નાખી. તેની વચ્ચેના ભાગમાં તૈયાર કરવામાં આવેલા ઊંચા વ્યાસપીઠ પર મૃતદેહને સુવાડવામાં આવ્યો. તે ત્રિરંગી રાષ્ટ્રધ્વજથી આચ્છાદિત હતો અને ફૂલમાળાઓ તથા ફૂલોના ઢગલામાં અડધો દટાયેલો હતો. તેની જમણી બાજુએ ગાંધીજીના ત્રીજા પુત્ર રામદાસ, ડાબી બાજુએ સરદાર પટેલ અને સામે દેવદાસ ગાંધી બેઠા હતા. ગાંધીજીના ''કુટુંબ''ના બીજા સભ્યો અને આગેવાનો વારાફરતી એ વાહન પર મૃતદેહની નજીક બેઠા અથવા રામધૂન ગાતા ગાતા તેની પાછળ ચાલ્યા.

લશ્કર, નૌકાસૈન્ય તથા હવાઈ દળના બસો માણસની બનેલી ટુકડી ચાર મજબૂત દોરડાં વતી એ ગાડીને ખેંચતી હતી. આખો વખત ગાડીનું એન્જિન બંધ જ રાખવામાં આવ્યું હતું. ચાર હજાર સૈનિકો, એક હજાર હવાઈ દળના માણસો અને એક હજાર પોલીસો શબવાહિનીની આગળ તથા પાછળ ચાલતા હતા. ગવર્નર-જનરલના ઘોડેસવાર અંગરક્ષકો સફેદ ધજા

ઉડાવતા સૌની આગળ ચાલતા હતા. આખે રસ્તે સૈનિકો, પોલીસો તથા રણગાડીઓ જનમેદનીને અંકુશમાં રાખવાના કાર્યમાં મદદ આપતાં હતાં.

સ્મશાન-સરઘસ બહુ જ મંદ ગતિથી શોકપૂર્ણ મૌનથી ચાલતું હતું. મહાત્મા ગાંધીકી જયના પ્રચંડ પોકારોથી ક્વચિત્ ક્વચિત્ એમાં ભંગ પડતો હતો. એક કલાક બાદ સરઘસ યુદ્ધસ્મારકની કમાન આગળ આવી પહોંચ્યું. ફરતેના હોજમાં થઈને લોકો રાજા પંચમ જ્યૉર્જના પૂતળાની બેઠક આગળ આવી પહોંચ્યા. સ્મશાન-સરઘસને વધારે સારી રીતે જોઈ શકાય એ માટે લોકો પથ્થરના છત્રને ટેકવી રાખતા થાંભલાઓ પર લટકતા હતા, ૧૫૦ ફૂટ ઊંચા યુદ્ધસ્મારકની ટોચ પર બેઠા હતા, દીવાના તથા ટેલિફોનના થાંભલાઓ પર બેઠા હતા તથા રસ્તાની બંને બાજુ પરનાં ઝાડોની ડાળીઓ પર બેઠા હતા. આખુંયે દૃશ્ય જાણે માનવસાગર ઊલટ્યો હોય એવું હતું. અને દૂરથી તો એ લગભગ સ્થિર હોય એમ જણાતું હતું. સરઘસ હાર્ડિંજ એવન્યૂ અને દિલ્હી દરવાજા આગળ આવી પહોંચતાં હવાઈ દળનાં ત્રણ વિમાનો વારંવાર નીચે ઊતરી આવીને સરઘસ પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યાં.

ચાર ને વીસ મિનિટે જમના નદીની બાજુમાં આવેલી સ્મશાનભૂમિ આગળ સરઘસ આવી પહોંચ્યું. છેક સવારથી લોકો ત્યાં એકઠા થવા લાગ્યા હતા. સ્મશાનની આસપાસનો આખો વિસ્તાર નજર પહોંચે ત્યાં સુધી, શોકગ્રસ્ત ચહેરાઓનો સાગર હતો. એ અફાટ મેદની વારંવાર આગળ ધસવાનો પ્રયત્ન કરતી હતી. ચિતાની ફરતે રચવામાં આવેલી કોર્ડન તેણે તોડી નાખી; લશ્કરના માણસો મેદનીને પાછી ખસેડવા જહેમત ઉઠાવી રહ્યા હતા. ઘોડેસવાર અંગરક્ષકોએ મહામુસીબતે તેને ચિતા પર ધસી આવતી રોકી રાખી. કેટલાંયે બાળકો બેશુદ્ધ થઈ ગયાં, સરદાર પટેલ, પંડિત નેહરુ તથા લેડી માઉન્ટબેટન કેટલાંક બાળકોને ઊંચકીને સલામત સ્થળે તેમને મૂકી આવતાં જોવામાં આવ્યાં.

આખરે મૃતદેહને શસ્ત્રગાડી પરથી નીચે ઉતારીને અગ્નિસંસ્કાર પહેલાંની અંતિમ વિધિ કરવા માટે ચિતા પાસે ઊભા કરવામાં આવેલા ઊંચા વ્યાસપીઠ પર મૂકવામાં આવ્યો. સાડા ચાર વાગ્યે દેહને ચિતા પર મૂકવામાં આવ્યો. અગ્નિદાહ માટે પંદર મણ સુખડ, ચાર મણ ઘી, બે મણ સુગંધી પદાર્થો, એક મણ નાળિયેરો અને પંદર શેર કપૂર લાવવામાં આવ્યાં હતાં. મૃતદેહના પગ આગળ ફૂલમાળાઓ મૂકવામાં આવી. પાટનગરના એલચીઓના અગ્રણી ચીની એલચીએ એમાં પહેલ કરી. પછીથી દેહ પર ઓઢાડવામાં આવેલો હિંદી રાષ્ટ્રધ્વજ ઉઠાવી લેવામાં આવ્યો. દેવદાસ ગાંધીએ પવિત્ર ગંગાજળ છાંટવામાં આવેલા પોતાના પિતાના દેહ પર સુખડનાં કાષ્ઠ મૂક્યાં. વેદોની ઋચાઓના ગાન વચ્ચે તેમના મોટા ભાઈ રામદાસ ગાંધીએ ચિતા સળગાવી.

અગ્નિસંસ્કારની વિધિ ચાલી રહી હતી તે દરમિયાન લૉર્ડ તથા લેડી માઉન્ટબેટન તેમની બે દીકરીઓ સાથે બીજા બધાઓની જોડે જમીન પર બેઠા રહ્યા. ઘણા ''જૂના જોગીઓ'' ધ્રુસકે ધ્રુસકે રોતા જોવામાં આવ્યા. સરદાર પટેલ ધ્રુસકે ધ્રુસકે રડતી છોકરીના માથા પર પોતાનો હાથ ટેકવીને પૂતળાની જેમ અચળ બેઠા હતા.

પોણા પાંચ વાગ્યા હતા. અગ્નિની જ્વાળાઓ ધીમે ધીમે લાકડાંના ટુકડાઓને સ્પર્શવા લાગી. એ વખતે ચિતાની આસપાસની મેદની એક મિનિટનું મૌન પાળીને રાષ્ટ્રપિતાને છેલ્લી અંજલિ આપવાને ઊભી થઈ. આથમતા સૂર્યની સામે અગ્નિની રાતી જ્વાળાઓ ઊંચી ને ઊંચી જવા લાગી. વિશાળ મેદનીમાંથી ગગનભેદી પોકાર ઊઠ્યો - 'મહાત્મા ગાંધી અમર હો ગયે.' જ્વાળાઓ મહાત્માના પાર્થિવ દેહને ભરખી રહી હતી ત્યારે, તે અંતિમક્રિયા

**असतो मा सद् गमय**
**तमसो मा ज्योतिर्गमय**
**मृत्योर्मामृतं गमय**

એ વેદની પ્રાર્થનાને પરિપૂર્ણ કરી રહી હતી.

ધૂપ વગેરે સુગંધી પદાર્થોની સુવાસ સમગ્ર વાતાવરણમાં વ્યાપી ગઈ. પછી તો ભડકો એટલો ઉગ્ર બન્યો કે, પહેલી હારમાં બેઠેલાઓ ત્યાં ટકી ન શક્યા. સાંજે છ વાગ્યે મહાત્માનો દેહ સંપૂર્ણપણે ભસ્મરૂપ બની ગયો.

સૂર્ય આથમતાં મેદની વિખેરાવા લાગી. અમે પાછા ફર્યા ત્યારે બિરલા ભવન અંધકારમાં ડૂબી ગયું હતું.

*

ચિતા ચૌદ કલાક બળી અને તે પછી ભસ્મ ઠંડી પડે તે માટે બીજા સત્તાવીસ કલાક તેને જેમની તેમ રહેવા દીધા પછી એ બળી રહેલી ચિતામાંથી ભસ્મ અને ફૂલો એકઠાં કરીને કુંભમાં ભરવામાં આવ્યાં. ભસ્મ ભરેલા એ તાંબાના કુંભને માળાઓ તથા ફૂલો ચડાવી બિરલા ભવન લઈ જવામાં આવ્યો અને ભસ્મવિસર્જનના દિવસ સુધી તે ત્યાં રાખવામાં આવ્યો. સાંજે રાજઘાટ આગળ પ્રાર્થના કરવામાં આવી. એમાં ભાગ લેનારાઓ પૈકી ગાંધીજીના વહાલા મિત્ર અલીગઢના ચુસ્ત રાષ્ટ્રવાદી મુસ્લિમ આગેવાન ખ્વાજા અબદુલ મજીદ હતા. તેમણે કુરાનમાંથી નીચેની આયતો વાંચી :

હે ઈમાનદારો, ધીરજ અને ખામોશી દ્વારા ખુદાની મદદ યાચો. અને ખુદાની સેવા કરતાં કરતાં મરણને ભેટનારાઓને મરેલા ન માનશો. તેઓ જીવતા છે, જોકે તમે સમજી શકતા નથી... નિયત કરવામાં આવેલ સમયે ખુદાની પરવાનગી વિના કોઈ પણ મરી શકતું નથી.

ભસ્મ એકત્ર કરવામાં આવી અને તેનું વિસર્જન કરવામાં આવ્યું તે વચ્ચેનો દશ દિવસનો ગાળો સૌને માટે પ્રાર્થનાપૂર્વકની અંતઃખોજનો હતો. ગાંધીજી અમને કહેતા હતા, ''મારા અવસાન પછી, કોઈ એક જ વ્યક્તિ સંપૂર્ણપણે મારું પ્રતિનિધિત્વ કરી શકશે નહીં. પરંતુ મારો સ્વલ્પ અંશ તમારામાંના ઘણાઓમાં જીવતો રહેશે. પ્રત્યેક વ્યક્તિ ધ્યેયને પ્રથમ અને પોતાની જાતને છેલ્લી મૂકશે તો અવકાશ ઘણે અંશે ભરાઈ જશે.''

*

અમને લાગ્યું કે, તેમની ભસ્મ ખરચાળ સ્મારક નીચે રહે એ તેમને પસંદ નહીં પડે. તેઓ સમગ્ર દુનિયાના હતા અને સમગ્ર સૃષ્ટિ સાથે પોતાનું તાદાત્મ્ય સાધવાને ઝંખતા હતા. એટલે પંચ મહાભૂતો જ તેમના ભૌતિક અવશેષો માટે યોગ્ય આશ્રયસ્થાન છે. અને હિંદનાં સરોવરો તથા હિંદની વિશાળ નદીઓના ઉદર કરતાં વધારે સાચું તેમનું અંતિમ આશ્રયસ્થાન બીજું કયું હોઈ શકે ? એથી કરીને, કસ્તૂરબાની ભસ્મ પણ જ્યાં પધરાવવામાં આવી હતી તે પવિત્ર ત્રિવેણીને અસ્થિવિસર્જનની મુખ્ય વિધિ માટે પસંદગી આપવામાં આવી. જેમનાં સુખ અને દુઃખ તેમણે પોતાનાં કર્યાં હતાં તથા જેમના સામુદાયિક જીવનના સાગરમાં બુંદની જેમ એકરૂપ થઈ જવાની તેઓ મહેચ્છા સેવતા હતા તે હિંદના અનામી અગણિત લોકોની ભસ્મ એ અનાદિ જલપ્રવાહમાં એકરૂપ થઈ ગઈ હતી.

રેલવેના સત્તાવાળાઓએ મહાત્માને માટે છેલ્લી વાર સ્પેશિયલ ગાડી દોડાવી-આ વખતે તેમની ભસ્મ માટે. ડબ્બાની વચ્ચોવચ ઊંચા મંચ પર અસ્થિનો ફૂલોથી ઢંકાયેલો કુંભ મૂકવામાં આવ્યો હતો. મિત્રો અને અનુયાયીઓ સ્તોત્રો અને પ્રાર્થનાનાં ભજનો વારાફરતી ગાતા હતા. આખાયે પ્રવાસ દરમિયાન મોટાં તેમ જ નાનાં સઘળાં રેલવે સ્ટેશનોએ કીડીદર માનવમેદની એકત્ર થઈ હતી. કેટલાક લોકો તો એ ગાડીનાં કેવળ દૂરથી દર્શન કરવાને અર્થે જ લાંબાં અંતર પગે કાપીને આવ્યા હતા. શોકાગ્ર અને મૂક, આંખોમાંથી આંસુ સારતા તેઓ ઊભા હતા. કેટલાક તો એ રીતે ચોવીસ કરતાં વધારે કલાકોથી ત્યાં ઊભા હતા. કેટલાંક સ્ત્રીપુરુષો ચાલ્યા જનારનું નામ દઈને આર્તનાદ કરી ઊઠતાં હતાં અને ડબાના ખાના સાથે પોતાનું માથું અફાળતાં હતાં.

દિવસ ચડતો ગયો તેમ તેમ ટોળાંઓ રેલવે સ્ટેશનોની વચ્ચેના ભાગોમાં પણ પાટાની બન્ને બાજુએ એકત્ર થયેલાં જોવામાં આવતાં હતાં. એ દૃશ્ય અબ્રાહમ લિંકનના મૃતદેહને વૉશિંગ્ટનથી ઇલીનોય રાજ્યની રાજધાની સ્પ્રિંગફીલ્ડ લઈ જતી ગાડીનું સ્મરણ કરાવતું હતું. ફરક એટલો જ કે, લિંકનના દેહની જેમ મહાત્માને 'ઘેર' લઈ જવામાં આવતા નહોતા. તેમનાં અસ્થિ તો ભિખારીઓ અને રાજામહારાજાઓ, પાપીઓ અને સંતોને સમાનતા બક્ષનાર પવિત્ર ગંગા મૈયા પાસે લઈ જવામાં આવતાં હતાં. વળી, લિંકનની ''એકાકી ગાડી''ના કાળા રંગવામાં આવેલા સાત ડબ્બાઓની જેમ એ ગાડીના ડબ્બાઓ કાળા રંગવામાં આવ્યા નહોતા. હિંદુ ધર્મમાં મરણ-જીવનનો અંત યા શોક કરવાનો પ્રસંગ નથી પણ અંતઃખોજ કરવા માટેનો પ્રસંગ છે. સાગરનું ટીપું સાગર સાથે મળી જઈને તેનું સામર્થ્ય તથા તેનું ગૌરવ પ્રાપ્ત કરવાને માટે તેની સાથે પાછું મળી જાય છે તે પ્રમાણે ચાલ્યો ગયેલો આત્મા સર્વશક્તિમાન પરમાત્મા સાથે એકરૂપ થવા પહેલાં કેવળ પોતાનો પુરુષાર્થ પૂરો કરવાને જ આ દુનિયામાં આવે છે.

અલ્લાહાબાદથી સાઠ માઈલને અંતરે આવેલા

રસૂલાબાદ નામના એક નાનકડા સ્ટેશને ગાડી ઊભી રહી અને રાતવાસા માટે તેને બાજુના પાટા પર લઈ જવામાં આવી. બીજે દિવસે સવારે બરાબર નવને ટકોરે તે અલ્લાહાબાદ સ્ટેશને આવી પહોંચી. ત્યાં આગળ વિરાટ મેદની જમા થઈ હતી. બહાર શણગારેલો મોટર ખટારો ઊભો હતો. તેમાં કુંભને મૂકવામાં આવ્યો. રેલવે સ્ટેશનથી નદી સુધી અફાટ માનવમેદની ખટારાની પાછળ ચાલી. માર્ગમાં એક દેવળમાં પ્રાર્થના કરનારાઓ ગાંધીજીને મનગમતું ''પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ'' એ ભજન ગાતા હતા ત્યાં કુંભની ગાડી થોડી વાર થોભાવવામાં આવી. નદીકાંઠા પર જઈને કુંભને ફૂલોથી સજાવેલા મોટર ખટારામાંથી ઉપાડીને ''બતક''માં મૂકવામાં આવ્યો. ''બતક''માં બીજાઓ ઉપરાંત પંડિત નેહરુ અને સરદાર પટેલ, સરોજિની નાયડુ અને તેમની દીકરી, મૌલાના આઝાદ અને ગોવિંદવલ્લભ પંત તથા મહાત્માના બે દીકરા રામદાસ અને દેવદાસ હતાં. જળ અને સ્થળ ઉભય પર ચાલી શકનારી એ નૌકા પ્રવાહની વચ્ચોવચ જ્યાં ગંગાનાં શ્વેત અને જમનાનાં નીલ વારિ એકત્ર મળે છે ત્યાં પહોંચી. થોડે સુધી એ બંને જળપ્રવાહો સાથે મળી ગયા વિના અલગ અલગ વહે છે. એટલે બંનેને એકબીજાથી નિરાળા સહેલાઈથી જોઈ શકાય છે. અગ્નિદાહના બારમા દિવસે અહીં ગંગા, જમના અને સરસ્વતીના પવિત્ર સંગમ આગળ મહાત્માના પાર્થિવ દેહના બાકી રહેલા અવશેષોને પધરાવવામાં આવ્યા. અનાદિકાળથી એ ત્રણ નદીઓનાં નામો હિંદના ઇતિહાસના પોતમાં એકબીજા સાથે વણાઈ ગયાં છે. વેદોના મંત્રોચ્ચાર સાથે કુંભમાંના અવશેષો નદીના શાન્ત ઉદરમાં પધરાવવામાં આવ્યા એ વિધિ નદીના કાંઠા પરથી લગભગ ત્રીસ લાખ માણસોએ નિહાળ્યો હતો. તેઓ ''નિશાના પડછાયાને ઓળંગી ગયા હતા'' અને મૃત્યુમાંથી અમરત્વ પામ્યા હતા. નદી સમુદ્રમાં મળી ગઈ. મહાત્મા महत् તત્ત્વ સાથે એકરૂપ થઈ ગયા.

**એક 'એ' જ ટકે ને સૌ વિકારો જાય ને ફરે.**
**અનંત કાલ પર્યન્ત, પ્રકાશે દિવ્ય તેજ ને,**
**ઓછાયા અવનીના સૌ, સરી જાય અનંતમાં.**
**કાચના રંગરંગી કો ગુંબજ સમ જીવન**
**રંગ કૈં પૂરતું, શ્વેત શાશ્વતીના પ્રકાશમાં.**
**પીસીને જ્યાં લગી કાલ, ના એના ટુકડા કરે.**

**(પ્યારેલાલ કૃત 'મહાત્મા ગાંધી – પૂર્ણાહુતિ, પુસ્તક ચોથું અનુ. મણિભાઈ ભ. દેસાઈ. પૃ. ૪૪૭-૪૭૨માંથી ટૂંકાવીને સાભાર')**

## [illegible]

**પ્રહ્લાદભાઈ છ. પટેલ**

શ્રીનિવાસ રામાનુજન (જ.૧૮૮૭, ઇરાડ (તા.ના.) અ. ૨૬ એપ્રિલ, ૧૯૨૦ ચેટપટ, મદ્રાસ) ૨૦મી સદીના ભારતના મહાન ગણિતજ્ઞ ગણાય છે. ગરીબ પરિવારમાં જન્મેલા રામાનુજન પહેલેથી પ્રખર બુદ્ધિશાળી અને ગણિતની સૂઝવાળા હતા. એક વખતે તેમના શિક્ષકે ગણિત ભણાવતાં ભણાવતાં કહ્યું કે કોઈપણ સંખ્યાને તે જ સંખ્યા વડે ભાગતાં પરિણામ/(એક) મળે છે. ઉદાહરણ આપતાં કહ્યું કે ૧૦ કેરી દસ માણસોને વહેંચતાં, દરેકને એકેક કેરી મળે છે. માત્ર ૮ વર્ષના રામાનુજને તરતજ સવાલ કર્યો કે શૂન્ય(0)ને શૂન્ય(0) વડે ભાગતાં એક(૧) મળે ? તે રીતે જોતાં એક પણ કેરી ન હોય તો પણ દરેકને એકેક કેરી મળશે ? સવાલ વેધક અને મૂંઝવનારો હતો.

આવા તીક્ષ્ણ બુદ્ધિવાળા રામાનુજનનું જીવન અતિ સંઘર્ષમય રહેલું. પહેલેથી તેમનો પરિવાર દેવાના ભાર નીચે દબાયેલો હતો. માંદગી રામાનુજનનો ખાસ મિત્ર હતો. મદ્રાસમાં રામાનુજનને દયાભાવે ભણવાની સગવડ તો મળી. પણ આ પરોપજીવિતાની પરિસ્થિતિ તેમને અનુકૂળ આવી ન હતી, તેમને અકળાવનાર હતી. પણ આટલી નાની વયે લખેલા તેમના સંશોધન-લેખો વિદ્વાનોને અકળાવનારા હતા. તેમને સારી અને સાચી રીતે સમજનાર કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રો. જી. એચ. હાર્ડી નીકળ્યા. તેમણે રામાનુજનને અદ્ભુત સહાય કરી. તેમના સંશોધન લેખના ઊંડાણ અને ગુણવત્તા જોઈને કેમ્બ્રિજ યુનિવર્સિટીએ, નવો નિયમ પસાર કરીને તેમને B.A.ની ઉપાધિ આપી. હવે રામાનુજનને ઊભા રહેવાનું સાધન મળ્યું.

વિધિની વિચિત્રતા તો એ છે કે મદ્રાસમાં એક એવો

**(અનુસંધાન પૃ. ૩૦ પર)**

# સેવા અને નિષ્ઠાનું ઘરુવાડિયું

**મનુભાઈ જે. પટેલ**

સામાન્ય શાળાઓ કરતાં છાત્રનિવાસી શાળાઓ હંમેશાં ચડિયાતી અને સારી ગણવામાં આવે છે. કારણ કે બાળકના વિકાસ માટે શૈક્ષણિક જ્ઞાન ઉપરાંત જીવનના ઘડતર માટે છાત્રાલયમાં સમૂહજીવન સ્વાશ્રય, ભ્રાતૃભાવ, સેવાકાર્ય, સમર્પણભાવ અને સ્વાવલંબન જેવા અનેક ગુણોનો વિકાસ થાય છે. ભાવશે, ગમશે અને ચાલશેનો ત્રિવેણી ગુણ વિકસે છે. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલની ગૌરવગાથામાં છાત્રાલય/આશ્રમનો ખૂબ મહત્ત્વનો ફાળો છે. છાત્ર નિવાસી શાળામાં અધ્યાપક/ગૃહપતિ અને બાળક સતત એકસાથે જ અનેક પ્રવૃત્તિઓમાં સહભાગી રહેતા દેખાય છે. જેથી છાત્રાલય એટલે પોતાના જ ઘરનો પર્યાય. ઉત્તમ પરિણામો, ગુણવિકાસ, શારીરિક રીતે સક્ષમ, પ્રાતઃ/સાયં પ્રાર્થનાસભા ઉપરાંત જીવનને સ્પર્શતી તમામ બાબતો મેળવીને છાત્રો પોતાનું જીવન ઉત્તમ બનાવી શકે છે. આથી જ માણેકલાલ સાહેબ હંમેશાં ગર્વથી કહેતા કે ''સર્વ વિદ્યાલય કેમ્પસને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલની આભા-પ્રતિભા સ્પર્શે છે અને જેથી તેનું ગૌરવ વધારે છે.''

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જ સંસ્થાના મોવડીઓ અને પદાધિકારીશ્રીઓ બનીને તેની સેવા-સંવર્ધન સુપેરે કરી રહ્યા છે. સંચાલક મંડળ, શાળા અને છાત્રાલયનો ત્રિવિધ વહીવટની એકસૂત્રતા એ જ સર્વ વિદ્યાલયની પ્રતિષ્ઠા વધારી છે. આ સંવાદિતા સાધવામાં આચાર્યો, ગૃહપતિશ્રીઓ અને મંડળના પદાધિકારીઓની કર્મઠતા, દીર્ઘદૃષ્ટિ, સંપ અને સહકારની ભાવના ઉપરાંત સમર્પણ અને ત્યાગ ઉપરાંત બાળકો પ્રત્યેની નિષ્ઠા અને પ્રેમ જ કારણભૂત છે. મંડળમાં આજીવન સેવા આપનાર અનેક કાર્યકરોમાં મોખરે હતા વકીલશ્રી ધનાભાઈ એચ. પટેલ, મંત્રીશ્રી ધનાભાઈ સાહેબ કેમ્પસમાં આવે ત્યારે નિરાંતે આવે. બે/ચાર દિવસ જેટલું રોકાણ હોય. નાનામાં નાની અને મહત્ત્વની ઘણી વાતો ખૂબ જ દક્ષતા અને ધીરજથી હસતાં હસતાં કરતા. શાળા-સંચાલન, છાત્રાલયના પ્રશ્નો ઉપરાંત અમને બધાંને જીવનમાં ઉપયોગી થાય તેવી તમામ બાબતો અંગે માર્ગદર્શન આપતા. છાત્રાલયમાં છાત્રોને ભોજન સારું અને આરોગ્યપ્રદ મળે તે માટે સતત ચિંતા અને ચિંતન કરે. બાળકોનું ભોજનબીલ ઓછામાં ઓછું આવે તે માટે પણ કાળજી રખાવે. અનાજની ખરીદી, શાકભાજીની ખરીદી ઉપરાંત દૂધ-ઘીના વપરાશમાં પણ બગાડ થાય નહિ તેનું ધ્યાન રખાવે. એકવાર મંત્રીશ્રી ધનાભાઈ સાહેબે જણાવ્યું છે કે છાત્રાલયના આપણા કોઠારમાં સ્ટોકની ગણતરી/ચકાસણી કરાવો છો ખરા ? છાત્રાલયના કોઠારી શ્રી હીરાભાઈ પ્રામાણિક, નિષ્ઠાવાન વ્યક્તિ છે એટલે તેની જરૂર નથી એમ જણાવ્યું પણ સ્ટોકની ગણતરી કરીએ તો કેવું ? વર્ષોથી છાત્રાલય ચાલે. વળી કરિયાણાની દુકાનમાં હોય તેટલી જ વસ્તુઓ આશ્રમના સ્ટોરમાં હોય. તેના સ્ટોકની નોંધ અને દૈનિક વપરાશની નોંધ નિયમિત થાય, બાકી રહે તે સ્ટોકની નોંધ આગળ ખેંચાય. જે બરાબર છે. એવું અમે સૌએ જણાવ્યું, પરંતુ મંત્રીશ્રી ધનાભાઈએ આ સ્ટોક ગણતરીનો આગ્રહ રાખ્યો અને કોઠારી દ્વારા તેની ચકાસણી કરવાનું શરૂ કર્યું. ત્રણ-ચાર કલાકમાં જેટલી વસ્તુઓની ગણતરી/વજન કર્યું તેમાં બે વસ્તુઓમાં સાધારણ ઘટ દેખાઈ અને ત્રણેક વસ્તુઓમાં સ્ટોકપત્રકમાં દર્શાવ્યા કરતાં થોડું વધારે વજન નીકળ્યું. વળી સ્ટોરરૂમ નાનો જેથી વસ્તુઓ એકબીજા ઉપર ગોઠવેલી હોય જેથી અગવડ અને તકલીફ પણ પડે. આ દિવસે અમારા સૌની ગેરહાજરી છાત્રાલયની ઑફિસમાં અને મંડળ કાર્યાલયમાં દેખાઈ જેથી માણેકલાલ સાહેબ જ સ્ટોર રૂમ પાસે આવ્યા. પૂછપરછ કરી અને હસતાં હસતાં આ બધું બરાબર છે અને કોઠારી પોતે જ ખૂબ

જ કરકસરવાળા અને પ્રામાણિક છે એમ જણાવીને સ્ટોક ચકાસણીનું પ્રકરણ સમાપ્ત કરાવ્યું. આવી દીર્ઘદૃષ્ટિ અને શુદ્ધ વહીવટીની સમજ મંત્રીશ્રી ધનાભાઈ અને માણેકલાલભાઈમાં હતી. જેથી આજદિન સુધી છાત્રાલયના વહીવટમાં ક્યારેય આશંકા કે ખામી આવી જ નથી. અલબત્ત, કોઠારી પોતે જ પોતાના અંગત ઘર કરતાં છાત્રાલયની ચીજવસ્તુઓને ચકાસીને લાવતા અને જરૂરિયાત પ્રમાણે જ જે તે રસોડામાં તોળીને જ આપતા. છાત્રાલયના રસોડેથી કોઠારીની નોંધ વગર કોઈને પણ ચીજવસ્તુ મળી શકતી નહીં. દૂધના બીલ સાથે આ નોંધની રકમનું બીલ જે તે કર્મચારીને મળી જતું અને સમયસર કાર્યાલયમાં જમા કરવામાં આવતું. છાત્રાલયનો આવો સુંદર અને સંવાદિતાભર્યો વહીવટ બધે જ વખણાતો અને આદર્શ ગણાતો. છાત્રાલયની પ્રાતઃ પ્રાર્થના ટૂંકી થતી પણ સાયં પ્રાર્થનામાં સામાન્ય રીતે એકાદ કલાક થતો. પ્રાર્થના સભામાં હંમેશાં મહેમાન, આચાર્ય, ગૃહપતિ કે પદાધિકારીશ્રી દ્વારા જીવનમાં ઉપયોગી થાય તેવી વાતો સદૃષ્ટાંત કરવામાં આવતી. આવાં ઉપયોગી પ્રેરક પ્રવચનો મંત્રી શ્રી ધનાભાઈ, શ્રી ગણેશભાઈ કા. પટેલ અને આચાર્યો દ્વારા વારાફરતી કરવામાં આવતાં. જેથી પરોક્ષ રીતે બાળકોને જીવનનું ભાથું આપોઆપ મળી રહેતું. આજે પણ આપણા ભૂતપૂર્વ છાત્રો મળે છે ત્યારે આવાં પ્રેરક પ્રવચનોની વાતો કરતાં ગૌરવ અનુભવે છે.

છાત્રોની કાળજી ખૂબ જ પ્રેમ, લાગણી અને ભાવનાથી લેવામાં આવે છે. જેથી જ છાત્રોને છાત્રાલયમાં જ નિજ ઘરનું દર્શન થાય છે અને પ્રેમાળ ગૃહપતિશ્રીઓમાં પોતાના વાલીને જ દૃષ્ટિભૂત કરી શકે છે.

શાળા-છાત્રાલય અને મંડળના હિસાબો વ્યવસ્થિત અને નિયમિત રાખવાનું કામ વર્ષો સુધી શ્રી માધવલાલ પ્રભુદાસ પટેલે ખૂબ જ કુશળતાપૂર્વક કર્યું છે. તેમનું કામ સવારે આઠ વાગે શરૂ થતું. દશેક વાગે અડધો કલાક જમવા જાય અને પછી શાળામાં આખો દિવસ અને સાંજે પણ મંડળના હિસાબોની ચકાસણી નોંધ કરી કેશ નોંધ સાથે હિસાબી કાર્યાલય બંધ કરતા. સર્વ વિદ્યાલયની પ્રતિભા અને પ્રતિષ્ઠા નિખરાવવામાં શાળા/છાત્રાલયના નિષ્ઠાવાન કર્મચારીઓ અને મંડળના કર્મઠ અને દૃષ્ટિવંત પદાધિકારીશ્રીઓને ફાળે જાય છે. આ બધાંનાં તપ અને નિષ્ઠા જ સર્વ વિદ્યાલયની સર્વ સંસ્થાઓને મુખરિત કરી છે. સમગ્ર ગુજરાતમાં નવ નવ દાયકાઓ થયા છતાં 'યાવત્ નવ રૂપયતિ'ના ન્યાયે દિન પ્રતિદિન સર્વ વિદ્યાલય વિકસતું અને વિલસતું રહીને દીવાદાંડીની જેમ અન્યને માર્ગદર્શન આપે છે તે આનંદ જ નહિ ગૌરવની હકીકત બનેલ છે. આવા જ તપનો સંસ્પર્શ સૌ કોઈને અનુભવવા મળે છે.

શહીદ દિન : ૨૦૧૪ — **મનુભાઈ જે. પટેલ**

રૂપાણીનો માઢ, પૂર્વ આચાર્ય

ચાણસ્મા-૩૮૪૨૨૦ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી

## શિક્ષકોને બે વેણ

તમે તમારા ભણાવવાના વિષયમાં પારંગત હશો, પણ એટલાથી જ તમે ભણાવી નહીં શકો. ધોધમાર વરસાદ પડતો હોય તોપણ જો વાડકો ઊંધો હોય તો તેમાં ટીપું ય પાણી પેસી શકતું નથી. વિદ્યાર્થીઓના મનનો વાડકો તમારાથી ઊંધો ન થઈ જાય તેની સંભાળ રાખજો. આ વિદ્યાર્થીઓની અભિમુખતા ઓળખવામાં ને જાળવી રાખવામાં શિક્ષણની કળા છે. એ કંઈક અંશે કોઠાવિદ્યા છે તેવી જ રીતે પ્રયત્નપૂર્વક સાધ્ય થઈ શકે તેવી પણ છે.

આપણા શરીરનું હાડકું જ્યારે ભાંગે છે ત્યારે જુવાન ઉંમરના હોઈએ તો બંને હાડકાં સામસામે એકજાતનો રસ છોડે છે. આ રસ એ બંને ભાંગેલા-અલગ પડેલા હાડકાંને પણ એક કરી દે છે. જે ઘરડા હોય તેને આ રસ છૂટતો નથી ને હાડકાં કદી સંધાતાં નથી. આ શિક્ષણના ધંધામાં પણ વિદ્યાર્થી ને શિક્ષક બંનેના અંતરમાંથી આવો રસ છૂટવો જોઈએ. આ રસ જેને ન છૂટતો હોય તેણે દાળિયા મમરા વેચવાની હાટડી માંડવી પણ શિક્ષણના ધંધામાં ન પડવું. — **નાનાભાઈ ભટ્ટ**

# ઠેરના ઠેર : મોચીના મોચી

વિઠ્ઠલભાઈ અં. પટેલ

ઈ.સ. ૧૯૫૮ની સાલ છે. કૉલેજ (મે કે જૂન માસ યાદ નથી) સોમવારના દિવસે સવારના અગિયારે શરૂ થવાની છે. ૧૯૫૭માં બી.એસસી. (B.Sc.) થયા પછી વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરે ટ્યુટર (Tutor) તરીકે નોકરી આપેલી. સાથે સાથે એમ.એસસી. (M.Sc.) માટે ભણવાની પણ સગવડ આપેલી. મારા જેવા નાસ્તિક માણસને પણ પ્રભુ અણિના સમયે મદદ કરે છે તેનો આ પ્રત્યક્ષ અનુભવ છે. એ વખતે કેટલો પગાર મળતો ? તમારે મન મહિને ૧૪૫ રૂ.ના પગારની કિંમત નહીં હોય, પણ મારે મન તો તે સમયે મોટી કિંમત હતી. હું મારું પહેલું પેન્ટ એ પૈસામાંથી લાવેલો. મારા મોટાભાઈ માટે પેન્ટનું કાપડ આણંદની કાપડની દુકાનમાંથી ખરીદીને લઈ ગયેલો. અમારે પાડોશી ઇચ્છામાએ પૂછેલું, ''અલ્યા વિઠા, તને કેટલો પગાર મળે છે ?'' મેં ગર્વથી કહેલું, ''ઇચ્છામા, મને મહિને ૧૪૫ રૂ. મળે છે અને આગળ ભણવાનું પણ મળે છે.'' ઇચ્છામાએ કહેલું, ''વિઠા, તારા સાહેબ જોડે મને લઈજા અને હું તેમને કહું કે આટલો બધો પગાર આ વિઠાને કેમ આપો છો ?''

મારા પિતાજી સાચા અર્થમાં ખેડૂત ન હતા. તેઓ વેપારી અને ખેડૂત હતા. કપાસ અને મરચાંની દલાલીનો ધંધો કરતા. ગોળ, કપાસિયા, તેલ વગેરેની દુકાન. મારી બા ત્રણ ભેંસો રાખતી. ઘાસ લાવવાનું, ભેંસો દોવાનું, પાણી પાવાનું ત્રણસોને પાંસઠ દિવસ કામ. ખેડે તેની જમીનનો કાયદો આવ્યો અને આના કારણે બળદો રાખવા પડેલા. મારા મોટાભાઈ વેપાર પણ કરતા અને ખેતી પણ કરાવતા. અમારા ગામમાં ૧૯૫૨ની આસપાસમાં કૂવામાંથી પાણી ખેંચવા માટે જાપાનની બનાવટનું 'યાનમાર' એન્જિન લાવેલા. મારા મોટાભાઈ નવા નવા અખતરા કરનારા અને બહાદુર, પણ તેમને જાતે કામ કરવાનું ઓછું ગમે. તે સમયે તળાવ ઊંડાં કરવા માટે ગામના તળાવની માટીની કે ખોટની હરાજી થતી. ગામના તળાવમાં ગામના લોકો ભેંસોને નવડાવવા અને પાણી પાવા લાવતા. તળાવમાં જ ભેંસો અઘે અને મૂતરે. આના કારણે તળાવમાં રહેલી માટી ખેતીની રીતે કસવાળી ગણાય. આ માટીમાં ઉનાળામાં તળાવમાં પાણી ન હોય તો ચિરાડ પડે. આવી માટીને અમે ખોટ કહેતા. આ ખોટને ખોદીને કાઢો તો તળાવ ઊંડાં થાય અને પાણીનો વધારે સંગ્રહ કરે. આવા ખોટની હરાજી ગ્રામપંચાયત કરે. મારા મોટાભાઈએ આવા ખોટ હરાજીમાં રાખેલા.

કૉલેજ શરૂ થવાના આગલા દિવસે એટલે કે રવિવારે સવારના છ વાગ્યાથી અમે ખોટ ભરવાના શરૂ કર્યા. ટ્રક ભાડે લાવેલા અને ઘણા માણસો મદદ માટે રાખેલા. તળાવમાંથી ખોટ ખોદવાના અને બખડિયાં ભરીને ઉપાડીને ટ્રકમાં નાખવાના. ટ્રક ખોટથી ભરાય એટલે ટ્રકને ખેતરમાં લઈ જવાની. ખેતરમાં ચાલુ ટ્રકે પાવડાથી ખોટ પાડવાના. આ રીતે સવારના છથી શરૂ થયેલું કામ સાંજે નવ વાગે બંધ થયું. આ બધો વખત કામ કરાવતો જ રહ્યો. આ બધા ખોટ હાલમાં અમે જ્યાં રહીએ છીએ તેની નજીકના ખેતરોમાં ઠાલવેલા.

બીજા દિવસે એટલે કે સોમવારના સવારના વહેલા ઊઠીને ચાલતા ચાલતા સઈજશેરથા રોડ રેલવે સ્ટેશને પહોંચવાનું હતું. ત્યાંથી અમદાવાદ અને આણંદ જવાનું. રવિવારે આખો દિવસ ઘણું કામ કર્યું હોવા છતાંયે વહેલા ઊઠીને મારી બાએ લાપસી, રોટલા, દૂધ વગેરે તૈયાર કરીને, મને બરાબર નાસ્તો કરાવ્યો. ઘેરથી તૈયાર થઈને સઈજશેરથા રોડ સ્ટેશને જવા નીકળ્યો. પાટણથી અમદાવાદ જતી ગાડીમાં બનતાં સુધી જવાનું હતું. આ ગાડી સવારના છ અને સાડા છ વચ્ચે સઈજશેરથા રોડ

સ્ટેશને આવતી. હું જવા નીકળ્યો ત્યારે મારી બા જે રીતે જોઈ રહેલી તે ભુલાય તેમ નથી. જાણે કે મારી આખી યે જિંદગી કેમ જશે તેની ચિંતા અને વ્યથા તેના મોઢા ઉપર જોઈ શકાતી હતી. મારા પિતાજી ભાગોળથી આગળ મહાદેવ જોડેના નાળિયા સુધી મૂકવા આવ્યા. આગલા દિવસે પૂનમ હોઈને સવારના આથમતા ચંદ્રથી આખું ય ગામ પ્રકાશિત લાગતું હતું. સુંદર મઝાનું વાતાવરણ હતું. નાળિયા સુધી આવ્યા અને જ્યાં સુધી હું નજરમાંથી દેખાતો બંધ થયો ત્યાં સુધી જોતા જ રહ્યા. એમની જોવાની રીત અને મોઢા ઉપરના ભાવ ઉપરથી જોઈ શકતો હતો કે ભલે ત્રણ કે ચાર મહિને હું પાછો આવવાનો હતો, પણ તેમના માટે મારી વિદાય જરાયે સહેલી ન હતી. આજે હું બધું યાદ કરું છું ત્યારે એવું લાગે છે કે મારા જેવો કોઈ નસીબદાર નહીં હોય !! મારાં બા અને બાપુજી કેવાં અલૌકિક માણસો હતાં !!

એ સમયે ગામડે ગામડે દૂધ એકત્ર કરવાનાં ડેરીનાં કેન્દ્રો ન હતાં. શેરથા ગામનું વધારાનું દૂધ અમદાવાદમાં વેચાતું હતું. માણસો લગભગ ૨૦ કિલોગ્રામ વજન માથે લઈને ચાલી શકે, એ રીતે બનાવેલા દેઘડામાં દૂધ ભરીને શેરથાથી આ જ ગાડીમાં અમદાવાદ જવા આવતા. આ જ રીતે સાંજના પણ આવતા. સઈજશેરથા રોડથી આણંદની ટિકિટ લીધી. ગાડીમાં બેઠો. ઘર છોડવાનું અઘરું હતું પણ શીખવાનું અને શીખવવાનું ગમતું હોઈને વલ્લભવિદ્યાનગર જવાનો આનંદ પણ હતો. પ્રોફેસરોના વર્ગમાં ભણાવ્યા પછી અમારે વિદ્યાર્થીઓને તેમના હોમવર્ક અને તેમની મુશ્કેલીઓ માટે મળવાનું હતું. આથી પહેલા દિવસે ટ્યુટરો અને ડેમોસ્ટ્રેટરોએ વર્ગો લેવાના ન હતા. અમદાવાદથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં બેઠો અને આણંદ સ્ટેશને પહોંચ્યો. આખા ઉત્તર ગુજરાતના વલ્લભ વિદ્યાનગર ભણનારા વિદ્યાર્થીઓનું ટોળું આણંદ સ્ટેશને દેખાતું !! સામાન હોઈને આણંદથી વલ્લભ વિદ્યાનગર બસમાં જવું પડેલું. સરદાર પટેલ યુનિવર્સિટી નવી જ હતી અને તેની નવી પોસ્ટ ગ્રેજ્યુએટ હૉસ્ટેલના નીચેના સુપરિન્ટેન્ડન્ટના ક્વાર્ટરમાં ચતુરભાઈ પ્રજાપતિ, મહેશભાઈ દેસાઈ અને હું રહેતા. મઝાના દિવસો હતા. ચતુરભાઈ અને હું ખાસ મિત્રો બની ગયેલા. ભણવું અને ભણાવવું અમારું કામ હતું. દર શનિવારે અમે બંને સાંજના ચાલતા ચાલતા આણંદ સિનેમા જોવા જતા અને ચાલતા પાછા આવતા. કોઈ કોઈ વખત સિનેમા ચાલુ થાય ત્યારે બંને જણ સામ સામે જોઈએ કારણ કે આ ફિલ્મ તો ગયા અઠવાડિયે જોયેલી !! બંને જણ અમારા કામમાં મશગૂલ હોઈને આ જાણવાની કે જોવાની અમને અગત્યતા ન હતી. અઠવાડિયાના અઢાર પિરિયડો ભણાવવાના અને ત્રણ કે ચાર પિરિયડો M.Sc.ના ભરવાના. આ બંને વર્ષો ૧૯૫૭થી ૧૯૫૯ સુધી મેં ખૂબ જ આનંદથી મહેનત કરી છે અને તેનાં ફળો પણ હજુ હું ભોગવી રહ્યો છું. મારા મિત્ર ચતુરભાઈ પ્રજાપતિ ઘણાં વર્ષો ખંભાતમાં ત્યાંની સાયન્સ અને આટ્ર્સ કૉલેજના આચાર્ય તરીકે રહેલા.

વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયના ઘણા બધા અધ્યાપકોનો હું ખૂબ જ ઋણી છું. ઘણા બધાની શીખવવાની પદ્ધતિનું મેં અનુકરણ પણ કર્યું છે. ભૌતિકશાસ્ત્રના ડૉ. કે. બી. શાહ અને પ્રો. પાલધીકર સાહેબ અદ્‌ભુત શિક્ષકો હતા. કે. બી. શાહના કેપ્લરના નિયમો અને પાલધીકર સાહેબનું રધરફોર્ડનું એટમના મોડલનું વર્ણન યાદ આવી જાય છે. પ્રો. વી. એફ. શાહ, પ્રો. સી. એસ. પટેલ અને પ્રો. એ. ડી. બેંકર બહુ જ સુંદર રીતે વર્ગમાં ભણાવતા. બરાબર તૈયાર થઈને જ આવતા. ખરેખર મારે તેમને શોધીને અંતઃકરણપૂર્વક આભાર માનવો જોઈએ. શિક્ષક તરીકે નહિ પણ માનવ તરીકે મને ગમતા ગણિતવિભાગના ડૉ. આઈ. એમ. પંડ્યા હતા. મારા ભારતના વિદ્યાર્થીકાળ દરમિયાન કોઈ નિખાલસ પ્રોફેસર મળ્યા હોય તો તે પંડ્યા સાહેબ. વર્ગમાં કદાચ કોઈ ગૂંચવણ ઊભી થાય તો વિના સંકોચે પંડ્યા સાહેબ કહેતા, ‘‘ભૂલી ગયો છું. આવતી કાલે કહીશ.’’ આવું ઘણી વખત બનતું. મિત્ર જેવા બની ગયેલા. વલ્લભ વિદ્યાનગરમાં ઓપન ઍર થિયેટરમાં (કોમર્સ કૉલેજની આગળની લૉન) ઘણી વખત સંગીતના પ્રોગ્રામમાં વાયોલિન વગાડતાં જોયા હતા.

ઈ.સ. ૨૦૧૨ની સાલ છે. ૧૯૫૮માં જે ખેતરોમાં ખોટ ભરેલા તે ખેતરોની આસપાસ તારની વાડ કરેલી છે, પણ કોઈ કોઈ જગ્યાએ ટૂંકો રસ્તો કરવા લોકો તાર કાપે છે. આ વાડમાં જગ્યા થાય છે અને રોજ સરળતાથી

આમાંથી આવજા કરી શકે છે. ખેતીમાં મદદ કરનારની બિનકાળજીથી રોઝડાંઓ એક ખેતરના લગભગ તૈયાર થયેલા ઘઉંના ઘણા છોડ ખાઈ ગયાં. દરરોજ ખેતરોમાં બધું જોવા માટે જાઉં, પણ તે ખેતરની આસપાસ જવાની હિંમત ચાલતી નહિ. તે ખેતર જોઈને આંખમાં આંસુ આવી જતાં. બે વીઘામાંથી ફક્ત ૪૦ કિલોગ્રામ ઘઉં થયા !! અમે મે મહિનામાં અમેરિકા ગયેલા અને ઑક્ટોબરમાં પાછા આવ્યા. વરસાદ આવ્યો અને સમયસર ન આવ્યો હોઈને ડાંગર પણ ન પાકી. ખેતીવાડીમાં ચારે બાજુ નિરાશાજનક સમાચાર હતા !! રોઝડાંના ત્રાસના કારણે શું કરવું તેની સમજ પડતી ન હતી. મારી સમજથી ૧૯૫૦થી જે જમીનમાં સરસ પાકતું, તે ખેતીનું શું કરવું તે પ્રશ્ન હતો. મારા હાથે ખેતી બંધ કરીને જે ઊગે (સામાન્ય રીતે બાવળિયા) તે જોઈને જીવ બાળવો કે નવી ઊંચી અને મજબૂત તારની વાડ કરીને રોઝડાંઓના ત્રાસથી બચવું. આર્થિક રીતે બંને રીતે નુકસાન છે. ઘણાની મદદથી ઊંચી અને મજબૂત તારની વાડ કરી. સાચવી શકીએ તો ઘણાં વર્ષો રોઝડાંની સામે રક્ષણ આપશે. ૨૦૧૩માં ૧૪ વીઘાના ૧૦૦૦૦ કિલોગ્રામ ઘઉં પકવીને અગાઉની તોલે ખેતી આવી.

સિંદબાદની જેમ ૧૯૫૮થી ૨૦૧૩ વચ્ચે મેં પણ ઘણી મુસાફરીઓ કરી છે. આ મુસાફરીઓ વિજ્ઞાનક્ષેત્રે, ગણિતક્ષેત્રે અને બીજાં ઘણાં ક્ષેત્રે કરી છે. આ મુસાફરીઓનો આનંદ અનહદ હતો. આ મુસાફરીઓનો વર્ણન કરવાનો આ પ્રયત્ન છે. કદાચ તમે નાયગ્રા ધોધનું ચિત્ર જોયું હોય કે નજરે જોયો હોય, તો તે જોઈને મન પ્રફુલ્લિત થઈને મલકી ઊઠે, તેમ યુક્લિડની પૂર્વ ધારણાઓ ઉપરથી ઘણા પ્રમેયો સાબિતી સાથે મળે તે જોઈને પણ મન પ્રફુલ્લિત થઈને મલકી ઊઠે.

મને ગણિત, ભૌતિકશાસ્ત્ર અને ખેતીમાં રસ છે. ખેતી માટે જરૂરી મહેનતનું કામ ઉંમર પ્રમાણે કરું છું. આ લેખ પૂરો કરતાં પહેલાં બે દિવસમાં પાંચ વીઘા ટ્રેક્ટરથી ખેડ્યું, કારણ કે ટ્રેક્ટર ચલાવતાં શીખવું હતું. ખેતીની હૈયાસૂઝ નથી, કારણ કે ૧૯૬૫થી ૨૦૦૫ સુધી ખેતી જોઈ નથી. આથી મારી જાતને ખેડૂત ગણાવવાની ઇચ્છા હોવા છતાં ખેડૂત ગણાવી શકતો નથી.

(નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ
મુ.પો. શેરથા, તા. જિ. ગાંધીનગર-૩૮૨૪૨૩)

**(અનુસંધાન પૃ. ૨૫નું ચાલુ)**

સમય હતો જ્યારે તેમને આર્થિક સંકડામણને કારણે બે વખત ખાવા માટેનાં ફાંફાં પડતાં. નાણાભીડથી તે તંગ આવી ગયેલા; 'Then no money to eat.' તે છતાં, તેમના વિચારો, ચિંતન અને સંશોધન ઉપર જરાય વિપરીત અસર થઈ નહીં, મનોબળ મજબૂત હતું.

મદ્રાસ યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ મળતાં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં જોડાયા. ખાવા, રહેવા અને ભણવાનો પ્રશ્ન સારી રીતે હલ થયો. પણ પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં, તેમની મુશ્કેલીમાં વધારો થયો, કારણ કે તે સમયે યુનિવર્સિટીનું આયોજન યુદ્ધલક્ષી રહ્યું, અને અન્ય પ્રકલ્પો બાજુ ઉપર મૂકવા પડ્યા. તેમના સંશોધન માર્ગદર્શક પ્રો. લિટલવુડને યુદ્ધાગ્રે (warfront) ઉપર જવું પડ્યું. ખેડૂતો પણ યુદ્ધમાં જોડાતા, શાકાહારી ખોરાક મળવો અસંભવિત બન્યો, શાકાહારી ખોરાકના વિકલ્પો નહીંવત્ બન્યા, કારણ કે શાકભાજી અલભ્ય બન્યાં, અને બીજા શાકાહારી ખાદ્ય પદાર્થોની પણ ભારે તંગી વર્તાવા લાગી. આથી રામાનુજન માટે, પૈસા હોવા છતાં, શાકાહારી ખોરાકની વ્યવસ્થા અસંભવિત બની. એથી કરીને હવે Now no time to eat.

રામાનુજને આ બધી વિટંબણાઓ વચ્ચે TB થયો. તે એટલો ઘાતક તો નહીં પણ ઇંગ્લેન્ડનો આહાર અને હવામાન તેમને માટે ભારે પ્રતિકૂળ હોવાને કારણે તેમને ભારત પાછા આવવાની ફરજ પડી. સંખ્યાઓના ગુણધર્મોનો રામાનુજન એન્સાક્લોપીડિયા હતા. તેમના માર્ગદર્શક પ્રો. લિટલવુડના મને પ્રત્યેક ધન પૂર્ણાંક રામાનુજનનો અંગત મિત્ર હતો. માંદગીના બિછાને પડેલા રામાનુજનને મળવા પ્રો. હાર્ડી ગયા. તેમણે કહ્યું કે જે ગાડીમાં તે આવ્યા તેનો નંબર ૧૭૨૯ હતો, તે કંઈ ખાસ બાબત ન ગણાય. અશક્ત રામાનુજને કહ્યું કે તેમ નથી હાર્ડી સાહેબ, તે નંબર તો રસપ્રદ છે. તે એવી નાનામાં નાની સંખ્યા છે જે બે રીતે બે સંખ્યાઓના ધનના સરવાળા બરાબર થાય છે, જેમકે

$૧૭૨૯ = ૧૦^3 + ૯^3$ * $૧૭૨૯ = ૧૨^3 + ૧^3$

આવા તો ઘણા કોયડા તેમણે આપ્યા છે અને ઉકેલ્યા પણ છે. ભારત સરકારે ૨૦૧૨ના વર્ષને રામાનુજનની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે તે સાલને 'ગણિતના વર્ષ' તરીકે ઉજવણી કરી. તેમાં સમગ્ર રાષ્ટ્રમાં વિવિધ કાર્યક્રમો યોજીને રામાનુજનને સમુચિત રીતે યાદ કર્યા છે.

(પૂર્વ અધ્યક્ષ-પ્રાધ્યાપક-ભૌતિકવિજ્ઞાન વિભાગ
એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯)

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**શિક્ષણની માવજત** / નર્મદ ત્રિવેદી; સંપા : ડૉ. પિનાકીન ન. ત્રિવેદી અને શિલ્પા પિ. ત્રિવેદી. મહેસાણા : સંપાદકો (એ/૩૮, ઉત્સવ બંગ્લોઝ, સુખાપુરા, મહેસાણા-૨), ૨૦૧૩. ૧૮૦ પૃ. કિ. રૂ. ૧૨૫/-

પ્રસ્તુત ગ્રંથને એક મૂલ્યનિષ્ઠ અને પ્રતિબદ્ધ શિક્ષક - આચાર્ય શ્રી નર્મદભાઈ ત્રિવેદીએ પોતાની સુદીર્ઘ કારકિર્દી દરમિયાન અને નિવૃત્તિ બાદ એક જાગરૂક સમાજ-શિક્ષક તરીકે શિક્ષણની માવજત અર્થે કરેલ મથામણો - પ્રયોગો અને પ્રાપ્ત ફરજપાલન માટે સ્વૈચ્છિક રીતે વેઠેલ સંઘર્ષોના પરિણામે પ્રાપ્ત પ્રેરણાદાયી અને અનુકરણીય અનુભવોને વાચા આપતા પસંદગીના ૩૭ સુચિંતનીય લેખોનો સંચય છે. આ ઉપરાંત એક લેખ (અ.નં. ૩૪) શ્રીમતી શાંતાબેન ત્રિવેદી અને અન્ય એક લેખ (અ.નં. ૩૫) પ્રિ. ગૌરીશ ત્રિવેદી કૃત છે, જેમાં વસ્તુતઃ આચાર્ય ત્રિવેદીનાં કાર્યોની જ સરાહના છે. આ બધા લેખો આ પૂર્વે ‘પ્રગતિશીલ શિક્ષણ’, ‘નૂતન શિક્ષણ’, ‘જીવનશિક્ષણ’, ‘સારસ્વત’, ‘માધ્યમિક શિક્ષણ’, ‘ઘરશાળા’, ‘નિરીક્ષક’, ‘જર્નલ ઓફ એજ્યુકેશન’ વગેરેમાં પ્રકાશિત થયેલા છે, તેમજ કેટલાક લેખો ખરા અર્થમાં રાષ્ટ્રીય પરિસંવાદોમાં પણ રજૂ થયા છે, અને શ્રેષ્ઠ લેખો તરીકે પુરસ્કૃત પણ થયા છે.

અહીં ગ્રંથસ્થ લેખો એક કાર્યશીલ આચાર્યશ્રી દ્વારા હાથ ધરાયેલ બહુવિધ અર્થપૂર્ણ પ્રવૃત્તિઓની ઝાંખી કરાવવાની સાથે સાથે પ્રકારાન્તરે આચાર્યશ્રી નર્મદ ત્રિવેદીનું પ્રારંભથી અદ્યાવધિ સુધીનું આત્મવૃત્તાંત પણ રજૂ કરે છે, જેના માધ્યમ થકી આપણને ગુજરાત અને સવિશેષતઃ સાબરકાંઠાની શિક્ષણ પ્રવૃત્તિઓ અને સમસ્યાઓનો ચિતાર મળી રહે છે. તેમણે પ્રવર્તમાન શિક્ષણની દશા અને દિશાથી વ્યથિત થઈ શિક્ષણની ધમધમતી હાટડીઓના યુગમાં ખાનગી સંચાલકોનો ખોફ વ્હોરીને પણ નિર્ભીકતાપૂર્વક નોંધ્યું છે કે “આજનું શિક્ષણ ઈશ્વર પરની શ્રદ્ધા ડગાવે તે દિશામાં જઈ રહ્યું છે. શાળેય પ્રવૃત્તિઓ માનસ ઘડતર માટે મહત્તમ ઉપયોગી હતી. સ્પર્ધા અને ઈર્ષ્યા બંને પરિબળો શિક્ષણક્ષેત્રે પ્રવેશ્યાં લાગે છે... બાળકોને પોતાની મસમોટી એરકન્ડિશન્ડ મહાલયો જેવી શાળાઓમાં ભણાવતા ખાનગી સંચાલકો ભલે પુણ્યનું ભાથું બાંધવાનું ફળ માનતા હોય, પણ તેમને પુણ્યનું કોઈ ફળ પ્રાપ્ત થવાનું નથી. પ્રયત્નપૂર્વક પાપ કરી પુણ્યફળની ભ્રમણા તેમને પાપમાં નાખે છે. અત્યારે જેમાં એક પણ બાળક વિદેશી ના હોય તે વિદેશની કોઈ એજન્સી સાથે જોડાયેલ પણ ન હોય તેવી શાળાઓ ઇન્ટરનેશનલ સ્કૂલનાં બોર્ડ-બેનર જાહેરાતો પ્રસિદ્ધિ મેળવી સમાજ સાથે ભયંકર છેતરપિંડી આચરે છે. દશકા પહેલાં શાળાઓનાં પાટિયાં વેચાતાં હતાં. તે દલાલો આજે ઇન્ટરનેશનલ સ્વરૂપે સમાજને છેતરી રહ્યાં છે ! (આ) ઇન્ટરનેશનલ સ્કૂલોએ ગ્રામ્ય બાળકોનું તેજ હણી લીધું છે”, “બુનિયાદી શિક્ષણ ફારસરૂપ બન્યું છે. કાર્યાભિમુખ બનાવાને બદલે કાર્યવિમુખ બનાવતી આર્ટ્સ, કોમર્સ અને વિજ્ઞાન કૉલેજો શો રૂમ જેવી બની છે.” વગેરે ધ્યાનાર્હ બની રહે છે. આ ઉપરાંત સાબરકાંઠા જિલ્લામાં ‘શિક્ષણ શુદ્ધિ અભિયાન’ના નેજા હેઠળ શિક્ષણક્ષેત્રમાં જાહેર દૂષણો સામે લડત આપવાની પ્રવૃત્તિ તેમજ ‘ભ્રષ્ટાચાર પ્રતિકાર મંચ’ની સ્થાપના અને આ અંતર્ગત ગુણવંત શાહ, ડૉ. એન. વિઠ્ઠલ, અણ્ણા હજારે, આચાર્ય રામમૂર્તિ વગેરેને હિંમતનગર આમંત્રીને તેમનાં જાહેર વ્યાખ્યાનોના આયોજનનું સામે પૂરે તરવાનું - કાર્ય આપણા નર્મદભાઈ જ કરી શકે !

આચાર્ય ત્રિવેદીના શિક્ષણ ચિંતનની આગવી વિશેષતા એ છે કે તેમણે શિક્ષણના આદર્શ અને તેના સૈદ્ધાન્તિક પાસાના ગુણદોષોની ચર્ચામાં ન ઊતરતાં તેમને આચરણમાં મૂકીને જે લાધ્યું તે અને તેની પ્રક્રિયાનું

યથાતથ નિરૂપણ કર્યું છે, પરિણામે વધુ પ્રતીતિકારક બનીને મહોરી ઊઠ્યું છે. ઉદા. તરીકે 'એક ગ્રામ્ય શાળાની અનુકરણીય કામગીરી', 'અમે અમલમાં મૂકેલો નવી તરાહનો ૨૦ મુદ્દાનો કાર્યક્રમ', 'શાળામાં નવવિચાર પ્રસરણની વિશિષ્ટ પ્રણાલી : શાળા સંકુલ', 'શૈક્ષણિક પ્રવૃત્તિ - રામ દુકાન', 'સમાજોપયોગી ઉત્પાદનલક્ષી શ્રમકાર્ય' વગેરે લેખોમાં શાળા દ્વારા હાથ ધરવામાં આવેલ ગ્રામ્યસેવા યોજનાની પ્રવૃત્તિઓ, જેમકે સેવા વિસ્તરણ કેન્દ્ર, પ્રૌઢશિક્ષણ, ગ્રામ્ય રમતગમત કેન્દ્ર, જાહેર આરોગ્ય સેવાઓ, યુવાવિકાસ, શાળામાં સહકારી દુકાન શરૂ કરવી તથા શાળાની જમીનમાં ઉત્પાદનલક્ષી પ્રવૃત્તિઓ કરવી, માધ્યમિક શાળાની આસપાસના વિસ્તારની પ્રાથમિક શાળાઓનું સર્વેક્ષણ અને શિક્ષણની ગુણવત્તા સુધારણા કાર્યક્રમ, શિણોલ, ઇલોલ અને હિંમતનગરની હાઈસ્કૂલોને દૃષ્ટિસંપન્ન નેતૃત્વ પૂરું પાડી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઓળખ પેદા કરાવવી, 'સમન્વય' શિક્ષણ સંવર્ધન અભિયાન હેઠળ હાથ ધરેલ પ્રવૃત્તિઓ, યુવાવયે લીધેલ પાંચ પ્રતિજ્ઞાઓનું યથાર્થ પાલન કરવું વગેરે બાબતો ઉદાહરણ સ્વરૂપ અને પ્રેરણાદાયી છે.

અહીં ગ્રંથસ્થ લેખોમાં 'વિદ્યાર્થીઓમાં વૈયક્તિક તફાવત અને ઉકેલ', 'ફુરસદના સમયનો શૈક્ષણિક ઉપયોગ - સિદ્ધિ' વગેરે ક્રિયાત્મક સંશોધન લક્ષી લેખો અને તેનાં તારણો બાળકોને સઘન અભ્યાસ તરફ પ્રેરવા ઉપકારક નીવડે તેવાં છે. સામાન્યતઃ શાળાના આચાર્ય શાળા સંચાલનની કામગીરીમાં ગળાડૂબ રહેતા હોય તેવી પરિસ્થિતિમાં મોટી શાળાના આચાર્યની સભાનતાપૂર્વક જવાબદારી અદા કરવાની સાથે સાથે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ, માધ્યમિક-ઉચ્ચમાધ્યમિક શિક્ષણ બોર્ડ, પાઠ્ય પુસ્તક મંડળના સભ્ય વગેરે રાજ્ય અને જિલ્લા સ્તરનાં અનેકવિધ શૈક્ષણિક-સામાજિક સંગઠનો સાથે સક્રિય રીતે જોડાયેલા હોય તેવી પરિસ્થિતિમાં શૈક્ષણિક સંશોધનમાં નિસબત ધરાવવી એ એક અસાધારણ ઘટના સમાન છે. આ ઉપરાંત માધ્યમિક શાળાઓના રાષ્ટ્રીયકરણ માટે સૂચિત માળખું તૈયાર કરવું તથા આ ગ્રંથના પાને પાને પ્રસ્ફુટિત થતી તેમની શિક્ષક-શિક્ષણની વિભાવના અને સમાજ પાસેની અપેક્ષાઓ તથા ચિંતા, વિદ્યાર્થી માત્રના વિકાસમાં અને તેમાંય પછાતવર્ગની કન્યાઓને અંગત રીતે મદદરૂપ નીવડવું વગેરે બાબતો આચાર્ય ત્રિવેદીને મૂઠી ઊંચેરા આચાર્ય - કેળવણીકાર તરીકે પ્રસ્થાપિત કરી આપે છે. વ્યવસાયિક રીતે વયમર્યાદાના કારણે નિવૃત્તિ મેળવ્યા બાદ વતનના ગામ રાવોલનું ઋણ અદા કરવા સતત બે ટર્મ સુધી સરપંચ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવીને ગ્રામવિકાસ અને લોકસેવાનાં ઉદાહરણસ્વરૂપ કાર્યો કરવા ઉપરાંત એક અદના કેળવણીકાર તરીકે અવૈધિક શિક્ષણના કેન્દ્ર તરીકે ગ્રામ ગ્રંથાલયની સ્થાપના કરવી વગેરે બાબતો તેમને હાડે કેળવણીકાર તરીકે પ્રસ્થાપિત કરી આપે છે.

આ ગ્રંથને આવકારતાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ શ્રી ચંદ્રકાન્ત ત્રિવેદીએ 'પ્રાસ્તાવિક'માં, ''રાવોલથી દિલ્હી સુધી શૈક્ષણિક યાત્રાની અનુભૂતિ કરાવતું શિક્ષણની માવજતનું આ પુસ્તક અનુભવોની ખાણ છે'' તરીકે નવાજેલ છે અને 'પ્રકાશકીય'માં શાન્તાબેન ન. ત્રિવેદીએ ''વાસ્તવિક શિક્ષક દ્વારા કરાવેલ નવતર પ્રયોગો અને શિક્ષણને ઘાટ આપવા માવજત કરતા પ્રાપ્ય અનુભવો પરથી લખાયેલ લેખો બાળકને અને સંવેદનશીલ શિક્ષકોને તથા આચાર્યોને પ્રેરણા દેશે'' - સેવેલ અભિલાષા શતપ્રતિશત પુરવાર થશે તેમ ગ્રંથના વિષયવસ્તુને-અનુભૂત વાણીને જોતાં સ્પષ્ટ પ્રતિફલિત થાય છે. આ ગ્રંથ સમગ્રતયા શિક્ષકો - આચાર્યો-શાળા સંચાલકો માટે દિશાપ્રેરક બની રહેશે.

પ્રસ્તુત ગ્રંથમાં આચાર્યશ્રીની કલમે અભિવ્યક્ત વ્યવહારમૂલક તથા સૈદ્ધાન્તિક પાસાની અને એક નીવડેલ કેળવણીકાર તરીકેની સાહેદી ગુજરાતના અગ્રગણ્ય શતાધિક શિક્ષણવિદો, બૌદ્ધિકો, સહકાર્યકર સારસ્વત આચાર્યો-શિક્ષકો, વહાલા વિદ્યાર્થીઓ, પરિવારજનો વગેરે સૌએ આચાર્યશ્રીના અમૃતપર્વની ઉજવણી પ્રસંગે પ્રકાશિત **'સારસ્વત વીર : નર્મદ ત્રિવેદી'** અભિવાદન ગ્રંથમાં સ્વાનુભવના આધારે હૃદયના ઉમળકાભેર અભિવ્યક્ત કરી છે. ઉદા. તરીકે સ્વામી સચ્ચિદાનંદજી 'ટમટમતી દીવડીઓમાંના એક', ગુણવંત શાહે 'એક...જુદી માટીનો માનવી', ડૉ. દાઉદભાઈ ઘાંચીએ નર્મદ પંચકર્મ અંતર્ગત એક આગવા ઇન્સાન, સંવેદનાભર્યા નેતા, કર્મશીલ વ્યક્તિ અને સંનિષ્ઠ મૂલ્ય

લડવૈયા, પ્રિ. કેશુભાઈ પટેલે 'સંનિષ્ઠ શિક્ષક, દષ્ટિવંત આચાર્ય, કુશળ-મૌલિક કેળવણીકાર અને સમર્પિત લોકસેવક', પ્રા. તુલસીભાઈ પટેલે 'બહુમુખી પ્રતિભા ધરાવનાર બિન સાંપ્રદાયિકતાનો ઉત્તમ નમૂનો એટલે પ્રિ. નર્મદ ત્રિવેદી અને શ્રીમતી શાંતાબેન ત્રિવેદી', મનસુખ સલ્લાએ કેળવણીનું કોડિયું પ્રજ્જ્વલિત રાખનાર દષ્ટિસંપન્ન ઉત્તમ આચાર્યો પૈકીના એક અને ડૉ. કેશુભાઈ દેસાઈએ 'મૂલ્યનિષ્ઠ સમર્પિત જીવન જીવનાર સમાજ શિક્ષક' તરીકે નવાજેલ છે. અહીં ગ્રંથસ્થ લેખો આચાર્યશ્રીનાં ઓજસ્વી અને સહૃદયી વ્યક્તિત્વનાં અનેકવિધ પાસાંઓને ઉઘાડી આપે છે. એક પ્રાણવાન શિક્ષક-આચાર્ય એટલે શું ? અને તે સમાજ-રાષ્ટ્ર માટે શું કરી શકે તે આચાર્યશ્રી નર્મદભાઈએ ચરિતાર્થ કરી બતાવ્યું છે. રાષ્ટ્ર આવા સમર્થ શિક્ષકો-આચાર્યોથી સદાય સંપન્ન બની રહો તેવી અભ્યર્થના સાથે શ્રી નર્મદભાઈને અભિવંદના ! – **મણિભાઈ પ્રજાપતિ**

**હોમી જહાંગીર ભાભા** / પ્રહ્‌લાદભાઈ છ. પટેલ. અમદાવાદ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન, ૨૦૧૩. vii, ૮૫ પૃ. : ૮ આર્ટ પૃ. (શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી; ૧૨). કિ. રૂ. ૯૦/-

'ગુજરાત વિશ્વકોશ'ના ભૌતિક વિજ્ઞાન વિભાગના પરામર્શક અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના ભૌતિકશાસ્ત્ર વિષયના સેવાનિવૃત્ત પ્રોફેસર-અધ્યક્ષ શ્રી પ્રહ્‌લાદભાઈ પટેલ કૃત 'હોમી જહાંગીર ભાભા' ચરિતગ્રંથ ગુજરાતીમાં રચાયેલ વૈજ્ઞાનિકોના ચરિતગ્રંથોમાં વિષયવસ્તુની માવજત અને પસંદગીનો વિવેક, હૃદ્ય અભિવ્યક્તિ, લાઘવતા વગેરેની દષ્ટિએ આગવી ભાત ઉપસાવે છે. નોંધપાત્ર બાબત છે કે વૈશ્વિકસ્તરે પ્રખર બુદ્ધિપ્રતિભાસંપન્ન ભૌતિકશાસ્ત્રીનું ચરિત્ર તે જ વિષયના બહુશ્રુત અને અધિકૃત અધ્યાપકની કલમે આપણને મળે છે. પરિણામસ્વરૂપે ચરિત્રનાયકના કૌટુંબિક જીવન અને શિક્ષણ સંબંધી માત્ર ખપ પૂરતી પસંદગીની આધારસામગ્રી-અર્થાત્ સમગ્ર ગ્રંથમાં આ સંબંધી અત્રતત્ર વિખરાયેલ માહિતી એકઠી કરવામાં આવે તો આશરે ત્રણ-ચાર પેજ જેટલી થાય - લઈને આપણને ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનો અને સવિશેષતઃ ભૌતિકવિજ્ઞાન ક્ષેત્રનાં સંશોધનોનો રસપ્રદ ઇતિહાસ અને આ ક્ષેત્રે વૈશ્વિકસ્તરે ભારતનું સ્થાન દર્શાવતો નાનકડો અણમોલ ગ્રંથ મળી રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો અહીં ભારતના પરમાણુયુગના સર્જક અને ભીષ્મપિતા એવા ડૉ. ભાભાનાં ઓજસ અને તેજસને ઉજાગર કરવાનો લેખકનો એક માત્ર ધ્યેય રહ્યો છે. વધુમાં ડૉ. ભાભાના વ્યક્તિત્વનાં અંતરંગ પાસાં પ્રકૃતિપ્રેમ, સંગીત અને ચિત્રકળામાં વિશેષ અભિરુચિ, માનવતાવાદી અભિગમ વગેરેનો પણ વાચકોને પરિચય કરાવ્યો છે.

સમગ્ર ગ્રંથનું કથયિતવ્ય ૧૫ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પ્રારંભમાં ડૉ. ભાભાના ઉદય પૂર્વેની વિશ્વ અને ભારતની વિજ્ઞાન સંબંધી શોધખોળોની પ્રવૃત્તિઓની તથા બ્રિટિશરો દ્વારા સ્થાપિત યુનિવર્સિટીઓની દુર્દશા અને સંશોધનની નહિવત શક્યતાઓ પિછાણીને જમશેદજી તાતા દ્વારા બેંગાલુરુમાં સંશોધન સંસ્થા સ્થાપવાનો નિર્ણય વગેરેની ઝાંખી કરાવવામાં આવી છે. ત્યાર બાદ હોમી ભાભાના કુટુંબનો પરિચય, તાતા પરિવાર સાથે સામાજિક સંબંધો, જન્મ-લાલનપાલન અને મુંબઈમાં શિક્ષણ વગેરે સંક્ષેપમાં વર્ણવીને હોમી ભાભાનું ઉચ્ચશિક્ષણ માટે ઇંગ્લૅંડ પ્રયાણ કરવું, ઈ.સ. ૧૯૩૪માં પીએચ.ડી.ની ડિગ્રી મેળવવી અને સંશોધન પ્રવૃત્તિઓ, ઈ.સ. ૧૯૩૯માં રજાઓ ગાળવા ભારત આવવું અને ડૉ. રામનની સમજાવટથી I.I.Sc, બેંગાલુરુમાં રીડર તરીકે જોડાવું અને રાષ્ટ્રભક્તિથી પ્રેરાઈને સંશોધન પ્રવૃત્તિઓ હાથ ધરવી, T.I.F.R., A.E.E., અપ્સરા રિએક્ટર વગેરેની સ્થાપના અને તેની પ્રવૃત્તિઓ તથા ભારતની ભૌતિકવિજ્ઞાન ક્ષેત્રની ઉપલબ્ધિઓની ગૌરવગાથા વર્ણવવામાં આવી છે. આ ઉપરાંત ભાભા અને પરમાણુ-ઊર્જા તથા 'પરમાણુ-ઊર્જા પંચ' પ્રકરણોમાં ડૉ. ભાભાની આર્ષદષ્ટિ અને પ્રતિભા દર્શાવતી તથ્યપરક વિગતોની સાથે લેખકે ડૉ. ભાભાના બહુમૂલ્ય પ્રદાનની મૂલવણી કરતાં નોંધ્યું છે કે ''ભાભા દૂરનું ભાળતા હતા અને સમયથી આગળ ચાલતા હતા... 'ભારતના રૂથરફૉર્ડ' હતા... વિજ્ઞાની ઉપરાંત સમાજસુધારક અને મુત્સદ્દી હતા... ભાભા એટલે સંપૂર્ણતા અને સૌંદર્યનો સમન્વય.'' અહીં ડૉ. ભાભાની ઝળહળતી સિદ્ધિઓ જેમકે કોસ્મિક કિરણો, ઇલેક્ટ્રોન-પોઝિટ્રોન પ્રકીર્ણક પ્રક્રિયા, કોસ્મિક કિરણોના વર્ષણ માટે

ભાભા-હિટલર સિદ્ધાંત, પ્રશિષ્ટ કણના સાપેક્ષિકીય સિદ્ધાંત વગેરેની સાથે તેમની કેટલીક મર્યાદાઓ ઉદા. તરીકે પુનઃસામાન્યીકરણ સિદ્ધાંત, કણ-ભૌતિકવિજ્ઞાનમાં જૂથ સિદ્ધાંત, યુનિવર્સિટીઓના અભ્યાસક્રમો અદ્યતન બનાવવામાં કે તેમની સાથે ભાગીદારી કરવા વગેરે ક્ષેત્રે ડૉ. ભાભા દ્વારા નોંધપાત્ર પ્રદાન ન કરી શકવાને રેખાંકિત કરી આપેલ છે, જેમાં લેખકની ચરિત્રનાયકના યથાર્થ મૂલ્યાંકનની અને તટસ્થવૃત્તિનાં દર્શન થાય છે.

'યાદગાર પ્રસંગો' અંતર્ગત ડૉ. ભાભાનાં અંતરંગ વ્યક્તિત્વ, પ્રતિભા, દૂરંદેશી, નિર્ણાયક શક્તિ વગેરેને ઉજાગર કરતી ૧૩ ઘટનાઓ સંક્ષેપમાં વર્ણવામાં આવી છે. ઉદા. તરીકે પોતાના સંશોધન લેખો સ્વદેશી જર્નલ્સમાં જ ચીવટપૂર્વક છપાવવાં, રામન, બ્લેકેટ વગેરે વૈજ્ઞાનિકોનાં રેખાચિત્રો દોરવાં, ડૉ. ભાભાની અનુપસ્થિતિમાં મળેલ ટ્રોમ્બે કાઉન્સિલ દ્વારા બાર્કના એક વિજ્ઞાનીએ UN આયોજિત અધિવેશનમાં શોધપત્ર રજૂ કરવાની મંજૂરી ન આપવાના ઠરાવને કાઉન્સિલના અવૈજ્ઞાનિક વલણ પ્રત્યે નારાજગી વ્યક્ત કરવી અને લેખ રજૂ કરવા જવાની તાત્કાલિક પરવાનગી આપવી, નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી અને ભાભા વચ્ચેના ભારે ઉષ્માપૂર્ણ સંબંધો, ટ્રોમ્બેના એક કર્મચારીને સારવાર માટે અમેરિકા મોકલવો વગેરે. એક નોંધપાત્ર બાબત એ કે ચરિત્રનાયક આજીવન અપરણિત રહ્યા હતા તેનું પરોક્ષ રીતે રહસ્યોદ્‌ઘાટન પ્રાયઃ ગ્રંથાન્તે 'યાદગાર પ્રસંગો' અંતર્ગત અગિયારમા પ્રસંગમાં કર્યું છે. અને તે પણ કોઈ પત્રકારના પ્રશ્નના ઉત્તર સ્વરૂપે ચરિત્રનાયકના શબ્દોમાં ''હું સર્જનાત્મક બાબતો (creativity) સાથે સ્નેહના તાંતણે બંધાયો છું.''

અહીં ડૉ. ભાભાની સાથે દેશ-વિદેશના તેમના સમકાલીન વૈજ્ઞાનિકો જેમકે ડૉ. રામન, વિક્રમ સારાભાઈ, મેઘનાદ સહા, બ્લેકેટ, આઈન્સ્ટાઈન, રુથરફોર્ડ, નીલ્સ બોહ્‌ર, સી.એફ. પોવેલ વગેરે સાથેના વિચારવિમર્શને પણ પ્રસંગોપાત્ત ઉદ્ધૃત કરવામાં આવ્યો છે, તેમજ લેખકે તેમના પ્રદાનની તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં નોંધ પણ લીધી છે. ઉદા. તરીકે '૧૯૫૦માં આઈન્સ્ટાઈને શક્તિ અને દ્રવ્યમાન વચ્ચે સૈદ્ધાંતિક સંબંધ મેળવ્યો, જેનો પુરાવો ભાભાના સિદ્ધાંત (cascade theory)માંથી મળ્યો. આ શોધથી ભાભાને વૈશ્વિક મોભો મળ્યો.' ડૉ. રામન વિજ્ઞાનના ભાવિની ભીતરમાં કેટલી હદ સુધી પહોંચ્યા હતા તેનું ઉદાહરણ એ કે રામને IIScમાં વિક્રમભાઈને કહ્યું કે 'તમે મારી સલાહ મુજબ આ ક્ષેત્રે (કોસ્મિક કિરણોના) વધુ ઊંડા ઊતરશો તો તમને તે નોબલ પુરસ્કાર ભણી દોરી જશે.' સમષ્ટિના હિતાર્થે વિક્રમભાઈ આ સલાહ સ્વીકારી શક્યા ન હતા. પરંતુ બ્રિસ્ટોલ યુનિવર્સિટીના પ્રો. પોવેલે આ વિષય હેઠળ સ્વતંત્રપણે કામ કરતાં તેમને નોબેલ એવોર્ડ એનાયત થયો હતો.

પ્રકરણ-૧૪માં 'ભારતનો અમેરિકા સાથેનો પરમાણુ ઊર્જા કરાર ૨૦૦૮'નો સારાંશ રજૂ કરીને આ કરાર ભારત માટે કેટલો વિઘાતક પુરવાર થાય તેમ છે તે અને અમેરિકાએ કઈ રીતે ભારતનાં કાંડાં કાપી લીધાં છે તેની સાધાર વિગતો દર્શાવવામાં લેખકનાં અભ્યાસનિષ્ઠા, દૂરંદેશી અને દેશદાઝ ધરાવતા એક જાગરૂક નાગરિકનાં દર્શન થાય છે. ભારતમાં ઊર્જા ઉત્પાદન માટે પ્રાકૃતિક સ્રોતોની વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધિ હોવા છતાં રાષ્ટ્રહિતની અવગણના કરીને આવા કરારો કેમ ? આ સંબંધી લેખકનું સુચિંતનીય નિર્ભીક ભવિષ્યકથન - ''અમેરિકાના ભારત ખાતેના રાજદૂત ડેવિડ મુલ્ફોર્ડ અને સેક્રેટરી ઓફ સ્ટેટ રાઈસ કોન્ડોલીસાનાં નિવેદનો સ્વયંસ્પષ્ટ છે... આટલી હકીકત આપણા કરારકર્તા (રાજકારણી)ઓને નહીં સમજાતી હોય ? કોઈ પણ ગર્ભિત કારણસર તેઓ હકીકતને નજરઅંદાજ કરી રહ્યા છે. બની શકે કે ક્યારેક 'પરમાણુ-કરારો' બોફોર્સ સ્વરૂપે બહાર આવે તો નવાઈ નહીં'' ધ્યાનાર્હ બની રહે છે. ડૉ. ભાભા પરમાણુ ઊર્જાના શાંતિમય અને કલ્યાણકારી ઉપયોગના પુરસ્કર્તા હતા અને સાથે સાથે રાષ્ટ્રહિતચિંતક હતા અને તેમની ઉમદા રાષ્ટ્રભાવના સામે આ કરાર કેટલા અંશે યોગ્ય ગણાવી શકાય ? તે દૃષ્ટિએ અને ભારતમાં પરમાણુ પ્રવૃત્તિની આછી ઝલક જાણવા માટે પણ ડૉ. ભાભાના ચરિત્રગ્રંથ સાથે આ કરારની વિગતો યથાયોગ્ય અને પ્રસ્તુત બની રહે છે.

લલિતગદ્યમાં રચાયેલો આ ગ્રંથ સાહિત્યસર્જકનું ચરિત્ર વાંચતા હોઈએ તેવી સહજમાં પ્રતીતિ કરાવે છે. લેખકની ભાષાભિવ્યક્તિ અને ભાવપ્રવણતાનાં દર્શન સાદ્યંત જોવા મળે છે. પરંતુ 'સ્વર્ગવાસ' પ્રકરણમાં ડૉ.

ભાભાનું 'જીનિવા પરિષદ'માં હાજરી આપવા માટે તા. ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ બાંઈંગ ૭૦૭ 'કાંચનજંગા'માં નીકળવું અને આલ્પ્સની ગિરિમાળામાંથી પસાર થતાં એકાએક તેનું ધડાકાભેર તૂટી પડવાની ઘટનાનું વર્ણન કઠોર હૃદયના વ્યક્તિને પણ અશ્રુ સારતો કરી મૂકે તેટલું ભાવવાહી છે. અહીં પ્રસ્ફુટિત ગદ્યની છટાનાં દર્શન કરવા માટે આ સંબંધી થોડોક અંશ દષ્ષ્વ્ય છે : ''આખાએ વિમાનના ભુક્કા થઈ ગયા અને ૧૧૬ માનવદેહો સાથે વિમાન બળીને ભસ્મીભૂત થઈ ગયું. અકસ્માતનું સ્થળ દુર્ગમ હતું. વાતાવરણ અભેદ્ય જેવું લાગતું હતું. આથી બચાવકાર્ય અસંભવિત હતું. આંખના પલકારામાં બધું જ સ્વાહા થઈ ગયું... પરમાણુ - ઊર્જાના શાંતિમય હેતુઓ અને ઉપયોગનો રાહ ચીંધ્યો હતો તે ભાભા આજે ચિરવિદાય સાથે સ્વ. ભાભા બની ગયા. પ્રકૃતિની અતિ સુંદર ભૂમિ (આલ્પ્સની ગિરિમાળાઓ) આજે સ્મશાન બની ગઈ. શાંતિ, શાંતિ અને સર્વત્ર શાંતિ. ત્યાં કોલાહલ નહીં તો કોઈ હૈયાફાટ રુદન નહીં. ભીષ્મપિતા જેમ બાણશય્યા ઉપર સૂતાં આખરી શ્વાસ લઈને ઈશ્વર સાથે એકરૂપ થયા હતા તેમ ભાભા સહિત બધા જ દેહોએ હિમશય્યા ઉપર આખરી શ્વાસ લીધો. સૌના દેહ ઉપર બરફનું શ્વેત કફન ઓઢાડવામાં આવ્યું હોય તે રીતે દગ્ધ દેહોને આચ્છાદિત કર્યા. આ સામૂહિક અંતિમ સંસ્કારવિધિમાં ન હતા કોઈ સગાં-સંબંધીઓ, મિત્રો કે શુભેચ્છકો, પણ પ્રકૃતિએ જળબિંદુઓ રૂપે આંસુનો ધોધ વહાવ્યો. સૌના છેલ્લા શ્વાસ સાથે વહેતાં ઝરણાં સ્થગિત થયાં, થીજી ગયાં. મૌન સાર્વત્રિક બન્યું.''

અહીં કેટલીક શ્રદ્ધાંજલિઓ પણ નોંધવામાં આવી છે, જેમાં નોબેલ પારિતોષિક વિજેતા સર બેકેટે બી.બી.સી. રેડિયો ઉપરથી આપેલ શ્રદ્ધાંજલિ ડૉ. ભાભાની પ્રતિભાનાં દર્શન કરાવે છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૯માં ડૉ. ભાભાની જન્મશતાબ્દીની ઉજવણી ટાણે ડૉ. ભાભાના પ્રદાનને મૂલવતું વિપુલ સાહિત્ય પ્રકાશિત થવું, જેમાં ડૉ. એમ. જી. કે. મેનન, શ્રીકેન્ટન, દેવેન્દ્રલાલ, ઉદ્‌ગાંવકર, ઑબેદ સિદ્દિકી, જી. વેંકરમણ વગેરે જેવા ખ્યાત વૈજ્ઞાનિકોના લેખો 'Physics News', 'Current Science' અને 'Resonance'માં પ્રગટ થવા સંબંધી ઉલ્લેખ પાછળ લેખકની અધ્યાયપકીય દષ્ટિને શ્રેય જાય છે.

અંતિમ પ્રકરણ 'મહત્ત્વની સાલવહી' અંતર્ગત ડૉ. ભાભાના જન્મથી અવસાનપર્યંતની નોંધપાત્ર વિગતો, માન-સન્માન, ભારતમાં વિજ્ઞાનક્ષેત્રે ડૉ. ભાભાની સેવાઓ અને વિશ્વના દેશો પૈકી કેટલાક દેશો સાથે 'પરમાણુ-ઊર્જાના શાંતિમય ઉપયોગો માટે સહકાર' હેઠળ આપવામાં આવેલ કાળક્રમાનુસાર સૂચિ અનેકવિધ દષ્ટિએ મહત્ત્વપૂર્ણ બની રહે છે.

સમગ્રતયા કથ્ય અને કથનકલાની દષ્ટિએ નીરખતાં પ્રસ્તુત ચરિત્રગ્રંથ પોતાની આગવી મુદ્રા ઉપસાવે છે. આ ઉપરાંત ડૉ. ભાભાની સંશોધન પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓ સંબંધી ૨૦ રંગીન અને ૨૫ સાદા ફોટોગ્રાફ્સ કે જેમાં ડૉ. ભાભાએ દોરેલાં રેખાચિત્રો તથા પારિવારિક ફોટાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોવાથી ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય દ્વિગુણિત થઈ જાય છે. હરકોઈ પ્રકારના ગ્રંથાલય માટે આવકાર્ય એવો આ સત્ત્વશીલ ગ્રંથ છે. – **મણિભાઈ પ્રજાપતિ**

## રત્નકણિકા

જાણીતા ઉદ્યોગપતિ કિર્લોકરે પોતાના અવસાન પૂર્વે જે સંદેશો આપેલો તે સૌ માટે પ્રેરક છે –

મને ખબર છે કે તમને તો એક ફક્કડ બહાનું મળી જવાનું, પણ જો જો હોં ! મરણ થાય ને હું અહીં આંટો મારવા ન આવ્યો હોઉં, એટલા ખાતર તે દિવસે કામ બંધ ન રાખતા.

અને હા, ગમગીન ચહેરાઓ લઈ લઈને ફરશો નહીં ને લાંબાલચ ભાષણો કરતા નહીં. હું તો એવું એકાદુંય ભાષણ સાંભળવા જેટલું બેસી શકું જ નહીં. એના કરતાં તો તમે મને એકાદ મોટું કોમ્પ્રેસર કે ડિઝલ એન્જિન જ બનાવી આપોને ! અમેરિકા કે ફ્રાન્સમાંથી કોઈ નિકાસ ઓર્ડર જ મેળવી લાવો ને !

તમે ઉત્તમ જ કરો. તમે દરજી હો તો ગામના તમારા લત્તામાં સારામાં સારાં કપડાં સીવનાર તમે હો એવું ઇચ્છું અથવા હોટલના મૅનેજર હો તો એવી અફલાતૂન સર્વિસ આપો કે તમારે ત્યાં ઘરાકોની ભીડ જામ્યા કરે.

તમારે મને અંજલિ આપવી છે ને ? ખુદાને ખાતર મારું કોઈ બાવલું બનાવશો નહીં. બસ, સરસ કામ કરતા રહો, આજે ને હરહંમેશ. એમ કરતાં કરતાં આપણે એક સરસ મજાનો મુલક ઊભો કરી દઈશું.

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આદાન-પ્રદાન

* અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૧૯-૧૨-૧૩ના રોજ NSSના ઉપક્રમે ઓરિસ્સાની ૪૦ સભ્યોની ટીમે ઇન્ટર સ્ટેટ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત રાષ્ટ્રીય એકતા માટે મુલાકાત લીધી હતી. આ અન્વયે જુદા જુદા પ્રદેશોના કાર્યક્રમોના આદાનપ્રદાન હેતુ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી, જેમાં શારીરિક શિક્ષણના પ્રા. ડૉ. રણછોડ રથવીએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

### ઇન્ટર્નશિપ

* જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગાંધીનગર દ્વારા આયોજિત પી.ટી.સી. કૉલેજના તા. ૯ થી ૧૯-૧૨-૧૩ સુધી ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં શરદબેન શાંતિભાઈ પટેલ પી.ટી.સી. કૉલેજ, ગાંધીનગરની અંગ્રેજી માધ્યમની પ્રથમ વર્ષની ૨૫ અને દ્વિતીય વર્ષની ૩૧ અને ગુજરાતી માધ્યમ પી.ટી.સી. કૉલેજની ૭ તાલીમાર્થીઓ દ્વારા સેક્ટર-૨૮ ગાંધીનગર, કલોલ શહેરની નવરંગ સ્કૂલ, હોલી ચાઇલ્ડ, લોટસ અને કેરેવાન અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓને આવરી લેવામાં આવી હતી. આ શાળાઓમાં તાલીમાર્થીઓએ બાળકોના પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત થાય એવા પ્રયત્નો કર્યા હતા. રોજિંદા શિક્ષણકાર્યમાં વિવિધ ટી.એલ.એમ.નો ઉપયોગ કરી શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રાર્થના કાર્યક્રમમાં વિવિધ પ્રાર્થનાઓ, સુવિચાર, બાળગીત, નાટક, જાણવા જેવું, ભજન, લોકગીત અને ઘડિયા ગાન કરાવ્યાં હતાં. બાળકોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે કેટલીક રમત-ગમતોનું આયોજન કર્યું હતું. જ્યારે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં સુલેખન, ચિત્ર સ્પર્ધા, એકપાત્રિય અભિનય, બાળગીત સ્પર્ધા, વર્ગ સુશોભન, શાળા સ્વચ્છતા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

* ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ, કડીમાં તા. ૯થી ૧૯-૧૨-૨૦૧૩ સુધી ઇન્ટર્નશિપ કાર્યક્રમ યોજાઈ ગયા, જેમાં તાલીમાર્થીઓની એક ટીમ સુજાતપુરા અનુપમ પ્રાથમિક શાળા અને બીજી ટીમ દાદાગ્રામ આશ્રમ શાળા, સાણંદમાં ગઈ હતી. આ ઇન્ટર્નશિપમાં શિક્ષણ સાથે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા, જેવા કે એઇડ્સ સપ્તાહની ઉજવણી, વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, રમતોત્સવ, પ્રવેશોત્સવ, ક્ષેત્રીય કાર્યો, બાળમેળો, સફાઈ કાર્યક્રમ, સ્વાસ્થ્ય શિક્ષણ, લોકભાગીદારીનાં કાર્યો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શાળાનાં બાળકોને પ્રેરણા પૂરી પાડી હતી.

### ઓપન લાઇબ્રેરી ડે

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ક્રિએટીવ ઝોન અને ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સંસ્થાની તમામ કૉલેજો અને સ્કૂલો માટે તા. ૩-૧-૨૦૧૪ના રોજ Open Library Dayનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના હસ્તે પુસ્તક પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય ગ્રંથાલય નિયામક શ્રીમતી વર્ષાબહેન મહેતા, સર્વ વિદ્યાલયના પ્રકાશન અધિકારી શ્રી મણિભાઈ પ્રજાપતિ અને તમામ સંસ્થાઓના આચાર્યશ્રીઓ તથા ગ્રંથપાલોએ

હાજરી આપી હતી. વિદ્યાર્થિનીઓની વાચન પ્રત્યે રુચિ કેળવાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય એવા ઉમદા હેતુથી આ પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનીના કારણે વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર પુસ્તકો વાંચવા પ્રેરાઈ હતી. આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં કૉલેજનાં આચાર્યા શ્રીમતી ડૉ. અમૃતા પટેલ, ગ્રંથપાલિકા મયુરીબહેન પટેલ તથા સર્વે સ્ટાફ સભ્યોનો સક્રિય ફાળો રહ્યો હતો.

* અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૩-૧-૧૪ના રોજ ઓપન લાયબ્રેરી ડે ઉજવવામાં આવ્યો હતો, જેમાં કૉલેજ લાઇબ્રેરીનાં ૧૮૫૦ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેની કૉલેજના આશરે ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. ગ્રંથપાલિકા શ્રીમતી શ્રદ્ધાબહેન પટેલે ૧૫ વિદ્યાર્થીઓની ટીમના સહકારથી આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

## કપડાં વિતરણ

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV), ગાંધીનગરના તાલીમાર્થીઓ દ્વારા તા. ૧૩-૧-૧૪ના રોજ સેક્ટર-૨૩ અને ૨૮ની ઝૂંપડપટ્ટીમાં રહેતાં નાગરિકો માટે વિવિધ પ્રકારનાં ગરમ અને સાદાં કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન પ્રા. ભરતભાઈ પટેલ અને પ્રા. નરેન્દ્રભાઈ નાયી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની પ્રેરણા ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ પૂરી પાડી હતી.

## કેમ્પસ ઇન્ટરવ્યૂ

* સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરમાં એપોલો હૉસ્પિટલ તરફથી કેમ્પસ ઇન્ટરવ્યૂ યોજાયો હતો, જેમાં છેલ્લા વર્ષની જી. એન. એમ.ની ૧૭ વિદ્યાર્થિનીઓની એપોલો હૉસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે પસંદગી કરવામાં આવી હતી.

## ગ્રંથપરિચય સ્પર્ધા

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV), ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે તા. ૬-૧-૧૪ના રોજ ગ્રંથપરિચય વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળા / કૉલેજોમાંથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લઈને 'સત્યના પ્રયોગો', 'ભગવદગીતા', 'મનનો માળો', 'જીત તમારી', 'શિક્ષાપત્રી' વગેરે ગ્રંથો ઉપર વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને એસ. એ. પટેલ બી.એડ્. કૉલેજના મહેતા નિકુંજ, દ્વિતીય સ્થાને શેઠ સી. એમ. હાઈસ્કૂલના હિરેન વાઘેલા તેમજ બી.બી.એ. કૉલેજના સોલંકી કિરીટભાઈએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે હાજર રહીને સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ આભારવિધિ કરી હતી.

## ચિંતન શિબિર

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV), ગાંધીનગરમાં તા. ૩-૧-૧૪ના રોજ પ્રો. વીણાબેન પટેલના અધ્યક્ષપદે શિક્ષણના નવા અભિગમોથી સુપરિચિત થવાય તે હેતુથી વિવિધ શાળાઓના ટ્રસ્ટીશ્રીઓ અને આચાર્યોની સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રો. વીણાબેન પટેલે પોતાના ઉદ્‌બોધનમાં સ્કૂલ ડેવલપમેન્ટ માટે મેનેજમેન્ટ, આચાર્ય, શિક્ષક, વાલી અને વિદ્યાર્થી બધાં પરિબળો મજબૂત હોય તો શિક્ષણનો ગ્રાફ ઊંચો લાવી શકાય અને ડૉ. રાજેશ શર્માએ ઉત્તમ શાળાની ઓળખ કોને આપી શકાય તે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ઉપસ્થિત આચાર્યશ્રીઓ અને ટ્રસ્ટીશ્રીઓએ આ ચર્ચામાં ભાગ લઈ પોતાનાં બહુમૂલાં ચિંતનો રજૂ કર્યાં હતાં.

## ડેઝ ઉજવણી

* ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં તા. ૩ થી તા. ૯ જાન્યુઆરી, સુધી જ્ઞાનલક્ષી, મનોરંજનલક્ષી અને વિકાસલક્ષી 'ડે' ઊજવાયા. જે પૈકી 'સાડી તથા ટ્રેડિશનલ ડે' અને 'પર્યાવરણ ડે' આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. આ ઉપરાંત 'ફનફેર'માં વિદ્યાર્થિનીઓએ સરસ વાનગીઓ બનાવીને અને ફાયનાન્સિયલ પ્લાનિંગ સાથે ઊજવ્યો હતો. સમાપનમાં 'સ્પોર્ટ્સ ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. ડોનેશન ડેમાં વિદ્યાર્થિનીઓએ દાનની ભાવના કેળવી જરૂરિયાતમંદો માટે સારા પ્રમાણમાં રકમ એકઠી કરી હતી. આ ઉજવણીમાં આચાર્યા ડૉ. અમૃતા પટેલ, ડે ઇન્ચાર્જ ડૉ. હિના

મહેતા, પ્રો. જ્યોતિબહેન પંચાલ તથા સમગ્ર કર્મચારી પરિવારનો હાર્દિક સહકાર સાંપડ્યો હતો.

* અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં ડે સેલિબ્રેશન રાખવામાં આવ્યું હતું. જેમાં 'કોમર્સ એક્સપોઝર ડે', 'નેશનલ ઇન્ટિગ્રેશન ડે', 'એન્વાયરમેન્ટ ડે', અને 'ફેસ્ટિવલ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. 'કોમર્સ એક્સપોઝર ડે'માં બૅંક, શોપીંગ મોલ અને કન્ઝ્યુમર ફોરમ, 'નેશનલ ઇન્ટિગ્રેશન ડે' દરમિયાન વિવિધતામાં એકતા, સર્વ ધર્મ સમભાવ, અતુલ્ય ભારતની થીમ દ્વારા ભારતની સંસ્કૃતિ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશો, 'એન્વારનમેન્ટ ડે'માં પ્રદૂષણ દૂર કરવા માટેના ઉપાયો અને તે અંગે જાગૃતિ લાવવા માટેના પ્રયાસો અને 'ફેસ્ટીવલ ડે' દરમિયાન જુદા જુદા તહેવારોનું મહત્ત્વ સમજાવી ઉજવણી કરાવવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રો. દીપલ કોઠિયાએ કર્યું હતું.

## થાઈલેન્ડના પ્રતિનિધિઓની મુલાકાત

* તા. ૩૧-૧૨-૧૩ના રોજ ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV), ગાંધીનગરનાં ડીન ડૉ. વીણાબેન પટેલની ઉપસ્થિતિમાં થાઇલેન્ડના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી. જેમાં ડૉ. નરાંગ, ડૉ. કુસુમાંગ તેમજ વલ્લભવિદ્યાનગરના એજ્યુકેશન વિભાગના ડૉ. વિનુભાઈ મોગરિયા ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠકના આરંભે પ્રો. ડૉ. સંજય ગુપ્તાએ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી આપી હતી. આ મુલાકાત દરમિયાન શૈક્ષણિક પ્રણાલીના આદાનપ્રદાન અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

## નર્સિંગ સેવાઓ : પ્રદર્શન

* સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગર દ્વારા તા. ૨૭-૨૮-૨૯ જાન્યુઆરી, ૨૦૧૪ના દિવસોમાં માનવસર્જિત તથા કુદરતી આફતો અને તેનો બચાવ, વૃદ્ધોની સમસ્યાઓ અને તેનું નિવારણ, ભૂકંપ, વાવાઝોડું, પૂર વગેરે આફતોમાં નર્સનું યોગદાન તથા તેઓ પ્રાથમિક સારવાર કેવી રીતે આપે છે ? વગેરે અંગે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનની મુલાકાત ગાંધીનગર અને અમદાવાદની નર્સિંગ કૉલેજોએ લીધી હતી.

## નાતાલ પર્વ

* ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ, કડીમાં નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત તાલીમાર્થીઓએ નાતાલ પર્વને અનુરૂપ પ્રાર્થના, ગીતો તેમજ નાતાલ પર્વનું મહત્ત્વ, ભગવાન ઈસુએ આપેલા જીવનમંત્રો વગેરેની રજૂઆત કરી હતી. સાથે સાથે વર્ગ સુશોભન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાઈઓએ શાન્તાક્લોઝ બનીને તેમજ વિવિધ વેશભૂષા સાથે કાર્યક્રમ રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે પ્રિ. ડૉ. બાબુલાલ આર. પટેલે પ્રાસંગિક પ્રવચનમાં તાલીમાર્થીઓને આશીર્વચનો પાઠવ્યાં હતાં.

## પરિસંવાદ

* અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા 'FDIindia' વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજિત ૨૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિષય નિષ્ણાત તરીકે ડૉ. માલા શર્મા (વિભાગીય વડા, અર્થશાસ્ત્ર વિભાગ, SMPIC, અમદાવાદ) હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું આયોજન પ્રો. ભટ્ટે કર્યું હતું.

* સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરના પ્રો. રાજેશ રાવલ તથા પ્રો. નીતિન દેવડિયાએ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ, નવી દિલ્હી દ્વારા 'મલ્ટી ડિસિપ્લિમિનરી હેલ્થ કેર ૨૦૧૪' વિષય પર તા. ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૧૪ના દિવસોમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ભાગ લીધો.

## પીએચ.ડી.

* કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

1. Patel Narendrabhai Keshavlal : ``Jane Austen's Novels and Their Film Adaptation : A Comparative Study'' / Subject : English / Guide : Dr. Jagdish S. Joshi.

2. Shalin Jitendra Lakhabhai : ``Preparation and Field Trial of A Web Based Distance Learning Course for Learners of English at the Tertiary Level'' / Subject : English / Guide : Dr. Rajendrasinh Jadeja.
3. Patel Niravkumar Bhogilal : ``Process Validation in Pharmaceuticals Industries'' / Subject : Chemistry / Guide : Dr. Hemant T. Desai.
4. Chorawala Mehulkumar Ramanlal : ``Evaluation of the Effect of Cell Wall Contents of Probiotic Organisms in Lipopolysaccharide and Hight Fat Diet Induced Model for Type II Diabetes'' / Subject : Pharmaceutical Science / Guide : Dr. G. B. Shah.
5. Panchal Lata Ambalal : ``Characterization and Evaluation of Natural Gums with Respect to ITS Utilization as Excipient in Pharmaceutical Formulation'' / Subject : Pharmaceutical Science / Guide : Dr. Maitreyi N. Zaveri.
6. Shah Forum Girirshkumar : ``Role of Hydrogen Sulfide in Efficacy of Garlic in Hyperlipidemia and or Obesity Patients With or Without Coronary Artery Disease'' / Subject : Pharmaceutical Science / Guide : Dr. G. B. Shah.
7. Santnu Kumar Laljibhai Patel : ``Development & Optimazation of Mucoadhesive Microparticulate Carrier Systems for Nasal Drug Delivery'' / Subjcet : Pharmaceutical Science / Guide : Dr. A. K. Shukla.
8. Pahuja Yogesh Omprakash : ``A Study to Determine the Happiness Quotient of Professionals in the Indian Corporate Sector and Establish ITS Relationship With Emotional Quotient and Organizational Role Stress'' / Subject : Management / Guide : Dr. D. M. Pestonjee.
9. Anil Mohan Menghrajani : ``Assess the Extent of Usage of Customer Inputs and Customer Centricity as a Part of Strategy of Companies'' / Subject : Management / Guide : Dr. C. Gopalkrishnan.
10. Dave Ashishkumar Janakray : ``Promotion Mix Practices of Gujarati Satellite Channel Industry : An in-Depth Comparative Analysis Across Gujarat Region'' / Subject : Commerce / Guide : Dr. J. A. Sarvaiya.

* કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ઑફ પબ્લિકેશન્સ શ્રી મણિભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ શ્રી સલીમખાન જે. ચૌહાણ ''ગુજરાતનાં ઇસ્લામવિદ્યા સંસ્થાઓનાં ગ્રંથાલયો : એક અભ્યાસ'' શીર્ષક હેઠળ રજૂ કરેલ શોધપ્રબંધને માન્ય રાખીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.
* પ્રો. ડૉ. એસ. પી. હર્ષા અને ડૉ. એસ. એચ. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ LDRP – ITR, ગાંધીનગરના મિકેનિકલ વિભાગના પ્રો. દિવ્યાંગ હરિવદન પંડ્યાએ ''Dynamic Analysis of High Speed Rolling Element Beasings due to Various Defects'' વિષય પર રજૂ કરેલ શોધપ્રબંધને Indian Institute of Technology, Rurkee (IIT-R) એ માન્ય કરીને તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે.

## ચાહૂ-૨૦૧૩

* વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિ અને

સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહિત કરવાના હેતુથી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૪-૫ જાન્યુઆરીના રોજ યાહૂ ફનફેર અને ઇન્ટર ક્લાસ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમેડી ડાન્સ, ઇનોવેશન, થીમ બેઝ સ્ટોરી, ગ્રૂપ ડાન્સ, ટ્રેડીશનલ ફોક ડાન્સ અને ચોઈસ ઇવેન્ટ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. કાર્યક્રમના એક ભાગ તરીકે ગર્લ્સ બોઇઝ, ટેલેન્ટ હન્ટ અને વન મિનિટ ગેમ શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન આંકડાશાસ્ત્ર વિભાગના પ્રો. ચેતન ઠાકરે કર્યું હતું.

## યુવા સશક્તિકરણ

* અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા અમદાવાદમાં તા. ૧૧-૧-'૧૪ના રોજ આયોજિત સેમિનારમાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના ૧૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડૉ. કમલ ડબ્બાવાલા દ્વારા જીવનમાં ધ્યેયો નક્કી કરવા, અન્ય સાથેની વાતચીતની કળામાં સુધારો લાવવો, આત્મવિશ્વાસ વધારવો વગેરે જેવા વિષયો પર રસપ્રદ ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સાથે પ્રા. બ્રિજેશ પુરોહિત ઉપસ્થિત રહ્યા હતા.

## યુવા સંસ્કાર શિબિર

* તા. ૨૮-૧૨-'૧૩ના રોજ અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર ખાતે 'યુવા સંસ્કાર' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે 'અર્પણ' મેગેઝીનના તંત્રીશ્રી કિરીટભાઈ ઠક્કર અને પ્રા. જયેન્દ્રસિંહ જાદવે વિદ્યાર્થીઓને સાંપ્રત જીવનમાં શ્રી અરવિંદના વિચારોથી કેવી રીતે જીવન સુંદર બનાવી શકાય તે ઉપર રસપ્રદ વક્તવ્ય આપ્યું હતું.

## રમતોત્સવ

* કડી સર્વ વિશ્વવિદ્યાલયનો રમતોત્સવ તા. ૨૮-૧૨-'૧૩ના રોજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઇન્ડિયા, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો, જેમાં એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. કૈલાસબેન પટેલ બરછી ફેંકમાં દ્વિતીય સ્થાને, સવડિયા રૂપા ૪૦૦ મીટરની દોડમાં ત્રીજા ક્રમે તેમજ મહેતા નિકુંજ લાંબીકૂદમાં ત્રીજા ક્રમે વિજેતા થયાં હતાં.

* અમદાવાદ ખાતે યોજાયેલ દક્ષિણ વિભાગ ગુજરાત યુનિવર્સિટીની ખેલકૂદ સ્પર્ધામાં ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિની કુ. ગાયત્રી જી. પટેલ ગોળાફેંક તેમજ ચક્રફેંક સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા થયેલ છે.

## વક્તૃત્વ કળા

* અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ માટે ઇફેક્ટીવ પબ્લિક સ્પીકિંગનું આયોજન તા. ૩૧-૧૨-'૧૩ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઇંગ્લિશ સ્પીકિંગમાં આત્મવિશ્વાસ મેળવ્યો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન અંગ્રેજી વિભાગનાં પ્રા. જીનાલી પટેલે કર્યું હતું.

## વિશ્વ એઇડ્સ દિન

* ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ, કડીમાં વિશ્વ એઇડ્સ દિનની ઉજવણીના ભાગ રૂપે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા રેલી યોજવામાં આવી હતી.

## વ્યાખ્યાન

* તા. ૨૧-૧-'૧૪ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના દ્વારા નિરમા યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી રિતેષ શાહના બજેટ રીવ્યૂ વિષય વિશેના તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૧૫૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. રાધા તિવારી દ્વારા કરવામાં આવ્યું હતું.

## શૈક્ષણિક પ્રવાસ

* અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૦-૧-'૧૪ના રોજ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કબીરવડ, નીલકંઠેશ્વર મહાદેવ અને આજવાની મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રવાસમાં ૧૬૮ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું આયોજન એકાઉન્ટન્સી વિભાગના પ્રો.

ધર્મેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

## સંશોધન પદ્ધતિ

* અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૮-૧-'૧૪ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલય અને ગુજરાત યુનિવર્સિટી અર્થશાસ્ત્ર અધ્યાપક મંડળના  સંયુક્ત ઉપક્રમે 'સંશોધન પદ્ધતિ' વિશે રાજ્ય સ્તરના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદનું ઉદ્ઘાટન કડી સર્વ વિદ્યાવિદ્યાલયના ડિરેક્ટરશ્રી પ્રો. ડી. ટી. કાપડિયા અને જી.એલ.એસ. બી.બી.એ. ના પ્રિ. વાડીભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન ડૉ. પ્રો. જયેન્દ્ર ભટ્ટ અને ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપક મંડળના અધ્યક્ષ ડૉ. નટુભાઈ પટેલે કર્યું હતું. વક્તા તરીકે ડૉ. રોહિત શુક્લ, ડૉ. નિરંજન પંડ્યા, ડૉ. કિશોર ભાનુશાલી, ડૉ. રાજમલ જૈન  અને પ્રો. હસ્તીમલ સાગરા દ્વારા પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. આ પરિસંવાદમાં ગુજરાતની કૉલેજોના અધ્યાપકો અને ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. 'Socio – Economic Review of Gujarat' વિષય પર ૨૦ જેટલાં સંશોધનપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં. જેમાંથી ત્રણ બેસ્ટ રિસર્ચ પેપરને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રો. કૃપા ભટ્ટ, પ્રો. જયેન્દ્ર જાદવ અને પ્રો. સમીર પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સંશોધન માર્ગદર્શન

* અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં Faculty Development Programme અંતર્ગત 'રિસર્ચ ગાઇડન્સ' વિષય અંતર્ગત ડૉ. રાજમલ જૈન અને પ્રિ. ડૉ. જે. જે. ભટ્ટના માર્ગદર્શન નીચે કૉલેજના અધ્યાપકો માટે સંશોધન કાર્ય માર્ગદર્શન અંગેનો પરિસંવાદ તા. ૧૯-૧૨-'૧૩ના રોજ યોજાઈ ગયો. કાર્યક્રમનું આયોજન મેનેજમેન્ટ વિભાગનાં પ્રા. ડૉ. વિજ્ઞાબેન ઓઝાએ કર્યું હતું.

## સ્વચ્છ પરિસર અભિયાન

* સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરમાં 'સ્વચ્છ પરિસર અભિયાન' કાર્યક્રમ ૩૦ જાન્યુઆરીએ 'ગાંધી નિર્વાણ દિન' નિમિત્તે ઉજવવામાં આવ્યો હતો, જેમાં તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થિનીઓ કેમ્પસ સફાઈની કામગીરીમાં ઉત્સાહ ભેર જોડાયાં હતાં. આ કાર્ય દરમિયાન વર્ગખંડો અને છાત્રાનિવાસ સહિત સમગ્ર કેમ્પસને સ્વચ્છ અને રળિયામણું બનાવ્યું હતું.

# શાળા વિભાગ

## આયના ૨૦૧૩

* બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરમાં તા. ૧૬-૧૮ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ 'આયના ૨૦૧૩' કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ૬૧ વિદ્યાર્થિનીઓએ રંગોળી, ક્વિઝ, મહેંદી, સોલો સોન્ગ, ડ્યુટ સોન્ગ, ગ્રૂપ ડાન્સ, શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા, ટેઝર હન્ટ, ફેઇસ પેઇન્ટિંગ અને કોલાજમાં ભાગ લધો હતો, આ પૈકી મહેંદી સ્પર્ધા (પ્રથમ નંબર – સિસોદિયા મીલી ધો. ૧૨/ડી), ફેઇસ પેઇન્ટિંગ (પ્રથમ નંબર – ઝાલા ઊર્મિલા ધો. ૧૧/એ), ટેઝર હન્ટ (પ્રથમ નંબર – પટેલ મયુરી, શર્મા અનામિકા શેખાવત તોરલ, શેખ ઇશરત ધો. ૧૧/ડી ગ્રૂપ) અને શીઘ્ર વક્તૃત્વસ્પર્ધા (બીજો નંબર – વ્યાસ રૂત્વી ધો. ૧૧/એ)માં વિજેતા થયાં હતાં.

## એન.એસ.એસ. શિબિર

* શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાની રાષ્ટ્રીય સેવા યોજના શિબિર તા. ૧૩થી ૨૦-૧૨-૨૦૧૩ સુધી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળા નં. ૧, કોલવડામાં યોજવામાં આવી હતી. આ શિબિરના ઉદ્ઘાટન સમારંભના અધ્યક્ષ તરીકે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ તથા અન્ય મહેમાનશ્રીઓ સર્વશ્રી કોલવડા શાળાના આચાર્ય શ્રી હસમુખભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર શ્રી સોમાભાઈ પટેલ સમારંભના ઉદ્ઘાટક તરીકે સરપંચ શ્રી રમેશભાઈ પટેલ, આચાર્યા

શ્રી સુધાબેન પટેલ, ઉચ્ચતર માધ્યમિક વિભાગના સુપરવાઇઝર શ્રી દિલહરબા, શાળાના શિક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ ''બેટી વધાવો''નું નાટક તેમજ સંઘગાન ''એક ડાળનાં પંખી'' રજૂ કર્યું હતું. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં વિદ્યાર્થિનીઓને આશીર્વચન પાઠવ્યા હતા. આચાર્યા શ્રી સુધાબહેન પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો. શિબિર દરમિયાન રેલી, ગ્રામ સફાઈ, મહિલા સભા, ચિત્ર અને રમતગમત સ્પર્ધા ''બેટી વધાવો'' તથા ''બેટી બચાવો'' C.D.નું નિદર્શન વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ''બેટી વધાવો'' વિષય પર વક્તવ્યોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૦-૧૨-૧૩ના રોજ આયોજિત સમાપન સમારંભના પ્રમુખ તરીકે ગામના સરપંચ શ્રી રમેશભાઈ પટેલ અને અતિથિ વિશેષ તરીકે શ્રી રત્નસિંહજી વાઘેલા હાજર રહ્યા હતા. મહેમાનો તરફથી વિદ્યાર્થિનીઓને સ્મૃતિ ભેટ – બેગ આપવામાં આવી. શિબિરિમાં N.S.S. ઓફિસર શ્રીમતી પ્રીતિબેન શુક્લાએ શિબિરનું સુચારું સંચાલન કર્યું હતું. આ શિબિરકાર્યમાં શાળા પરિવારનાં શ્રીમતી અમિતાબેન, શ્રી શર્મિષ્ઠાબેન, શ્રી જ્યોત્સનાબેન, શ્રી આર. જી. પટેલ, શ્રી મયંકભાઈ, શ્રી કમલેશભાઈ અને શ્રી હંસાબેનનો સહકાર સાંપડ્યો હતો.

## ઓપન લાઇબ્રેરી ડે

* શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરમાં તા. ૩-૧-'૧૪ના રોજ પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. પુસ્તકોની સમાજમાં અગત્યતા, પુસ્તકો દ્વારા સર્વાંગીણ વિકાસ અને સમાજ સુધારણામાં પુસ્તકોનું યોગદાન હંમેશાં અગ્રેસર રહ્યું છે, ત્યારે પુસ્તકોને વિદ્યાર્થીઓ તરફ લઈ જવાનો શાળા દ્વારા સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શનીનો વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીગણે લાભ લીધો હતો. પુસ્તક પ્રદર્શનીમાં અનેકવિધ વિષયોનાં પુસ્તકો જેમકે ગુજરાતી સાહિત્ય, જીવનચરિત્ર, વ્યક્તિત્વવિકાસ, વિશ્વ અને ભારતીય ઇતિહાસ, ભૂગોળ, ધાર્મિક, સામાજિક – આર્થિક બાબતો વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં ગ્રંથપાલિકા બહેનશ્રી રમીલાબેન પટેલ તથા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

* તા. ૩-૧-૨૦૧૪ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરમાં ઓપન લાઇબ્રેરી ડે ઊજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે આયોજિત પુસ્તક પ્રદર્શનીમાં જીવનચરિત્રો, નવલકથા – નવલિકાઓ, નાટકો, બાળવાર્તાઓ, આયુર્વેદ, વિજ્ઞાન, ગણિત, શિક્ષણ, હિન્દી, સામાન્ય જ્ઞાન, શબ્દકોશ વગેરે વિષયોનાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગરના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, ગુજરાત રાજ્યના ગ્રંથાલય સેવાઓના નિયામકશ્રી વર્ષાબેન બી. મહેતા, ડૉ. સોમભાઈ પટેલ, શ્રી મણિભાઈ પ્રજાપતિ તમામ શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો તથા શાળાના તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ સફળ બનાવવાનું શ્રેય ગ્રંથપાલશ્રી મુકેશભાઈ ત્રિવેદી ઉપરાંત શ્રીમતી નંદાબેન, શ્રીમતી મંજુલાબેન, શ્રી જશુભાઈ તથા વિદ્યાર્થિનીઓના શિરે જાય છે.

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૩-૧-૨૦૦૪ના રોજ ઓપન લાઇબ્રેરી ડે ઊજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાની ૨૨૦૩ વિદ્યાર્થિનીઓએ પુસ્તક પ્રદર્શનીની મુલાકાત લઈ વિવિધ પુસ્તકો વિશેની માહિતી મેળવી હતી.

## ખેલ મહાકુંભ – ૨૦૧૩

* શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ૪૫૩ વિદ્યાર્થીઓએ ઝોન કક્ષા, જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો, જેમાં નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓએ રોકડ ઇનામ મેળવેલ છે. **ખો–ખો** : શેખ રાહીલ એ. રૂ. ૨૦૦૦, સોલંકી હર્ષ કે. – રૂ. ૨૦૦૦, ભુમિત પટેલ – રૂ. ૨૦૦૦, રાઠોડ સૂર્યરાજ – રૂ. ૨૦૦૦, યુવરાજ ચાવડા – રૂ. ૧૦૦૦, પટેલ ભાવિક – રૂ. ૧૦૦૦, પટેલ અંકિત – રૂ. ૧૦૦૦, અને ઓઝા અક્ષય – રૂ. ૧૦૦૦, **રસ્સાખેંચ** : નિખીલ ભગત – રૂ. ૩૦૦૦, ઘનશ્યામ મકવાણા – રૂ. ૩૦૦૦, સિંધવ કૌશિક – રૂ. ૩૦૦૦,

કરણ મકવાણા – રૂ. ૩૦૦૦, ભાવેશ પરમાર – રૂ. ૩૦૦૦, ચૌધરી ધાર્મિક – રૂ. ૨૦૦૦, જયેશ પટેલ – રૂ. ૨૦૦૦, સંજય પટેલ – રૂ. ૨૦૦૦, અને ચિરાગ ચૌહાણ – રૂ. ૨૦૦૦, **ખેલકૂદ અને એથ્લેટીક્સ** : **ગોળાફેંક** : નિશિત નાઈ (ત્રીજો) – રૂ. ૨૦૦૦ અને **લાંબીકૂદ** (ત્રીજો) – રૂ. ૨૦૦૦, **ચક્રફેંક** : દંતાણી સાગર (ત્રીજો) – રૂ. ૨૦૦૦, વિવેક ચૌધરી ૧૫૦૦ મીટર દોડ બીજો – રૂ. ૩૦૦૦, અને ૪ x ૪૦૦ માં (ત્રીજો) – રૂ. ૨૦૦૦, **કબડ્ડી જિલ્લાકક્ષા (પ્રથમ)** : બારૈયા મંથન – રૂ. ૩૦૦૦, સચિન પટેલ – રૂ. ૩૦૦૦, મિતેશ ચૌધરી – રૂ. ૩૦૦૦ અને કલ્પેશ ચૌધરી – રૂ. ૩૦૦૦, **ટેકર્વાન્ડો** : ચિંતન વ્યાસ (જિલ્લામાં પ્રથમ) – રૂ. ૫૦૦૦ અને રાજ્યકક્ષાએ ભાવનગરમાં (ત્રીજો) – રૂ. ૨૦૦૦, આમ કુલ મળીને રૂ. ૬૫,૦૦૦/- નાં ઇનામો પ્રાપ્ત કર્યાં.

* ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૩-'૧૪માં આયોજિત ખેલ મહાકુંભમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ૫૧૫ વિદ્યાર્થિનીઓને જુદી-જુદી રમતોમાં ભાગ લીધો હતો, જેનાં પરિણામો નીચે મુજબ છે. **તરણ સ્પર્ધા** : કુ. પ્રીતિ રાઠોડ (ધોરણ ૧૧/ડી) ૧૬ વર્ષથી ઉપરની બહેનોના વિભાગમાં ૫૦મી. **બ્રેસ્ટ સ્ટ્રોક**, ૧૦૦ મી. **બ્રેસ્ટ સ્ટ્રોક** તથા ૫૦ મી. **સ્ટ્રોકમાં** પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને રૂ. ૧૫૦૦૦/- રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે. અત્રે નોંધનીય છે કે કુ. પ્રીતિ છેલ્લા ત્રણ વર્ષથી ખેલ મહાકુંભમાં તરણ સ્પર્ધામાં પ્રથમ સ્થાને આવે છે. **ખો-ખો U-૧૬, એબી-૧૬**ના ગ્રૂપમાં શાળાની ટીમ ત્રીજા ક્રમે વિજેતા બનીને રૂ. ૧૧,૦૦૦નું રોકડ ઇનામ તથા આ ટીમની નિરાલી ચૌધરી, મયૂરિકા શ્રીમાળી અને મૃગેશા વાઘેલા રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ છે. AB-૧૬ની ટીમ **વૉલીબોલ** સ્પર્ધામાં બીજા નંબરે વિજેતા બનીને રૂ. ૨૪,૦૦૦નું રોકડ ઇનામ મેળવેલું છે. શાળાના ઉચ્ચતર વિભાગનાં વ્યાયામ શિક્ષિકા શ્રીમતી ઉર્વશીબેન જોષીએ **વૉલીબોલ** રમતમાં ભાગ લઈને રૂ. ૨,૦૦૦નું રોકડ ઇનામ મેળવેલ છે. તેમજ શાળાની વિદ્યાર્થિનીઓ (૧) પટેલ ક્રિષ્ના આર. (ધો. ૧૦/ડી), (૨) પરમાર પ્રિયંકા (ધો. ૧૦/ડી), (૩) વાઘેલા નિકિતા (ધો. ૧૨/એ) અને (૪) જોષી ઉર્વશીબેન આર. (વ્યાયામ શિક્ષિકા) – રાજ્યકક્ષા માટે પસંદગી પામેલ છે. **એથ્લેટીક્સ સ્પર્ધા** પરમાર પ્રિયંકા આર. (ધો. ૧૦/ડી) **લાંબીકૂદ**માં બીજો નંબર તેમજ ૧૦૦મી દોડમાં ત્રીજો નંબર રૂ. ૫૦૦૦/- પટેલ ક્રિષ્ના આર. (ધો. ૧૦/ડી) **ચક્રફેંક**માં બીજો નંબર રૂ. ૩૦૦૦, ચૌહાણ ભુવનેશ્વરી એ. (ધો.૯/ડી)માં **ગોળાફેંક**માં પ્રથમ નંબર રૂ. ૫૦૦૦ અને પટેલ જીમી પી. (ધો. ૯/એ) ૧૦૦ મીટર **દોડ**માં બીજો નંબર ૩૦૦૦ રૂ. **ગોળાફેંક**માં ચૌહાણ ભુવનેશ્વરીની રાજ્યકક્ષાએ પસંદગી થયેલ છે. શાળાના માધ્યમિક વિભાગના વ્યાયામ શિક્ષકશ્રી હાર્દિકભાઈ પટેલ અને ઉચ્ચતરમાધ્યમિક વિભાગનાં વ્યાયામ શિક્ષિકા શ્રીમતી ઉર્વશીબેન જોષીએ ખેલ–મહાકુંભમાં **ટીમ – મેનેજર** તેમજ **પંચ** તરીકેની સેવાઓ, તેમજ જિલ્લા કક્ષાની હેન્ડબોલ રમતમાં કન્વીનર તરીકે સેવાઓ આપી હતી.

* શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડી દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓએ **વૉલીબોલ** સ્પર્ધામાં કુલ રૂ. ૪૮,૦૦૦નું તથા શાળાના વ્યાયામ શિક્ષક શ્રી દિનેશભાઈ પટેલે **બરછી ફેંક**માં રૂ. ૩૦૦૦નું ઇનામ મેળવેલ છે.

## ગાંધી નિર્વાણ દિન

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં 'ગાંધી નિર્વાણ દિન' નિમિત્તે તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ 'સ્વચ્છ પરિસર અભિયાન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્થાના ત્રણે કેમ્પસની શાળા–કૉલેજોના વિદ્યાર્થીઓ, આચાર્યો, શિક્ષકો અને કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ અભિયાનમાં પ્રત્યેક વર્ગખંડની અંદર-બહાર, આજુબાજુ તેમજ રસ્તાઓની સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધો. ૬ થી ૮ની ૧૦૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી.

## ગ્રંથાલય મુલાકાત

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ ૭થી ૮ની વિદ્યાર્થિનીઓએ તા. ૧

અને ૨-૧-૨૦૧૪ના દિવસોમાં વિધાનસભા, પોલીસ સ્ટેશન તથા રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના મુખ્ય ગ્રંથપાલશ્રીએ વિદ્યાર્થિનીઓને પુસ્તકાલયનું મહત્ત્વ, તેના જુદા જુદા વિભાગો અને તેની કામગીરીની સમજ આપી હતી. પોલીસ સ્ટેશનના સિનિયર પી.આઈ. શ્રી ભરતસિંહ ચાવડાએ વિદ્યાર્થિનીઓને મુશ્કેલીના સમયમાં દુશ્મનનો સામનો કેવી રીતે કરવો, પોલીસ કેવી રીતે મદદ કરી શકે, તેમજ પોલીસ સ્ટેશનના જુદા જુદા વિભાગો અને તેની કાર્યપદ્ધતિની માહિતી આપી હતી. ગુજરાત વિધાનસભાના સેકશન ઑફિસર શ્રી પ્રદીપભાઈ મોદીએ વિધાનસભાની સ્થાપના અને તેની કાર્યવાહી અંગેની ઝીણવટભરી માહિતી આપીને વિધાનસભાનો લાઈવ શો બતાવ્યો હતો.

## ચિત્ર સ્પર્ધા

* ભારતીય તટરક્ષક દળ દ્વારા તા. ૧૮-૧-૧૪ના રોજ ચિત્ર સ્પર્ધા તથા ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ૩૩ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામાં કુ. જહ્નવી ભરતભાઈ પટેલ (ધોરણ-૮/ક) તથા ક્વિઝ સ્પર્ધામાં ચૌહાણ જાગૃતિ (ધો. ૫), ભાભોર પિનલ અને ધાર્માત અંકિતા (ધો.૬)ની પંચાલ નિધિ, પટેલ અમી તથા ધો. ૮ની માનસી સોલંકી વિજેતા થયાં હતાં.

## ચેલેન્જ – ૨૦૧૩

* અલોહા દ્વારા યોજાયેલ Challenge–૨૦૧૩ની Mega Eventમાં અંગ્રેજી, ગણિત, ચિત્ર અને નૃત્યમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ૪૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## ટેકવોન્ડો

* એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરિ સ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થિની કાવ્યા એમ. વ્યાસે (ધો.૬/બી) ગાંધીનગર જિલ્લા ટેકવોન્ડો ચેમ્પિયનશિપમાં સબ જુનિયર ગર્લ્સ વિભાગમાં ગોલ્ડમેડલ મેળવ્યો, તેમજ ૮મી જિલ્લા ઇન્ટર સ્કૂલ ટેકવોન્ડો ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ, ૧૯મી અમદાવાદ જિલ્લા ટેકવોન્ડો ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ અને ઓપન વેસ્ટ ઝોન ટેકવોન્ડો કપ-૨૦૧૩માં ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો.

## નાતાલ પર્વ

* શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, કડી દ્વારા તા. ૨૬-૧૨-૨૦૧૩ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી. આ દિવસે સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વર્ગ સુશોભન, શાન્તાક્લોઝની વેશભૂષા તથા પોસ્ટર દ્વારા સ્કૂલને સજાવવામાં આવી હતી.

## નૃત્ય સ્પર્ધા

* નિંબસ એકેડમી, ગાંધીનગર દ્વારા ડ્રોઇંગ ડાન્સિંગ, ઇંગ્લિશ સ્માર્ટ, ઍરિથમેટિક એવોર્ડ વગેરે સ્પર્ધાઓનું આયોજન ચેલેન્જ ૨૦૧૩ મેગા કોમ્પિટિશન અંતર્ગત કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં બાળકોએ નૃત્ય સ્પર્ધામાં તૃતીય નંબર હાંસલ કર્યો હતો.

## પૂ. છગનભા વિજયપદ્મ મહોત્સવ

* તા. ૨૧-૧૨-૨૦૧૩ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના આદ્યસ્થાપક પૂજ્ય છગનભાની સ્મૃતિમાં કેળવણી મંડળ સંચાલિત વિવિધ શાળાઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે બૌદ્ધિક અને શારીરિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર, કડી અને વડનગરની આઠ શાળાઓના ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગરની શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. અને શ્રીમતી એમ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળાની વિદ્યાર્થિનીઓ – પટેલ ક્રિષ્ના આર. (ધો. ૧૦/ડી) અને ચૌહાણ ભુવનેશ્વરી (ધો. ૯/ડી) સમગ્ર રમત સ્પર્ધામાં ઉચ્ચ આંક પ્રાપ્ત કરી વીરબાળા બની હતી, જ્યારે એથ્લેટિક્સ જુનિયર બહેનોના વિભાગોમાં જનરલ ચેમ્પિયનશિપની ટ્રોફી પણ આ શાળાએ મેળવેલ છે. આ ઉપરાંત નિબંધ લેખનમાં ઉચ્ચતર માધ્યમિકની ઝાલા

જાહ્નવી બીજા ક્રમે તેમજ શાહ ઊર્જા ત્રીજા ક્રમે વિજેતા થયેલ છે.

## પૂજ્ય દાસકાકા યુવક મહોત્સવ

* પૂજ્ય દાસકાકા યુવક મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળામાં યોજવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી ઝંખનાબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભમાં આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલ દ્વારા મહેમાનશ્રીનું સ્વાગત અને પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. શ્રીમતી ઝંખનાબેન ત્રિવેદીએ વ્યક્તિત્વ વિકાસ અને આજની પરિસ્થિતિમાં ભણતરની સાથે કેળવણીની જરૂરિયાત વિશે સમજાવ્યું હતું. બૂગીબૂગી કાર્યક્રમ, લોકગીત અને એક મિનિટ વગેરે સ્પર્ધાઓમાં વિદ્યાર્થિનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુવક મહોત્સવ કાર્યક્રમનું સફળ આયોજન ઉ.મા. વિભાગના શ્રી મયંકભાઈ પટેલ, શ્રી નંદાબેન ગઢવી, શ્રી રમેશભાઈ પટેલ, શ્રી નારણભાઈ બારોટ, શ્રી રમણભાઈ પટેલ, શ્રીમતી મમતાબેન પટેલ, શ્રીમતી રશ્મિબેન પટેલ, શ્રી સંજય નાયક, શ્રી પંકજભાઈ પટેલ વગેરે શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## પૂજ્ય દાસકાકા રમતોત્સવ

* શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર ખાતે તા. ૬-૧-૧૪ના રોજ પૂજ્ય દાસકાકા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેઠ સી. એમ. હાઈસ્કૂલના સુપરવાઇઝર અને વ્યાયામ શિક્ષક શ્રી પ્રહ્‌લાદભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યા શ્રીમતી સુધાબેન પી. પટેલે કસરત કરવાથી થતા ફાયદા વિશે તેમજ મહેમાનશ્રી પ્રહ્‌લાદભાઈએ વ્યાયામના મહત્ત્વ વિશે ઉદ્‌બોધન કર્યું હતું. સતત ત્રણ વર્ષથી તરણ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ ચેમ્પિઅન રહેલ વિદ્યાર્થિની રાઠોડ પ્રીતિએ (ધો. ૧૨) રમતમાં ખેલદિલીપૂર્વક ભાગ લેવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જીડિયા કૈલાસ જી. (ધો. ૧૧/ડી) ગોળાફેંક અને મટકા દોડની રમતમાં પ્રથમ નંબરે વિજેતા થતાં વીરબાળા જાહેર કરવામાં આવી હતી.

* એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરિ સ્કૂલ, ગાંધીનગરનો વાર્ષિક રમતોત્સવ તા. ૧૦-૧૧ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન ઊજવાઈ ગયો. આ પ્રસંગે ડૉ. સોમભાઈ પટેલ (કેમ્પસ ડાયરેક્ટર), આચાર્ય શ્રી અર્પિતભાઈ ક્રિશ્ચિયન (એમ. બી. પટેલ સ્કૂલ) અને શ્રી દીનાબેન ડોડિયા (લલિતકલા એકેડમી) એ મહેમાનશ્રીઓ તરીકે હાજરી આપી હતી. પ્રિ. અર્પિતભાઈ ક્રિશ્ચિયને આ પ્રસંગે બાળકોને રમતનું મહત્ત્વ તથા સ્પોર્ટ્સમેન સ્પિરિટ દાખવવા જણાવ્યું હતું. રમતોત્સવનો પ્રારંભ મુખ્ય મહેમાન શ્રી સોમભાઈ પટેલે ઍર ફાયરિંગ દ્વારા કરાવ્યો હતો. પ્રથમ દિવસે પથી ૮ના વિદ્યાર્થીઓ માટે સંગીત ખુરશી, ૧૦૦ મી. દોડ, લીંબુ ચમચી અને સ્લો સાઇકલીંગ અને બીજા દિવસે ધોરણ ૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે બુક બેલેન્સીંગ, લીંબુ ચમચી અને સંગીત ખુરશીની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેટલીક રમતો શિક્ષકો અને શિક્ષિકાઓ વચ્ચે યોજાઈ હતી, જેમાં આચાર્યશ્રી પણ જોડાયા હતા. વ્યાયામ શિક્ષકશ્રી ચંદ્રેશભાઈ અને શ્રી હિરલબેન પટેલે તથા શાળાનાં શિક્ષિકાશ્રી અનિતાબેન વસીટા, શ્રી જયેશ શ્રીમાળી અને શ્રી રાહુલભાઈ ડોડિયાએ રમતોત્સવના આયોજનમાં સક્રિય ભૂમિકા નિભાવી હતી.

* શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં સ્વ. શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલની સ્મૃતિમાં પૂજ્ય દાસકાકા શિયાળુ રમતોત્સવ અને બાલ મહોત્સવનું આયોજન તા. ૨૬ અને ૨૭ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના આચાર્ય શ્રી અર્પિતભાઈ ક્રિશ્ચિયન તથા શેઠ સી. એમ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈ પટેલે ઉપસ્થિત રહી કેમ્પસમાં સ્થાપિત પૂજ્ય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતસ જ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. આ રમતોત્સવમાં દોડ, વિઘ્ન દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, ગોળાફેંક, સંગીત ખુરશી, લોટ પીપર, દેડકા દોડ વગેરે સ્પર્ધાઓ તથા રંગોળી, વક્તૃત્વ ચિત્ર, ગીત, એકપાત્રિય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં લગભગ

૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં પૂ. દાસકાકા સ્મૃતિ રમતોત્સવ અને બાલોત્સવ ઊજવાયો હતો, જેમાં એસ. જી. ઇંગ્લિશ મીડિયમનાં શ્વેતાબેન શર્માએ ઉદ્‌ઘાટકશ્રી તરીકે ઉપસ્થિત રહી બાળાઓને રમતગમતમાં ખેલદિલીનું મહત્ત્વ સમજાવી મશાલ પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. શાળાની બાળાઓએ દોડ, લાંબીકૂદ, દોરડા કૂદ, સ્લો સાઇકલ, સંગીત ખુરશી જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. બાલોત્સવમાં શાળાની બાળાઓએ સુલેખન, ચિત્ર સ્પર્ધા, શીઘ્ર નિબંધ, વેશભૂષા, એકપાત્રિય અભિનય, વેસ્ટમાંથી બેસ્ટ, રંગોળી જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. ધોરણ ૧થી ૫માં વીરબાળા તરીકે ઇનલકુંવરબા સોલંકી (ધોરણ ૨/અ) તથા ધો. ૬થી ૮માં વીરબાળા તરીકે પ્રિન્સી આર. પટેલ (ધો. ૮/ક)ને જાહેર કરવામાં આવ્યાં હતાં.

## પ્રજાસત્તાક દિન

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય અને વિવિધ શાળા – કૉલેજોના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રના ૬૫મા 'પ્રજાસત્તાક દિન'ની ઉજવણી તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ સેક્ટર-૨૩માં સ્થિત કડી કેમ્પસમાં કરવામાં આવી. આ પ્રસંગે યુ.એસ. એ. સ્થિત દાતાશ્રી મફતલાલ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, ડૉ. ભરતભાઈ પટેલ, વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા વિવિધ શાળા-કૉલેજોના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ડૉ. કનુભાઈ પટેલે વિદ્યાર્થીઓને સાચા અર્થમાં નાગરિક બની દેશના વિકાસમાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો, તેમ જ દેશભક્તિ જાગૃત કરવાની અપીલ કરી જીવનમાં અનુશાસન અપનાવી વ્યસનમુક્ત બની દેશની સેવા કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે મંડળ સંચાલિત ૧૫ શાળા – કૉલેજો દ્વારા ભારતની ભાતીગળ સંસ્કૃતિ તથા દેશની એકતા અને અખંડિતતાના થીમ આધારિત કલાત્મક અને નયનરમ્ય ઝાંખીઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં એમ.બી.એ. – (KSV), આર. એન. પટેલ પ્રા. સ્કૂલ – (ગુજરાત), એમ. બી. પટેલ અંગ્રેજી મા. હાઈસ્કૂલ (ગોવા), ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજ – (હિમાચલ), કે. બી. ફાર્મસી કૉલેજ – (જમ્મુ-કાશ્મીર), આર. જી. કન્યા વિદ્યાલય – (કર્ણાટક), બી. સી. એ. કૉલેજ – (કેરાલા), જે. બી. પ્રા. શાળા – (મહારાષ્ટ્ર), સી. એમ. પટેલ નર્સિંગ કૉલેજ – (મણિપુર), બી. બી. એ. કૉલેજ – (ઓરિસ્સા), સી. એમ. પટેલ હાઈસ્કૂલ – (પંજાબ), આર. સી. પટેલ હાઈસ્કૂલ – (રાજસ્થાન), એ. બી. પટેલ કન્યા પ્રા. શાળા – (તામિલનાડુ), એ. એ. પટેલ કોમર્સ કૉલેજ – (ઉત્તર પ્રદેશ) અને એસ. જી. પટેલ અંગ્રેજી માધ્યમ શાળા – (પશ્ચિમ બંગાળ)ની આબેહૂબ ઝાંખીઓ રજૂ કરી હતી. આ બધી પ્રવૃત્તિઓમાં ૪૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન આર. એન. પટેલ પ્રાથમિક શાળા તેમજ એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એમ.બી.એ. દ્વારા કરવામાં આવ્યું હતું.

## બાળ પ્રતિભા શોધ

* તાજેતરમાં માધાપર (ભુજ) ખાતે યોજાયેલ પ્રદેશ કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીના વિદ્યાર્થી ઉપાધ્યાય વિવેક ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે, જ્યારે પટેલ વૃત્તા મુકેશભાઈએ લોકગીતમાં ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. વધુમાં આ શાળા દ્વારા ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે મેથ્સ ક્વિઝ સ્પર્ધાનું આયોજન તથા રન ફોર યુનિટી અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## યોગ શિબિર

* શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળા, ગાંધીનગરની ધો. ૯થી ૧૨ની તમામ વિદ્યાર્થિનીઓ પરીક્ષા દરમિયાન તનાવ મુક્ત બને અને તેમની યાદશક્તિમાં વધારો થાય તે હેતુથી ડૉ. જે. સી. પટેલના અધ્યક્ષ સ્થાને યોગ શિબિર યોજવામાં આવી હતી. ડૉ.

જે. સી. પટેલે તેમના વક્તવ્યમાં જણાવ્યું કે એક જ વર્ગમાં એક જ શિક્ષક શિખવનાર હોવા છતાં કોઈ વિદ્યાર્થી ૯૫% અને કોઈ ૬૦% મેળવે કે કોઈ નાપાસ કેમ થાય છે. કારણ કે વિદ્યાર્થી ૧૦૦% માનસિક હાજરી વર્ગમાં નથી ધરાવતો. માત્ર શારીરિક રીતે જ હાજર હોય છે. આવી સ્થિતિને બદલવા માટે તેઓશ્રીએ મનને કેન્દ્રિત કરવા શું કરવું કે જેથી ઉત્તમ પરિણામ મેળવી શકાય તે અંગેની વિવિધ ટેકૂનિકની જાણકારી પૂરી પાડી હતી. સાથે સાથે જાગ્રત અને અજાગ્રત મનની જાણકારી આપી, યાદશક્તિ વધારવાના પ્રયાસોને વધુ સફળ કેવી રીતે બનાવી શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, તેમજ ધ્યાન અને યોગ દ્વારા મનની એકાગ્રતા કેળવવાનો પદાર્થપાઠ વિદ્યાર્થિનીઓને શીખવીને નકારાત્મક વિચારો દૂર કરી હકારાત્મક વિચારોને જીવનમાં સ્થાન આપવાની સમજ આપી હતી. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે ગીતાના શ્લોક દ્વારા પ્રકૃતિથી પરમાત્માને જોડતો રાહ બતાવ્યો અને આચાર્યા શ્રીમતી સુધાબેને કાર્યક્રમના સમાપનમાં ડૉ. જે. સી. પટેલનો આભાર વ્યક્ત કરી વિદ્યાર્થિનીઓને શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે શીખ આપી હતી.

## રન ફોર યુનિટી

* તા. ૧૫-૧૨-૨૦૧૩ના રોજ ગાંધીનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલની યાદમાં વિધાનસભાથી ઘ-૫ના સર્કલ થઈ ટાઉન હૉલ સુધીના પથ પર એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ૫૦૦ વિદ્યાર્થિની બહેનો તથા વ્યાયામ શિક્ષક અને શિક્ષકોએ ભાગ લીધો હતો.

## રસોઈ શો

* કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ક્રીએટીવ ઝોન અને ગર્લ્સ હોસ્ટેલ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'રસોઈ શો'નું આયોજન તા. ૨૪-૧૨-૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું હતું. વાનગી વિવિધતા અને તેના પોષણ મૂલ્યોના થીમ પર આધારિત આ શો ચાર ગ્રૂપમાં યોજવામાં આવ્યો હતો, જેમાં દેશ-પરદેશની વિવિધ વાનગીઓ પોષણમૂલ્યોના ચાર્ટ્સ સાથે રજૂ કરવામાં આવી હતી. ગ્રૂપ-A પ્રાથમિક વિભાગ : ગુજરાતી – કાઠિયાવાડી વાનગી : હરાભરા હાંડવા, નટ્સ બાસ્કેટ, રીંગણનો ઓળો, બિસ્કીટ બરફી, ચટપટુ શાક, અંજીરની પૂરણપળી, ઇન્સ્ટન્ટ ઢોકળાં, દૂધીની ખીર વગેરે. ગ્રૂપ-B માધ્યમિક અને ઉ. મા. વિભાગ : પંજાબી અને રાજસ્થાની વાનગી : સબજી વીથ લચ્છા પરાઠા, ગાર્કાસર પ્રાઇસ, પનીર પસંદા, વેજિટેબલ પુલાવ, રોબોડીનું શાક વીથ પરાઠા, રબડી જલેબી. ગ્રૂપ-C આર્ટ્સ–કોમર્સ, એજ્યુકેશન, પી.ટી.સી. કૉલેજો : સાઉથ ઇન્ડિયન, મેક્સિકન વાનગીઓ : વેજ ચીઝ કોન અપ્પે, કેસર પાયમસ, કેળાનાક બાબ, સેન્ડવીચ, ઉત્તપમ, ટોમેટો સાલસા, મુંગઢોસા, બ્લેકબીનબેરીટોઝ, રાઇસ વીથ મેક્સીકન સલાડ, મેક્રોની વીથ પાઇનેપલ, ચટપટા મેક્સીકન સ્ટાર્ટર વગેરે અને ગ્રૂપ-D બી.બી.એ., બી.સી.એ., ફાર્મસી, નર્સિંગ કૉલેજો : ઇટાલિયન, ચાયનીઝ, રશિયન વાનગીઓ : ઇટાલિયન કેનાલી, ઓરેંજ સલાડ, ચાયનીઝ સ્ટાર્ટર અને સીઝલર, ઇન્ડોચાયનીઝ ફ્રાઇડ રાઇસ, રશિયન સલાડ, થાઈ રાઇસ વીથ ગ્રીન કરી, કોસેસીયા વગેરે પ્રકારની રસોઈ બનાવવામાં આવી હતી. જેમાં ૧૬ શાળા-કૉલેજોના ૧૦૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડેકોરેશન અને રંગોળીથી સુંદર સજાવટ કરવા ઉપરાંત દરેક પ્રાંતની વિવિધ વેશભૂષા તથા નૃત્યો સાથે સંસ્કૃતિ દર્શન કરાવતું પ્રદર્શન પણ રજૂ કરવામાં આવ્યું હતું. દરેક સંસ્થાના ૫-૭ વિદ્યાર્થીઓના ગ્રૂપે દોઢથી બે કલાકમાં વાનગીને હાઇજેનિક ટચથી તૈયાર કરી તેના પોષક મૂલ્યોના ચાર્ટ પ્રોટીન, ફેટ, કાર્બોદિત મૂલ્યો તથા પ્રાપ્ત કેલરીનું પણ નિરૂપણ કર્યું હતું. વાનગીઓને સુંદર ગાર્નીશીંગ કરી કલાત્મક રીતે રજૂ કરવામાં આવી હતી. હોસ્ટેલનાં કુકિંગ એક્સપર્ટ શ્રી અમિતાબેને વેજ સલાડ કાર્વિંગ કરી આપી આગવું પ્રદાન કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા માટે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, રજિસ્ટ્રાર શ્રી એસ. કે. મંત્રાલા, ડાયરેક્ટરશ્રી ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. રમેશભાઈ, ક્રીએટીવ ઝોનનાં ઇન્ચાર્જ કિરણબેન, ડૉ. વીણાબેન, લલિતકલાનાં દિનાબેન, પારૂલબેન, તમામ સંસ્થાઓના આચાર્યશ્રીઓ શિક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યાં

હતાં. કાર્યક્રમને સફળ બનાવવા ગર્લ્સ હોસ્ટેલનાં સુપરિન્ટેન્ડન્ટ અને પ્રોગ્રામ કન્વીનર શ્રીમતી કૌશલ્યાબેન, વાઇસ સુપરિન્ટેન્ડન્ટ શ્રી વસંતીબેન, ચારેય હોસ્ટેલ્સનાં મુખ્ય ગૃહમાતા શ્રી લતાબેન, શ્રી મધુબેન, શ્રી દામિનીબેન, શ્રી લલિતાબેન વગેરે હોસ્ટેલ્સ પરિવારના સૌ સભ્યશ્રીઓનો હાર્દિક સહકાર સાંપડ્યો હતો.

## વાનગી સ્પર્ધા

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૩-૧૨-૨૦૧૩ના રોજ વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૯થી ૧૨ની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ ઘેરથી જાતે ડિશ બનાવીને શાળામાં લાવી હતી, જેનું શાળાના પરિસંવાદ ખંડમાં પ્રદર્શન યોજાયું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ કેડબરી, બરફી, પંજાબી, સબ્જી, પરોઠા, સીંગાર રોલ, ગાર્ડન સરપ્રાઇઝ નાન, કલચા, ચીંઝબોલ્સ, રાયતુ, લસ્સી જેવી વાનગીઓ તૈયાર કરીને આવી હતી. આ સાથે પોષણ મૂલ્યને પણ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ રેસીપી લખીને પ્રેઝન્ટેશન કર્યું હતું. શાળાનાં શિક્ષકો શ્રી મમતાબેન, શ્રી રશ્મિબેન, શ્રી પ્રીતિબેન અને શ્રી પંકજભાઈએ મૂલ્યાંકન કરી ક્રીએટીવ ઝોન આયોજિત ગાંધીનગર કેમ્પસની ભગિની સંસ્થાઓના સંયુક્ત રસોઈ શો માટે શ્રેષ્ઠ પાંચ વિદ્યાર્થિનીઓની ટીમની પસંદગી કરી હતી. શાળા પરિવારે આ પ્રદર્શનની મુલાકાત લઈ વિદ્યાર્થિનીઓની મહેનતને બિરદાવી હતી.

## શૈક્ષણિક પ્રવાસ

શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડી દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સ અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે મુન્દ્રા પોર્ટની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૬ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકો જોડાયા હતા. આ ઉપરાંત ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે સુરજબા રિસોર્ટ (ધર્મજ)ના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦૦ વિદ્યાર્થીઓ તથા ૧૨ શિક્ષકો જોડાયા હતા.

## સલાડ ડ્રેસિંગ સ્પર્ધા

શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડી દ્વારા ધો. ૫થી ૯ના વિદ્યાર્થીઓ માટે સલાડ ડ્રેસિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ફળો, શાકભાજી તથા સુકામેવાનો ઉપયોગ કરી વિવિધ ડિઝાઈનો બનાવવામાં આવી હતી.

## સી.એ. ફાઉન્ડેશન કોર્સ

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ કોમર્સની વિદ્યાર્થિનીઓ શ્રેષ્ઠ કારકિર્દી ઘડી શકે તે હેતુથી ડૉ. ઠક્કર (નિવૃત્ત પ્રોફેસર એચ. એલ. કોમર્સ કૉલેજ) અને અશ્વિનભાઈ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી જે. જે. ભટ્ટના અધ્યક્ષપણા નીચે અને આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલની ઉપસ્થિતિમાં સી.એ. ફાઉન્ડેશન કોર્સ અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો, જેમાં ૧૭૦ વિદ્યાર્થિનીઓએ હાજરી આપી હતી. પ્રો. ઠક્કરે સી.એ. ફાઉન્ડેશન કોર્સ અંતર્ગત આવતા વિવિધ વિષયો, પાસ થવા માટેનું ધોરણ, શિક્ષણ ખર્ચ વગેરે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું આયોજન શાળાના ઉ.મા. વિભાગના સુપરવાઇઝર શ્રી દિલહરબા ચુડાસમાએ કર્યું અને સમાપન પ્રસંગે શ્રી બાબુભાઈ ચૌહાણે આભારવિધિ કરી હતી.


સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : ૪, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૪, સળંગ અંક ૧૯**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯**

તા. ૨૩-૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ દરમ્યાન કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા ઓયોજિત ''એસોસિએશન ઓફ ઇંડિઅન યુનિવર્સિટીઝ : વેસ્ટ ઝોન વાઈસચાન્સેલર્સ મીટ'' પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ડાબેથી સર્વશ્રી ડૉ. નરેન્દ્ર ભંડારી, ડૉ. કનુભાઈ પટેલ. પ્રો. રાજેન્દ્ર બી. લાલ, ડૉ. જયંતી રવી, પ્રો. ડી. ટી. કાપડિયા અને પ્રો. સેમ્પસન ડેવિડ.







'વેસ્ટ ઝોન વાઈસચાન્સેલર્સ મીટ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા સ્વાગત પ્રવચન કરી રહ્યા છે તેનું એક દૃશ્ય.

'વેસ્ટ ઝોન વાઈસચાન્સેલર્સ મીટ' પ્રસંગે સન્માનનીય અતિથિશ્રી તરીકે ઉપસ્થિત ડૉ. કનુભાઈ ડી. પટેલ (પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર) ઉદ્‌બોધન કરી રહ્યા છે તેનું એક દૃશ્ય.



**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 4, Issue No. 1 January-February, 2014**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




રાષ્ટ્રના ૬૫મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત ધ્વજવંદન સમારોહ પ્રસંગે સી. એમ. નર્સિંગ કૉલેજ, ગાંધીનગર ના દાતાશ્રી મફતલાલ પટેલ (યુ.એસ.એ.) ધ્વજવંદન કરાવી રહ્યા છે તે પ્રસંગનું એક દૃશ્ય.

